
આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૭૯ ● અંક : ૮
સળંગ અંક : ૯૫૫
નવેમ્બર - ૨૦૧૯

## સરસ્વતી વિદ્યાલય-૧૯૪૪માં ચિત્રકારની નજરે...




ચિત્રકાર : રતિલાલ કે. સુથાર (પૂર્વ શિક્ષક, સરસ્વતી વિદ્યાલય)

# ઘરશાળા માસિક - સરસ્વતી વિદ્યામંડળના વડીલોને કોટી કોટી વંદન

## મુ. શ્રી હરભાઈ ત્રિવેદી

**જન્મ દિન : ૧૪ નવેમ્બર ૧૮૯૧**



સરસ્વતી વિદ્યામંડળના આદ્યસ્થાપક, ઘરશાળા માસિકના સ્થાપક તંત્રી મુ. શ્રી હરભાઈના ૧૨૭મા જન્મદિને આપણે સૌ પૂજ્ય હરભાઈને યાદ કરીએ, વંદન કરીએ. નૂતન શિક્ષણ અને બાળકેન્દ્રીય કેળવણી અને ગૃહજીવનની પ્રસન્નતા માટે મુ.શ્રી હરભાઈએ બતાવેલો રાહ લક્ષ્યમાં રાખી આવતા વર્ષોમાં આપણાં સૌના પ્રયત્નો વેગવાન કરીએ.

સરસ્વતી પરિવાર અને 'ઘરશાળા' માસિક પરિવારના કોટી કોટી વંદન



## મુ. શ્રી જશીબેન નાયક

**જન્મ દિન : ૧૮ નવેમ્બર, ૧૯૧૮**

મુ. શ્રી જશીબેન,
ઘરશાળાના માનદ્ તંત્રી,
સરસ્વતી વિદ્યામંડળના પ્રમુખ,
અમારી કલા સંસ્કૃતિ અને સાહિત્યની પ્રવૃત્તિના
પથદર્શક તેમજ અમારાં બાળકોના દાદીમા
તેમના ૧૦૧માં જન્મ દિને
સરસ્વતી પરિવારના વંદન



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૫ નવેમ્બર - ૨૦૧૯

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જશીબહેન નાયક<br>જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| પરામર્શ : | મૃદુલાબહેન ત્રિવેદી<br>અમીતાબહેન પાલખીવાલા<br>અશોકભાઈ સોમપુરા<br>હેતલબહેન શાસ્ત્રી |
| ડિઝાઈન : | મનીષ પટેલ |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

"ઘરશાળા" માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત | | પરદેશ | | | |
|---|---|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૧૫૦ | $ | ૪૦ | £ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ₹ | ૨,૦૦૦ | $ | ૨૦૦ | £ | ૧૦૦ |

## અનુક્રમ

જીવન ઘડતર — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

સ્મરણયાત્રા — જશીબહેન નાયક / ૭

વિશ્વની પ્રથમ સંપૂર્ણ લોકતાંત્રિક શાળા - સમરહિલ — હિરજીભાઈ નાકરાણી / ૧૬

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૨૦

નાગજીભાઈ દેસાઈ : એકલવ્યોના આરાધ્ય — રાજુ કાનાણી / ૨૫

સાધના વિના સિધ્ધિ ન મળે — ડૉ. ઉર્મિલા શાહ / ૨૯

ગાંધી બોલે છે — પાલખીવાલા અમિતા મનુભાઈ / ૩૦

ભારતમાં ઉચ્ચ શિક્ષણના માળખાઓની વિગતો — ગિરીશ પટેલ /૩૬

મોહનથી મહાત્મા — જીતુભાઈ નાયક / ૩૯

સારા પુત્ર કે પુત્રી બનવા માટે શું કરવું જોઈએ ? — ડૉ. કમલેશકુમાર ચોકસી / ૪૦

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧

કાર્યાલય

"ઘરશાળા" શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦

આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# જીવન ઘડતર

ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના
૩૦૨, યશ એક્વા કૉમ્પ્લેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

સચિન નામનો એક વિદ્યાર્થી. વિદ્યાદાનના ઉપક્રમે ચાલતી શૈક્ષણિક પ્રવૃત્તિનો તેને પણ લાભ મળતો.

તેનો એક ભાઈ એટલે હિતેશ. એક વખત ઋતુ ટીચર પોતાના ફ્લેટમાં પોતાનું દ્વિચક્રી વાહન પાર્ક કરતાં હતાં. તે વખતે આ હિતેશ ત્યાં કલરકામ કરતો હતો. તે ઋતુને જોઈ ગયો એટલે દોડતો દોડતો તેમની પાસે આવ્યો.

ઋતુ ડેકીમાંથી સામાન કાઢતાં હતાં. તેમનું ધ્યાન હિતેશ તરફ નહોતું. હિતેશે ખૂબ જ ઉત્સાહથી ઋતુને કહ્યું, 'ટીચર, હું હિતેશ.'

ઋતુ તેમને જોતાં રહ્યાં. યાદ કરવાનો પ્રયાસ કર્યો. ચહેરો જાણીતો હતો. તેમને યાદ આવી ગયું હિતેશનું રંગકામ સાથેનું જોડાણ. ઋતુ ફ્લેશબેકમાં સરકી ગયાં....

★★★

એ વખતે વિદ્યાદાનની પ્રવૃત્તિ વાસણા વિસ્તારની મ્યુનિસિપલ શાળા નંબર ત્રણમાં ચાલતી હતી. વિદ્યાદાનની ટીમ અહીં વિદ્યાથીઓને ભણાવવા જતી. હિતેશ આ શાળામાં ભણતો. ખૂબ તોફાની. જ્યારે વિદ્યાદાનની ટીમ શાળામાં જાય ત્યારે મોટાભાગે હિતેશ શાળાના આચાર્યની કેબિનની બહાર સજાના ભાગરૂપે ઊભો હોય. બધાંએ હિતેશને અહીં અવારનવાર જોયો હતો.

એક વખત વિદ્યાદાને આ શાળામાં ડાન્સ, ડ્રામા, સિંગિંગ અને પેઈન્ટિંગની સ્પર્ધા રાખી. એક સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે 'ઉડ્ડાન' નામનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાવાનો હતો. નવસર્જન બાળઅકાદમીના સ્થાપક ચંદ્રકાન્ત ઠક્કર 'મેહ' (હવે સ્વર્ગસ્થ) તેના નિર્ણાયક હતા.

શાળામાં જાહેરાત થઈ કે જે વિદ્યાર્થીઓએ ભાગ લેવો હોય તેઓ ઋતુ ટીચરને મળે. હિતેશ મળવા આવ્યો. તે પેઈન્ટિંગ સ્પર્ધામાં ભાગ લેવા માગતો હતો. બધા વિદ્યાર્થીઓની જેમ તે પણ નમૂનાનું એક ચિત્ર દોરીને લાવ્યો હતો. હિતેશે તે ચિત્ર ઋતુને બતાવ્યું. ચિત્ર ખૂબ જ નબળું હતું. પીંછીથી કલર પૂરવાને બદલે હિતેશે પોતાના હાથની આંગળીઓથી કલર પૂર્યા હતા. જો કે ઋતુએ તેને નિરાશ કરવાને બદલે પ્રોત્સાહિત કર્યો.

એ જ વખતે વિદ્યાદાન ટીમના સ્થાપક પૈકીના એક આદેય શાહનો નાનો ભાઈ ચિત્રકામનું ટ્યુશન લેતો હતો. તેને ચિત્રકામની એલિમેન્ટરીની પરીક્ષા આપવાની હતી. ઋતુએ આદેયને પૂછ્યું કે કેટલાક વિદ્યાર્થીઓ ચિત્રકામ શીખવા તમારા ભાઈની સાથે આવી શકે ? આદેયે હા પાડી. એ પછી વાસણા મ્યુનિસિપલ શાળા નંબર-૩ના ત્રણ-ચાર વિદ્યાર્થીઓ ચિત્રકામ શીખવા જવા લાગ્યા.

હિતેશ પણ તેમાં એક હતો.

હિતેશને ચિત્રકામ ખૂબ ગમતું હતું. તેણે નક્કી કર્યું હતું કે હું ચિત્રકાર બનીને જ રહીશ. એ રાત-દિવસ મચી પડ્યો. ખૂબ મહેનત કરવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે એલિમેન્ટરીની પરીક્ષામાં તે સારા ગ્રેડ સાથે પાસ થયો.

પછી તો તેણે કલરકામ કરવાનો વ્યવસાય અપનાવી લીધો.

★★★

ફ્લેશબેકમાંથી પાછા આવીને ઋતુએ હિતેશ સામે જોયું.

તેના ચહેરા પર આનંદ, ગૌરવ અને આત્મવિશ્વાસ ડોકાતાં હતાં.

ઋતુ ટીચર વિચારમાં પડી ગયાં કે જ્યારે કોઈ વ્યક્તિને તેની શક્તિઓ વ્યક્ત થઈ શકે તેવું વાતાવરણ આપવામાં આવે છે ત્યારે કેટલો મોટો ફરક પડી જતો હોય છે !

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## સરકાર આધારિત આપણું ક્ષેમકુશળ

ઉપરોક્ત મથાળાની ચર્ચા કરીએ તે પહેલા તાજેતરના સમાચારો, બનાવો, પ્રજાકિય-માનસિકતા ઉપર એક નજર કરીએ...

(૧) ચાલુ વર્ષે ચોમાસાની શરૂઆત મોડી થઈ. જૂન-જુલાઈ મહિનામાં વરસાદના કોઈ એંધાણ હતા નહીં. પાણીની તંગી અને દુષ્કાળનો ભય સમગ્ર પ્રજા માનસ ઉપર હતો. પાછળનું વર્ષ પ્રમાણમાં સારું હતું. ગુજરાતમાં નર્મદાના પાણીએ ખેત-ઉત્પાદનમાં રંગ રાખ્યો હતો. છતાં જુલાઈ મહિનામાં ચારે બાજુથી પોકારો ઉઠવા માંડ્યા. દુષ્કાળ જાહેર કરો, સરકાર મદદ કરે, બિયારણ નિષ્ફળ ગયું છે, ખેડૂતો આપઘાત કરશે, પશુઓ અને પ્રાણીઓ ઘાસચારા વગર ટળવળે છે. સમાચાર પત્રો અને ટીવી ચેનલ ઉપર સૂકી, તિરાડો પડેલી જમીનના ફોટા અને ચિત્રો આવવા લાગ્યા. સરકાર મદદ કરે તેના આવેદન પત્રો કલેક્ટર અને રાજ્યના વડાઓને આપવા માટે કતાર લાગી. રાજકીય પક્ષોને તો દોડવું'તું અને ઢાળ મળી ગયો.

(૨) દશ્ય બીજુ - ઑગસ્ટમાં વરસાદ મન મૂકીને વરસ્યો. ક્યાંક વધુ ક્યાંક પ્રમાણસર. વરસાદે પરિસ્થિતિ બદલી નાખી. વરસાદ સરેરાશ અને સંતોષકારક રહ્યો. પાકને નવજીવન મળ્યું. ખેડૂતમાં આનંદ જોવા મળ્યો. સપ્ટેમ્બરમાં દેશના અમુક ભાગમાં અતિવૃષ્ટિ પણ થઈ. પૂરગ્રસ્ત વિસ્તારમાં લોકો ઘરબાર વિહોણા થયા, અનાજ અને ઘરવખરીને ભારે નુકશાન થયું. જમીનો અને પાક ધોવાઈ ગયા. ફરી સરકારી મદદની માંગણી ઊઠી. પૂર-રાહતની કામગીરીમાં સરકારી તંત્ર જોડાયું. બિહાર-ઉત્તરપ્રદેશળ અને દૂર પૂર્વના રાજ્યો સિવાય અન્ય રાજ્યોમાં પરિસ્થિતિ ગંભીર ન હતી છતાં સરકારી મદદ માટે સાચી-ખોટી માંગણીઓ શરૂ થઈ. કુદરતી આફત હોય અને રાજ્યોમાં ચૂંટણી હોય એટલે રાજકીય પક્ષો સરકારી તિજોરીમાંથી લહાણીની જાહેરાત અને વચનો સાથે મેદાનમાં પડ્યા. કોણ મોટી ખેરાત કરશે તેની હરીફાઈ જામી.

(૩) હવે ગયા મહિનાની વાત કરીએ. ગુજરાતમાં પાક સારો થયો. મગફળીનું ઉત્પાદન સારું થશે તેના અંદાજો બજારમાં આવવા લાગ્યા, ખેત ઉત્પાદનના ભાવ ઘટવા લાગ્યા. પરિણામે ફરી માંગણી શરૂ થઈ. ખેડૂતોને ભાવ નથી મળતા ટેકાના ભાવો સરકાર જાહેર કરે. અને પછી તો ખેત ઉત્પાદન બજાર સમિતિ અને સહકારી મંડળીના કર્તા-હર્તા રંગમાં આવી ગયા. ખરીદીમાં કૌભાંડ, મગફળીને અને ખેત ઉત્પાદનમાં ભેળસેળ, સરકારી અને રાજકીય નેતાઓનો સહિયારો વહીવટ શરૂ થયો.

આ વાત અમને એટલે યાદ આવી કે આ લખનાર વર્ષો પહેલા ગુજરાતના છેવાડાના ગામમાં હતા. ત્યારે ગામમાં કહેવાતું કે સરકાર દુકાળ, અતિવૃષ્ટિ કે અન્ય મદદની જાહેરાત કરે એટલે તલાટીના ઘરે

'લાપસી'ના આંધણ મુકાય.

ખેતી સિવાયના અન્ય ક્ષેત્રમાં પણ આજ પરિસ્થિતિ છે. ઉદ્યોગોવાળા સસ્તી જમીન, સસ્તી વિજળી, કરવેરામાં રાહત, વ્યાજમાં સબસીડી મેળવ્યા પછી ઉદ્યોગ શરૂ કરે. ધંધામાં મંદી (અત્યારે છે) આવે એટલે કરમાં રાહત. બેન્ક હપ્તામાં રાહત, વ્યાજ ભરવામાં રાહતોની માંગણી શરૂ થાય જ. (કોઈ સ્વીકારે નહી કે તેજી-મંદી ધંધાના ભાગ રૂપે છે.)

શિક્ષણમાં તો આપણે પૂરા રાજ્ય આધારિત છીએ. શિક્ષણ ક્યારથી આપવું, કેવું આપવું, અભ્યાસક્રમ કેવો રાખવો, પરીક્ષા ક્યારે લેવી, કેવી લેવી, પ્રશ્નોનું સ્વરૂપ શું હોય, પાસ કરવાનું ધોરણ અને ગુણ કેટલા રાખવા, ફી કેટલી લેવી, શિક્ષકની લાયકાત, પગાર, નિમણૂંક અને નિવૃત્તિ બધુ જ સરકાર નક્કી કરે. બાળકોની ફી સરકાર આપે, ગણવેશ સરકાર આપે, સાયકલ સરકાર આપે, શિષ્યવૃત્તિ સરકાર આપે, બપોરનું ભોજન સરકાર આપે તો પછી આપણે એટલે કે સમાજે કરવાનું શું ?

આઝાદી પછી આપણે સૌ સરકાર આધારિત આશ્રિતો થઈ ગયા છીએ. જીવનની દરેક બાબતોમાં સરકાર તરફ દરીદ્ર ભાવે યાચક બનવાની આપણને ટેવ પડી છે. પ્રજા તરીકેનું ખમીર રહ્યું નથી. આફતો સામે ઝઝુમવાનું અને આફતોને તકમાં પરિવર્તિત કરવાની કોઠા સૂઝ એક પ્રજા તરીકે આપણે ગુમાવી બેઠા છીએ. રાજકીય નેતાઓ, પક્ષો અને સરકારી અધિકારીઓની આપણે રૈયત બની ગયા છીએ. શાસક વર્ગને પ્રજા રૈયત રહે તેમાં જ રસ છે. પરિણામે બધી સરકારો આપણને આશ્વાસન આપે છે. ચિંતા ના કરો તમારું ક્ષેમકુશળ અમારા હાથમાં છે અને આપણે આપણા ક્ષેમકુશળને ગીરવે મૂકી નિંદ્રાધીન બન્યા છીએ.

શિક્ષણ દ્વારા પ્રજાકીય ખમીરને જગાડવા આપણે ઉણા ઉતર્યા છીએ.


## "ઘરશાળાના ગ્રાહકો - વાચકોને વિનંતી"

શાળા, કૉલેજ તથા કુટુંબના બધા સભ્યો- પડોશીઓ 'ઘરશાળા' રસપૂર્વક આનંદથી વાંચે તેમ કરવાની અમારી નેમ છે. આપની પ્રાથમિક/માધ્યમિક શાળામાં 'ઘરશાળા' આવે છે ? આપના અધ્યાપન મંદિરમાં 'ઘરશાળા' આવે છે? આપના જાહેર પુસ્તકાલયમાં 'ઘરશાળા' આવે છે ? આપ સૌ 'ઘરશાળા'ના ગ્રાહક બની તેના પ્રચારક બની રહો. જો આપે હજુ સુધી તેનું લવાજમ ન ભર્યું હોય તો આપ આ અંકથી વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/- મોકલશો તેવી વિનંતી છે.

વાર્ષિક ગ્રાહક તરીકે જેમનું લવાજમ પૂરું થયેલ હોય તેમણે સત્વરે નવાં વર્ષનું વાર્ષિક લવાજમ મોકલી આપવું તેવી વિનંતી છે. 'ઘરશાળા'ના ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે.

**વાર્ષિક લવાજમ રૂપિયા : ૧૫૦/- ● આજીવન રૂપિયા : ૨૦૦૦/-**

**લવાજમ મોકલવાનું સ્થળ :**

**'ઘરશાળા' માસિક**

**સરસ્વતી વિદ્યામંડળ, ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ- ૩૮૦૦૧૮.**

**gharashala@saraswatividyamandal.org**

**www.saraswatividyamandal.org/publication**

જશીબહેન નાયક

મૈત્રી સોસાયટી, આંબાવાડી,
અમદાવાદ-૩૮૦૦૧૫.



## નમસ્કાર

**સહયાત્રીઓને નમસ્કાર : હરભાઈ :** સ્મરણયાત્રા લખવાનું કાર્ય હવે પૂર્ણ થાય છે, ત્યારે આ યાત્રાનાં સહયાત્રીઓને નમસ્કાર કર્યા વિના કેમ રહેવાય ? હ્રદયમાં ઊભા થતા અનેક ભાવોથી સૌને યાદ કરીએ છીએ.

સૌથી પહેલાં શ્રી હરભાઈ ત્રિવેદીને જેમણે સરસપુર લત્તામાં શરૂ થતી આ સંસ્થાને સંપૂર્ણ આથીર્વાદ સાથે અમને ટેકો આપ્યો. એટલું જ નહિ પણ ૧૯૪૪થી ૧૯૪૫ સુધી તો આ સંસ્થામાં વારંવાર આવીને રહ્યા અને તેને પ્રેરણા આપતા રહ્યા. અમારી સાથે જે હતા તેમાંના સૌથી પહેલા શ્રી હરભાઈ હતા અને અમારે માટે તો તેઓ પિતા-પુત્ર અને ગુરું. એમનો ટેકો કાયમ રહ્યો. અમે બંને આદ્ય સ્થાપકોએ વિચાર્યું કે આ સરસ્વતી વિદ્યામંડળના સૌથી પહેલા પ્રમુખ એ જ હોઈ શકે. સરસ્વતી વિદ્યામંડળના સંચાલન મંડળનું સ્વરૂપ અપાયું ત્યારે તેઓને અમે મંડળના પહેલા પ્રમુખ બનાવ્યા. આજે તેમને સાષ્ટાંગ પ્રમાણ કરીએ છીએ.

**યાત્રીઓનું આકર્ષણ : રઘુભાઈ :** રઘુભાઈ આજે ૯૫માં વર્ષમાં પહોંચ્યા છે. હજીયે શિક્ષણ જગતમાં કંઈક નવો પ્રા ણપૂરવાની એમની તમન્ના આજે પણ પૂરી થઈ નથી. આજે પણ શિક્ષણની વાત આવતાં તેમના રૂંવાડા તરત જ ખડા થઈ જાય છે.

૧૯૪૦માં જર્મનીથી આવેલા યુવાનને હરભાઈ સાતે વાતો કરતા મેં જોયા હતા. પીએચ.ડી. થતાં પહેલાં પણ તેઓ મારા પિતાને મળવા આવતાં. ગુરુદેવ ટાગોરના એ શિષ્યે જ્યારે શાંતિનિકેતન છોડ્યું ત્યારે કહ્યું હતું, ‘મારી પાસે ગુરુદક્ષિણા નથી પણ શાંતિનિકેતનના રંગે રંગાયેલો હું શિક્ષણ જગતમાં રહીને જ જીવન વિતાવવા માંગું છું. આપ આશીર્વાદ આપો એવી ઈચ્છા સાથે આવ્યો છે.’’ ગુરુદેવ ટાગોરના વ્યક્તિત્વને નમસ્કાર કરતી વખતે વાત કરી. ગુરુદેવે માથા પર હાથ મૂકતાં જવાબ આપ્યો, ‘‘જ્યાં જાઓ ત્યાં શાંતિનિકેતન શરૂ કરજો.’’ આવા આશીર્વાદ સાથે તેઓ ત્યાંથી નીકળ્યા. ત્યારબાદ હરભાઈ પાસે શિક્ષણની વિશેષ તાલીમ લેવા આવ્યા. તેઓને બીએડ્. ની તાલીમ દરમિયાન ઘણીવાર એમ લાગતું કે હરભાઈના શિક્ષણના સ્વાતંત્ર્યના વિચારો એક સરખા યોગ્ય લાગતાં. બાળકને એક ઓરડામાં અભ્યાસક્રમ માત્ર જ ન શીખવાડતાં તેને બીજું મુક્ત વાતાવરણ પણ મળવું જોઈએ. આમ હ્રદયની તેમની ભાવના સારી હતી. હરભાઈ તરફથી તેમને ખૂબ પ્રેરણા મળી છે એવું તેઓ વારંવાર કહેતા.

એક કામને હાથમાં લે તો એને સફળતાપૂર્વક પૂરું પાડવાની એમની એ ટેવ એમના જીવનમાં ઘણી મહત્ત્વની બની ગઈ હતી. જર્મનીમાં મ્યુનિક યુનિવર્સિટીમાં જ્યારે પીએચ.ડી.ની ડીગ્રી મેળવી ત્યારે પણ એક શિક્ષક એમના જીવનમાં ઘણા પ્રેરણાસ્ત્રોત બની રહ્યાં. એ પ્રોફેસર આમ મજબૂત મનોબળ અને શિક્ષણકાર, ગુરુઓની છાયા વચ્ચે શિક્ષણની ડીગ્રી મેળવીને જર્મનીથી આવ્યાં. શિક્ષણનું કામ કરવાની ભાવના પીએચ.ડી. થતાં પણ એવી જ હતી. શાંતિનિકેતનની ડીગ્રી મેળવ્યા પછી મિસ અને મિસીસ વકીલ સાથે તેઓ પૂનામાં એક બોર્ડિંગ સ્કૂલમાં સાથીદાર તરીકે જોડાયેલા. રાષ્ટ્રનાં કેટલાંક નેતાઓ જેલમાં હતા. તેઓના બાળકો પણ આ સ્કૂલમાં આવેલા. વિજ્યાલક્ષ્મી પંડિત, બજાજ, પંડિત નહેરૂના પુત્રીશ્રી ઈન્દિરાબેન ગાંધી એ સૌ આ શાળામાં ભણતાં હતાં. તેઓ હતા તો શ્રી વકીલના સાથીદાર પણ તે જ દિવસથી એમનું વ્યક્તિત્વ એવું કે બાળકો એમની આસપાસ ફરી વળતાં. આ જ શાળા જ્યારે પ્લેગને લીધે મુંબઈ આવી ત્યારે પણ બાળકો અને વાલીઓ એમને એક શિક્ષકને બદલે આચાર્ય માની

બેસતા.

હરભાઈનું આકર્ષણ પણ ઘણું જ હોવાથી અને કામ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા મળશે તેવા વિશ્વાસ સાથે હરભાઈ સાથે ઘરશાળામાં જોડાયા.

ઘરશાળાની પ્રવૃત્તિઓ, બોર્ડનાં પરિણામે અને વાલીઓના સંપર્કથી પાંચ વર્ષમાં ઘરશાળાની પ્રતિષ્ઠા સારી એવી જામી. એ દરમિયાન પોતાના વતનમાં ચલથાણમાં એક શાળા શરૂ કરવાનું વિચાર્યું. પોતાના ગામ ચલથાણમાં અજ્ઞાનતા ખૂબ હતી. ઘરના નાનાં ઝઘડાઓને લીધે ઊભા થતા પ્રશ્નો ખૂબ હતા. તેથી તેમને થયું કે આ નાના ગામમાં શિક્ષણની એક સંસ્થા હોવી જોઈએ. આજે એ સંસ્થા ખૂબ વિકસી છે. સરકારે આ સંસ્થાને જમીન આપી છે. આજે અહીં બાલમંદિરથી બારમાં સુધીનું શિક્ષણકાર્ય ચાલે છે. એ જિલ્લાના એક સારા કાર્યકર શ્રી કલ્યાણજીભાઈ ગુજરી જતાં ચલથાણની આ શાળાને કલ્યાણજી મહેતા વિદ્યાલય નામ આપવાનું રઘુભાઈએ પસંદ કર્યું. આ સંસ્થા માટે સુરતની સુગર ફેક્ટરીને દત્તક લેવા રઘુભાઈએ વિનંતી કરી. આ સુગર ફેક્ટરીના પ્રમુખ રઘુભાઈના વિદ્યાર્થી હોવાથી તેમણે આ સંસ્થાની જવાબદારી સ્વીકારી લીધી.

ત્યારબાદ અમદાવાદના સરસપુર લત્તાની નિર્જીવ અને બંધ થવાની તૈયારીમાં હતી તેવી શાળાને રઘુભાઈએ હાથમાં લીધી. આજે તેને ૫૭ વર્ષ થવા આવ્યાં છે. તે દરમિયાન તેમને દિલ્હીનું તેડું આવ્યું અને પછી ત્યાં ગયાં. આમ એક પછી એક સંસ્થાના સ્થાપક બનતા ગયા. આવા તેજસ્વી વ્યક્તિત્વ કામને યજ્ઞ માનીને મિશનરી બની જતા અને કામના ઓતપ્રોત બનતા.

આવી કામ કરવાની એમની યોજનાઓ જોઈને જ કાર્યકરો એમની સાથે જોડાતા. તેઓ ખૂબ જ આકર્ષાતા અને યાત્રીઓ બની જતા એવા તો ઘણાં યાત્રીઓ રઘુભાઈ સાથે જોડાયા પછી સહયાત્રી તરીકે જ રહેવાનું પસંદ કર્યું હતું. આજે જેમનું આ ચરણમાં પ્રેમપૂર્વક સ્મરણ કરીએ છીએ. તેમાં સૌ સહયાત્રીઓનું મધ્યબિંદુ હંમેશાં રઘુભાઈ રહ્યા છે. કડક સ્વભાવ, શિસ્તના આગ્રહી અને છતાં પોતાના સહયાત્રીઓ ઉપરનો એમનો વાત્સલ્યભર્યો સ્વભાવ સૌએ હંમેશાં અનુભવ્યો છે. એમના ઠપકાઓને સહયાત્રીઓને જીવનનો પાઠ માનીને તેઓ આગળ વધ્યા છે અને એમને છોડ્યા નથી.

આ મધ્યબિંદુ સમા રઘુભાઈને સહયાત્રીઓના કપ્તાન કહેવામાં આજે હું ગૌરવ અનુભવું છું. એમનો પ્રેમ પણ સહયાત્રીઓ ઉપર એવો રહેતો કે તેઓ રઘુભાઈને છોડતા નહિ, તેમણે જે સંસ્થાઓ વિકસાવી છે તેમાં કામ કરતા યાત્રીઓ રઘુભાઈને 'મૃદુની કુસુમાદપિ વજ્રાદપિ કઠોરાણિ' એ વાક્ય બોલી બિરદાવતા. આ સખ્ત અને શિસ્તબદ્ધ વ્યક્તિત્વ પાછળ ફૂલ જેવું કોમળ હ્રદય છૂપાયેલું છે.

મારે મન તો અમારા સૌ યાત્રીઓના મુખ્ય યાત્રી રઘુભાઈ છે. અમે સૌ એમની આસપાસ રહીને કાર્ય કરી રહ્યા છીએ. ૯૫ વર્ષના એ વ્યક્તિત્વને આજે પણ ગૌરવપૂર્ણ અમે જોઈએ છીએ.

**ડૉ. છોટુભાઈ પટેલ :** રઘુભાઈના બાળપણના દોસ્ત છોટુભાઈના પિતા ગાંધીજીની ચળવળમાં જોડાયા હતા. એવા પિતાનો આ પુત્ર પણ ભાવનાશાળી હતો. શાળાની દોસ્તી જર્મનીની ડીગ્રી મેળવી ત્યાં સુધી રહેલી. બંને દોસ્તોને દેશ માટે કંઈક કરવાની તમન્ના. ભારત દેશની બોર્ડર ઉપર એક સારી શૈક્ષણિક સંસ્થા રઘુભાઈ શરૂ કરે અને એક હોસ્પિટલ છોટુભાઈ શરૂ કરે એવાં સ્વપ્નો તેઓ સેવતાં.

આ યોજનાઓ તેઓ અમલમાં ન મૂકી શક્યા પણ અમદાવાદના ગરીબ લત્તામાં કામ શરૂ કર્યું છે. તે જોતા જ તેઓ રઘુભાઈને સહકાર આપતા. શરૂઆતમાં આર્થિક પરિસ્થિતિ મૂંઝવણ ઊભી કરતી ત્યારે છોટુભાઈનો ટેકો કાયમ રહેતો. ડૉક્ટર હોવા છતાં આ સંસ્થા વિકસે એવા તેમના વિચારો કાયમ રહેતા. સંચાલન મંડળની સ્થાપના થતાં તેઓ ટ્રસ્ટી મંડળના સભ્ય બનીને આવ્યા અને ટ્રસ્ટમાં જોડાયા. મૂંગી મદદ અને તેમનો હસતો ચહેરો એ જીવ્યા ત્યાં સુધી પ્રેરણારૂપ બની રહ્યા હતા.

આવા આ દોસ્તને યાદ કરી ગૌરવ અનુભવીએ છીએ. એમનું સ્મરણ આજે પણ અનેક સારી ભાવનાઓ ઊભી કરે છે.

**ડૉ. ગાંધી :** ડૉ. ગાંધી પણ રઘુભાઈના બાળપણના મિત્ર અને ડી.એન. હાઈસ્કૂલમાં બંને સાથે ભણેલા. નાનપણમાં બીજા ભાઈઓ ભણ્યા ન હતા. તેમણે વિચાર્યું હતું કે હું ઊંચી ડીગ્રી મેળવીશ. ડૉ. ગાંધી આ સંસ્થાને ટેકો આપવા હંમેશાં તત્પર રહેતા. જરૂર પડે ત્યારે આર્થિક મદદ પણ કરતા. પરંતુ એમની સૌથી મહત્ત્વની મદદ તો એક ડૉક્ટર તરીકેનો હતો. તે વર્ષોમાં આ લત્તાનાં બાળકોની તંદુરસ્તી નહિવત્ હતી. તેથી સંસ્થાએ યોજના ઘડી. બાળકોની દર વર્ષે મેડિકલ પરીક્ષા લઈ યોગ્ય માર્ગદર્શન આપવું. તેઓ વર્ષો સુધી આ મેડિકલ તપાસનું કાર્ય કરતા રહ્યા અને વાલીઓને દોરવણી આપતા રહ્યા.

અમે ડૉ. ગાંધીને પ્રેમપૂર્વક યાદ કરીએ છીએ. મજબૂત મૈત્રીએ શિક્ષણની આ સંસ્થામાં ઘણો ફાળો આપ્યો. સંસ્થા તેમની ખૂબ ઋણી રહેશે.

**શ્રી શાંતિલાલ મંગળદાસ :** સ્વ. શ્રી શાંતિલાલ મંગળદાસને નમસ્કાર કરવાનું કેમ ભૂલાય ? સંસ્થાને હાથમાં લેતાં પહેલાં અમારી આર્થિક મૂંઝવણનો નિકાલ તેમણે કર્યો હતો. એ આર્થિક ટેકાથી સરસ્વતીને અમારા વિચાર પ્રમાણે ચલાવવા માટે અમે હાથમાં લઈ શક્યા. તેમણે અમને લોન આપી. સંસ્થાના વિકાસ માટે એમણે આપેલી લોન મંડળ પાસે જ તાત્કાલીન ભંડોળ તરીકે રહે એમ કહ્યું. તમે માન્યું કે જે કામ અમદાવાદના મિલ માલિકોએ કરવાનું છે એ કામ અમે કરી રહ્યા છીએ. એવી ભાવનાએ અમને પ્રોત્સાહન આપ્યું. આજે તમને યાદ કરી નમસ્કાર કરીએ છીએ.

**શ્રી લક્ષ્મણ :** તું તો શરૂઆતનો પાયો ગણાય. રઘુભાઈ અને મેં સરસ્વતીમાં પ્રવેશ કર્યો ત્યારે હસતે મોંઢે તો તેં અમને આવકાર આપ્યો. કોલસાવાળી ખખડધજ ખુરશી સાફ કરી અમને બેસાડ્યા એ દિવસ કેવી રીતે ભૂલાય ? તું હતો તો પટાવાળો, પણ જરૂર પડતાં તું શિક્ષક બની જતો. કોઈવાર કડિયો પણ બની જતો અને દીવાલો પણ ચણતો. તો કોઈવાર શાળાની ભીંતોને સુંદર બનાવવા એને રંગી પણ કાઢતો. સંસ્થામાં આવતા મુલાકાતીઓની સરભરા તો તારી જ જવાબદારી હતી. સંસ્થા માટે આઘુ-પાછું બોલનારાને તું બધું કામ છોડીને સાચી સમજણ આપતો. ત્યારે અમને એમ થતું કે તું સંસ્થાને સર્વસ્વ માને છે. ૧૯૪૫માં અમે અમદાવાદ આવ્યા ત્યારે અમે એલિસબ્રિજમાં રહેતા પણ અમને એમ થયું કે આ સંસ્થાને સરસપુરની એક પ્રતિષ્ઠિત સંસ્થા બનાવવી હોય તો અહીયા જ રહેવું જોઈએ. આથી ૧૯૪૫ના મે મહિનામાં એક ઘોડાગાડીમાં થોડોક સામાન લઈને શાળામાં પહોંચ્યા. રજા હોવાથી અમે એક ઓરડામાં ઊતર્યાં. પણ શાળા ખૂલતાં ક્યાંક રહેવું તો પડશે ને ? એ વિચાર અમને મૂંઝવતો હતો. અમારી મૂંઝવણની તને જાણ થતાં તું પણ અમારી એ મૂંઝવણમાં ભાગ લેવાં લાગ્યો. ડાબી બાજુના વર્ગોની હારમાળાના છેવાડે એક નાનો રૂમ હતો જેમાં થોડાં ઘણાં રમતનાં સાધનો પડ્યાં રહેતાં અને તું ત્યાં રહેતો. આ રૂમ અંધારિયો હતો. પણ તેં રઘુભાઈને કહ્યું કે આ રૂમને ઘર બનાવીએ તો ? તારી એ ઉદારતાએ અમે ત્યાં રહેવાનું સ્વીકાર્યું. પટાવાળાની એ રૂમ આચાર્યનું રહેઠાણ બની ગયું. શું હતી એ તારી ઉદારતા ! ભાઈ લક્ષ્મણ, સંસ્થાના કઠિન સમયમાં સંસ્થાને જીવતદાન આપવાના સમયે તું અમારી સાથે રહ્યો. આવા સમયમાં ઊભા થતાં પ્રશ્નોમાં તારો સાથ સહકાર અને સમજણ કાયમ અમને મદદરૂપ બનતાં. અમે કાયમ તારું સ્મરણ કરીએ છીએ.

**શ્રી ઝીણાભાઈ દેસાઈ :** ઝીણાભાઈ એક અનોખા શિક્ષણકાર હતા. તેઓ રઘુભાઈને પણ ઘણા વખતથી ઓળખતા. એથી સરસ્વતીના સંચાલન મંડળની સ્થાપના વખતે ટ્રસ્ટમાં કેળવણીકાર તરીકે જોડાવાની તમે તરત જ સંમતિ આપી હતી. 'નાયક દંપતી ખૂબ સારું કામ કરી રહ્યાં છે.' એ વાક્યથી અમને ખૂબ પ્રેરણા મળતી રહી અને અમારા પ્રશ્નોમાં તમારો ખૂબ સાથ મળી રહેતો. અમે તમને પ્રેમપૂર્વક તમે જ્યાં હોય ત્યાં, સાદર નમસ્કાર

કરીએ છીએ.

**શ્રી નવનીતલાલ શેઠ :** આમ તો નવનીતલાલ રણછોડલાલ તરીકે જાણીતા છો. પણ તમે માધુભાઈ મિલનાં કંપાઉન્ડમાં ચાલતી સરસ્વતી વિદ્યાલયમાં એક અનોખા પડોશી બની ગયા હતા. તમારી અને અમારી વચ્ચે સાંકળ સમા શ્રી ચુનીભાઈ પટેલ દ્વારા તમને સંસ્થાનો પરિચય થતો રહેતો. અમારા એ મિત્ર દ્વારા અમને જાણવા મળતું કે તમને આ લત્તામાં ચાલતું અમારું કામ ગમતું. તેથી જ તો જ્યારે માધુભાઈ મિલનું કમ્પાઉન્ડ, કેન્દ્ર સરકારે કાલુપુર સ્ટેશનના વિકાસ માટે લેવાનો નિર્ણય લીધો ત્યારે અમારા મનમાં તો પુનઃજીવન પામેલી સંસ્થા સરસ્વતી વિદ્યાલય કદાચ બંધ પડી જશે, પરંતુ એવા કટોકટીના સમયે સરસપુર દરવાજા બહાર આવેલી આપની જમીન સરસ્વતીને ભેટ કરી. પછી તો આપ સંચાલન મંડળના સભ્ય પણ બન્યા અને મંડળની સંખ્યાબંધ સભાઓમાં આપ હાજર રહ્યા. આપના વ્યક્તિત્વમાં છવાઈ ગયેલી સ્વસ્થતા અને સમાજના આવા કાર્ય પ્રત્યેનો તમારો પ્રેમ અમે સૌ પણ યાદ કરીએ છીએ. સરસ્વતીના વિકાસમાં તમારો ફાળો કાયમ યાદ રહેશે.

**શ્રી હિંમતભાઈ દવે :** તમે સંસ્થામાં પ્રાણસમા હતા. હિંમતભાઈ તમને માત્ર યાદ જ નથી કરતા પણ હજીયે તમે જાણે સંસ્થાના દરેક વિભાગમાં આંટા મારી રહ્યા છો. વ્યક્તિઓની ભૂલો જોઈને અવાજ ઊઠાવી દોરવણી આપી રહ્યા છો. એમ લાગ્યા કરે છે. તમે આવ્યા પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે. પણ શાળાના હૃદય સમાન ઓફિસનું કામ શરૂ કર્યું. પ્રાથમિક શાળાઓ સારી ચાલે એ માટે તમે કાયમ સજાગ રહેતા. દરેક સંસ્થાના આખાય દિવસનું કામ પૂરું થાય એ જોઈને જ તમે શાંતિ અનુભવતા અને પછી જ ઘેર જતા. કોઈપણ સંસ્થામાં પ્રશ્ન ઊઠે તો તેને અગ્રીમતા આપી તમે ત્યાં પહોંચી જતા. સંસ્થાના બધા જ કામો ક્યારે તમારા બની જતાં એ તમને પોતાને જ ખબર નહોતી રહેતી. અચાનક આ જગત છોડી તમે ગયા એ અમારા સૌ માટે વસમું બની ગયું હતું. મિત્ર જેવા ઓ પ્રવાસી હજીપણ હરપળે તમારું સ્મરણ કરીએ છીએ.

**આ સંસ્થાને અડીખમ રાખવામાં કેટલીક મજબૂત ઈંટોનો પણ સમાવેશ થાય છે જે ઈંટોએ સંસ્થાની પ્રતિષ્ઠા જાળવવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે.**

**શ્રી ગોપલાની સાહેબ :** સંસ્થામાં જોડાયા પથી અમારી સાથે એવા ઓતપ્રોત થઈ ગયા કે તમે માત્ર શાળાના આચાર્ય જ નહિ પણ તમે સંચાલન મંડળમાં જોડાયા અને મંત્રી પણ બન્યા. વર્ષો સુધી સંચાલન મંડળનો ભાર તમારા ખભા ઉપર રહ્યો હતો. મંત્રી તરીકે તમારું કાર્ય સંસ્થા કદી નહિ ભૂલી શકે. રઘુભાઈના શબ્દોમાં કહું તો તમારા જેવા સંતને પ્રેમપૂર્વક નમન કરીએ છીએ.

**શ્રી વિઠ્ઠલભાઈ ઓઝા :** તમે સંસ્થાનું વર્તમાન છો. આજદિન સુધી તમે સંસ્થાની ભારે જવાબદારી વહન કરી રહ્યા છો. તમે વિદ્યાર્થી હતા, શિક્ષક બન્યા, એમાંથી આચાર્ય બન્યા. તમારી શક્તિ જોઈને રઘુભાઈને ઈચ્છા ઊઠી કે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન નામની સંસ્થામાં બીએડ્. કરવા મોકલવા. એ પાછળ તમારામાં રહેલી શક્તિઓને વિશાળ દૃષ્ટિ મળે અને એનો લાભ તમે સરસ્વતી સંસ્થાને આપો એ હતો. એ રઘુભાઈની આશાઓને તમે ઝીલી લીધી છે. આચાર્યપદ વખતે જ રઘુભાઈ અને હિંમતભાઈ તરફના પ્રેમ અને આદરને લીધે મંડળના કાર્યમાં પણ સમજણપૂર્વક મદદ કરતા ગયા. તમે સહમંત્રી બન્યા. આજે તો તમે મંત્રી છો. રઘુભાઈએ શરૂ કરેલી યાત્રાને આગળ ધપાવવા માટે ઘણા કલાકો સુધી તમે કાર્યરત રહો છો. તેથી જ તો સ્મરણયાત્રામાં તમને "નવા સુકાનીનું" પદ આપતા અમે બંને ગૌરવ અનુભવીએ છીએ.

**શ્રી એચ. એમ. પટેલ :** પ્રતિભાશાળી, વ્યવહારુ, પ્રેમાળ અને શિસ્તના આગ્રહી એવા શ્રી એચ. એમ. પટેલનું સ્મરણ કરતાં મન આનંદ અનુભવે છે. સંસ્થાનાં કટોકટી સમયે તમે કૃતનિશ્ચયી સાથીદાર તરીકે સંસ્થા સાથે ઊભા રહ્યા. એટલું જ નહિ, પરંતુ સંસ્થાને પોતાની બનાવીને


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

અમારામાંના એક બનીને રહ્યા અને હૂંફ આપતા રહ્યા. એવા સ્મરણોથી આજે પણ સંસ્થા ગૌરવ અનુભવે છે. આ લત્તાને તમારા જેવા સાથીદાર મળ્યા એ અનોખો અનુભવ હતો. દરેક કાર્યમાં વ્યવહારુતા અને માનવતાના અનુભવો અમને થતા અમે આપને ખૂબ જ પ્રેમપૂર્વક સ્મરીએ છીએ.

**શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ :** દિલ્હીમાં અઢારવર્ષ સાથે કામ કર્યું. અનાયાસે અમદાવાદ આવીને તમે વસ્યા. આપણાં જૂના પરિચયને લીધે અમારા પ્રત્યે તમને પ્રેમ હતો. અમારાં કાર્યમાં તમને શ્રદ્ધા હતી તેથી સરસ્વતી વિદ્યામંડળની સંચાલન સમિતિમાં કામ કરવાનું તમે સ્વીકાર્યું. તો પછી ભટ્ટ સાહેબ હજીપણ તબિયત સારી રહે અને સાથે કામ કરીએ.

**શ્રી વિમળભાઈ શાહ :** તમને અમે સ્મરીએ છીએ અને નમસ્કાર કરીએ છીએ. અમે આ લત્તામાં આવીને કામ શરૂ કર્યું ત્યારે તમે અમને ઓળખતા પણ ન હતા. પણ સરસપુરમાં બાળકો માટે સરસ્વતીને પુનઃજીવન આપવા આ શૈક્ષણિક યજ્ઞ કર્યો ત્યારે તમે અમને પ્રેમ અને સમજણપૂર્વક સ્વીકાર્યા. આ સંસ્થા સાથે તમે એવા તો અમારી સાથે ભળી ગયા કે જાણે આપણી ઓળખાણ ઘણાં વર્ષોની ન હોય ! આર્થિક રીતે જરૂર પડી ત્યારે અમારા પ્રયત્નોમાં આપે અમારી સાથે ફરીને ફંડ પણ ઉઘરાવ્યું હતું. સરસ્વતી વિદ્યામંડળને એક સરસ ઉદ્યોગ વિભાગ હોવો જોઈએ એવી રઘુભાઈની ઈચ્છા તમે જાણી, ત્યારે એ ઉદ્યોગ વિભાગને ઊભો કરવામાં ઉત્સાહપૂર્વક તમારો સર્વાંગી સહકાર હતો. વિવિધ ઉદ્યોગોથી ઉદ્યોગ વિભાગ ધમધમી ઊઠ્યો. ઉદ્યોગ વિભાગ પણ સરસ્વતીનું એક ઉપયોગી અંગ બન્યું. ત્યારે બાળકોને જોઈ આપણે સૌ ખુશી થતા. પૂર્વ વિસ્તારમાં બહેનોની કેળવણી માટે એક શાળા શરૂ કરવામાં તમારો સાથ અપાર હતો.

**શ્રી અમૃતભાઈ પટેલ :** તમે આમ તો સામાજિક કાર્યકર. તમારી કાર્યનિષ્ઠા વિમળભાઈના ધ્યાનમાં આવી હતી. તમે સરસપુરને પણ ખૂબ ચાહો છો. ગરીબ વ્યક્તિને મળતાં જ એની મૂંઝવણને તમે ઓળખી શક્યા છો. આમ તો તમે સરસ્વતીના વિદ્યાર્થી પણ ખરાં. તેથી વિમળભાઈના સહકાર્યકર તરીકે તેમજ શાળાના વિદ્યાર્થી તરીકે સંચાલન મંડળમાં તમારું સ્થાન અને માન છે. ૧૯૪૪થી શરૂ થયેલી આ યાત્રાને વર્તમાનમાં આગળ ધપાવવામાં તમારો સાથ મળી રહ્યો છે. તેથી તેનું અમને ગૌરવ છે. વર્તમાનના યાત્રી તરીકે આપણે સૌ સાથે ચાલી રહ્યા છીએ.

**શ્રી હેમુભાઈ ઠાકોર :** યુવાન અવસ્થામાં જોડાઈને નિવૃત્ત થયાં ત્યાં સુધી સંસ્થામાં જ રહ્યા. સંસ્થામાં એક અગત્યનું અંગ બની ગયા. સંસ્થાની વહીવટી ઓફિસોને મજબૂત બનાવવામાં તમારો સાથ ખૂબ રહ્યો. હિંમતભાઈના શિષ્યસમા તમે, તમને હાર્ટએટેક આવ્યો અને હોસ્પિટલમાં જવું પડ્યું. ત્યાં સુધી તમે સંસ્થા સાથે રહ્યા. સંસ્થામાં તમારી યાદ કાયમ છે.

**શ્રી ચંપકભાઈ મહેતા :** આમ તો અમે તમને ડૉ. ગાંધી અને કાન્તાબેન દ્વારા ઓળખ્યા. તમારા પરિચયમાં આવ્યા ત્યારથી જ એક સજ્જનને મળ્યાની ભાવના જાગી. આ ઓળખાણ થતાં જ તમે સરસ્વતી માટે ભંડોળ એકઠું કરવામાં અમને ખૂબ મદદ કરી છે. તમને જ્યારે તક મળી ત્યારે નાના નાના ઉદ્યોગપતિઓ પાસેથી આર્થિક મદદ અપાવતા. છેલ્લે તો તમે મંડળનાં બની ગયા તમે ટ્રસ્ટી તરીકે આવ્યા ત્યારે અમારા આનંદનો પાર નહોતો. તમે એવા તો સરસ્વતીમય બની ગયા હતા કે સરસ્વતીનાં ઘણાં ય કાર્યક્રમોમાં હાજર રહેતા. સંચાલન મંડળની સભાઓમાં તમારી હાજરી હોય જ. આવા સજ્જન અને સ્વજન જેવા તમને યાદ કરીને માથું નમાવું છું.

**શ્રી ગૌતમભાઈ શાહ :** શ્રી વિમળભાઈના સ્વર્ગવાસ પછી ગૌતમભાઈ તમને સંચાલન મંડળમાં લીધા. તમે ખૂબ ખુશીથી અને ઉત્સાહપૂર્વક સરસ્વતી વિદ્યામંડળમાં જોડાયા. શ્રી ગૌતમભાઈ તમે શ્રી વિમળભાઈના પુત્ર તો ખરા જ પરંતુ સરસ્વતીના વિદ્યાર્થી પણ ખરા. તમારા વિદ્યાર્થી જીવન દરમિયાન જ તમે વિદ્યાર્થીસંઘના મહામંત્રી

પણ બનેલા. શાળા જીવનના સમયમાં તમે ઘણી પ્રવૃત્તિમાં ભાગ લેતા. એ વખતે જ તમારી નેતાગીરીના ગુણો અમે જોઈ શકેલા. જેથી સંચાલન મંડળમાં તમારી હાજરીથી સૌ સભ્યોને ખૂબ આનંદ થતો. ઘણીયે વાર સંચાલન મંડળની સભાઓ આપની ઓફિસમાં કરવાની વ્યવસ્થા આપે કરી હતી. જેટલો સમય તમે મંડળમાં પ્રવૃત્તિશીલ હતા ત્યાં સુધી તમારું પ્રદાન મહત્ત્વનું રહ્યું હતું. ભલે, છેલ્લા થોડા સમયથી તમે ખૂબ દૂર રહેવા ગયા હોવાથી આવી શકતા નથી. પરંતુ જેટલો સમય આપ આપી શક્યા છો એ માટે અમે સૌ આભારી છીએ. શિક્ષણની આ યાત્રામાં તમારો સાથ યાદ કરીને સંતોષ અનુભવીએ છીએ.

**શ્રી જશવંતભાઈ સોલંકી :** સંસ્થાના વિદ્યાર્થી, શિક્ષક, આગળ વધતાં તમે આચાર્ય પણ બન્યા. માનસિક સ્વસ્થતા જોઈને અમે ખુશ થતા. વિદ્યાર્થી તરફનો તમારો પ્રેમ પણ તમારી એક ગુણ હતો. આજે તમે નિવૃત્ત થયા પછી પણ સમાજની નાની-મોટી સેવાઓ કરો છો એ જોઈને ગૌરવ થાય છે.

**શ્રી નારણભાઈ ઠક્કર :** વિજ્ઞાન અને ગણિતના તમે શિક્ષક હતા પરંતુ તમારી સંસ્થા પ્રત્યેની શ્રદ્ધાને લીધે મંડળ તમને જ જવાબદારી સોંપતું તે નિભાવતા. તમારી ધાર્મિકતાનો પ્રભાવ વિદ્યાર્થી સાથેના વ્યવહારમાં પણ દેખાતો હતો. સરસ્વતીના વિકાસમાં તમારો ફાળો ઘણો મોટો હતો. તમને યાદ કર્યા વિના કેમ રહેવાય ?

**શ્રી જયંતીભાઈ ગજ્જર :** તમે આમ તો અમારા વિદ્યાર્થી. અસારવામાં રહી સરસ્વતીમાં ભણતા. સરસ્વતી શાળાથી તમે પ્રભાવિત તો થયા જ હતા. એટલે એક દિવસ સવારના પહોરમાં આવીને રઘુભાઈ અને હિંમતભાઈને તમારા વિચારો કહ્યા અને સરસ્વતી વિદ્યાલય જેવું જ એક વિદ્યાલય અસારવામાં પણ શરૂ થાય એવી વાત કરી. આ વિચાર એટલો તો વ્યવહારુ હતો કે એ વિચારને સૌએ વધાવી લીધો અને એ લત્તામાંથી પણ વિદ્યાર્થીનું એક જૂથ સરસ્વતીમાં આવતું. તમારા આ વિચારને શ્રી હિંમતભાઈને ટેકો આપ્યો અને ૧૯૫૩માં અસારવા વિદ્યાલયની સ્થાપના થઈ. તે વખતે તમે ભાષાના શિક્ષક તરીકે અસારવામાં જોડાયા. શિક્ષક તરીકે શાળાના સંચાલનમાં તમારો ફાળો ટૂંકા સમયમાં પણ મોટો હતો. આજે ભલે તમે કેનેડા હો પણ અમે તો તમારું સ્મરણ કાયમ કરીશું.

આમ ભૂતકાળમાં એવાં ઘણાં કાર્યકરો હતા કે જેમણે આ યાત્રામાં, સંસ્થાના વિકાસમાં ફાળો આપ્યો છે. એ સૌને આજે સ્મરણ કરીને સરસ્વતીને આપણે પ્રણામ કરીએ.

**શ્રી જ.કા. પટેલ :** તમે સંસ્થાના એક વિદ્યાર્થી. ભણી ગણીને સંસ્થામાં શિક્ષક તરીકે જોડાયા. સંસ્થા પ્રત્યેની તમારી ભાવના, સંસ્થાના કાર્યક્રમોમાં તમારી શ્રદ્ધાને લીધે તમે શિક્ષકમાંથી આચાર્ય પણ બન્યા. આચાર્ય તરીકે નિવૃત્ત થયાં ત્યાં સુધી સંસ્થા સાથે રહ્યા. હસતાં હસતાં પણ શાળાના મુશ્કેલીભર્યા પ્રશ્નોને તમે હળવા બનાવી દેતા. તેથી સ્ટાફમાં ઊભા થતાં પ્રશ્નોનો હલ નીકળી જતો. આથી તમે શિક્ષકોના પણ મિત્ર બનીને રહેતા. તમને અમે પ્રેમપૂર્વક સ્મરીએ છીએ.

**શ્રી શકુંતલાબેન :** તમે આ યાત્રાના પુસ્તકમાં વારંવાર ઘણી જગ્યાએ સ્થાન પામ્યાં છો. જાણે સંસ્થાના આજીવન સભ્ય હો એવી રીતે આ સંસ્થામાં તમે કામ કર્યું છે. સંસ્થા અને ઘર વચ્ચે તમે કદીયે જુદાઈ રાખઈ નથી. આચાર્યા બન્યા ત્યારે (જે.એન.માં) તમે શ્રી હિંમતભાઈ અને ગોપલાની સાહેબના શિષ્યા હો એવી જ રીતે દોરવણી લેતાં લેતાં સફળ આચાર્ય બન્યા. અણધારી માંદગી અને કસમયના મૃત્યુ પહેલાની પળોમાં પણ તમે સરસ્વતીને દાન આપતાં ગયાં. એ સરસ્વતી અને મંડળમાં ઊંડી શ્રદ્ધાનો અનુભવ કરાવે છે અમે તમને કાયમ યાદ કરીશું.

**શ્રી કલ્પનાબેન દૂધિયા :** તમે આચાર્યા બનીને શાળામાં શિસ્તની અજોડ સ્થાપના કરી. શાળામાં કામ કરવાની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

તમારી સુંદર રીત તો વળી કેમ ભૂલાય ? તમને પ્રેમપૂર્વક યાદ કરું છું.

**શ્રી રક્ષાબેન :** તમે સંગીત શિક્ષકમાંથી કાર્યકારી આચાર્ય પણ બન્યાં અને સંસ્થાને સારી રીતે સાચવી. તમારામાં રહેલું સંગીત અને વ્યવહાર કુશળતાનું મિશ્રણ અમે હંમેશાં યાદ કરીશું.

**શ્રી ઉષાબેન પટેલ :** આમ તો તમે સ્વજન અને પ્રિયજન છો. તમારા જીવનમાં મુખ્ય કાર્ય શિક્ષણનું જ રહ્યું છે. એમ.એ., બી.એડ્.ની ડીગ્રી પ્રાપ્ત થતા પહેલાં જ શિક્ષણક્ષેત્રે તમારું કાર્ય શરૂ થઈ ગયું હતું. પૂર્વ પ્રાથમિકમાં તમે આચાર્ય બન્યા અને પછી પ્રાથમિક શાળાના પણ આચાર્ય બન્યા. આ કાર્ય કરતાં કરતાં ભાવનગરની મહિલાઓની સમસ્યાઓમાં તમે ખૂબ રસ દાખવ્યો. ગુજરાતની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ તમને આમંત્રણ મળતું રહ્યું. આ રીતે અમદાવાદ આવવા-જવાનું વારંવાર બનતું હતું. ઘણીવાર સરસ્વતી વિદ્યાલય અને ઘરશાળા સંસ્થાને અમે 'માશીયાઈ બહેનો' કહી મઝા માણતાં. આને અમે સંસ્થાના સંબંધો સમજતા. આમ રઘુભાઈ, હરભાઈ અને જશીબેન આ ત્રણેય વ્યક્તિઓ આ સંસ્થા સાથે ગાઢ સંબંધ ધરાવતી. પરિણામે અમારા આમંત્રણને માન આપી. સરસ્વતી વિદ્યામંડળની સમિતિમાં જોડાયા અને શિક્ષણના અમારા આ કાર્યને વેગ આપતા રહ્યા અને સહયાત્રી બન્યા. તમે હરભાઈના સૌથી નાના દીકરી એટલે તમારી હાજરી અમને ઘણી રીતે વેગ આપતી રહી છે. ચાલો, આ શિક્ષણકાર્યની યાત્રાને ઉજ્વળ બનાવીએ.

**શ્રી જયેન્દ્રભાઈ શાહ :** સરસપુરના તમે રહેવાસી હતા. સામાજિક સંબંધે તમને વારંવાર મળવાનું બનતું. એમાંથી અમને એમ થયું કે સરસપુરની શિક્ષણસંસ્થામાં તમે જરૂર રસ લેશો એવી શ્રદ્ધા અમારા મનમાં જાગી. તમે એક યુવાન કાર્યકર તરીકે ઘણી શક્તિ ધરાવો છો. આથી સંચાલન મંડળમાં જોડાવાનું અમારું આમંત્રણ તમે સહર્ષ સ્વીકાર્યું અને મંડળના સહયાત્રી બન્યા. ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકેની તમારી કુશળતા અને ઉપયોગી સૂચનો મંડળને ભવિષ્યમાં પણ મળતાં રહેશે એવી આશા સાથે ચાલો, યાત્રાને આગળ ધપાવીએ.

**શ્રી મૃદુલાબેન ત્રિવેદી :** આમ તો તમે વૈજ્ઞાનિક છો. પરંતુ તમારા વિચારો અને વર્તનમાં આવતી પેઢીના વિદ્યાર્થીઓ, યુવાનો તરફનો તમારો પ્રેમ દેખાઈ આવેલ છે. તમારા વિચારોમાં અમે જોઈ શક્યા છીએ કે વિદ્યાર્થીઓ યોગ્ય રસ્તે આગે કદમ કરતા રહે એ માટે તમે પ્રયત્નશીલ રહ્યા છો. તમારા પિતા શિક્ષક હતા તેથી શિક્ષકોનાં વિચારબીજ તેઓએ તમારામાં રોપ્યા હશે.

મોટીબેન પણ શિક્ષણક્ષેત્રે હોવાથી શિક્ષણને તરફનો તમારો પ્રેમ વધતો ગયો. અમેરિકા છોડીને તમે અમદાવાદમાં આવ્યા. સરસ્વતી વિદ્યામંડળની પ્રવૃત્તિઓથી તમે આકર્ષાયા અને અમારા બંનેની વિનંતીને માન આપીને મંડળમાં જોડાયા. મંડળને કોઈકવાર ઊભી થતી આર્થિક મુશ્કેલીઓને તમે જોઈ લેતા. તે સમયે સંસ્થાને આર્થિક રીતે મદદરૂપ બની જતા. આવી આર્થિક મદદ કોઈ જાણે એ તમને પસંદ નહોતું. આથી હું તો તમને "છૂપા રૂસ્તમ" કહીને ગૌરવ અનુભવું છું.

ચાલો, તાકાત છે ત્યાં સુધી સહભાગી બની આગે કદમ બઢાવીએ.

**શ્રી વિષ્ણુભાઈ પટેલ :** સંચાલન મંડળમાં શાંતિપૂર્વક સાથ આપી રહેલા વિષ્ણુભાઈ, કાયમ પ્રેમ અને સમજણપૂર્વક સાથ આપી રહ્યા છો. સંચાલન મંડળની સભામાં તમારું શાંત વ્યક્તિત્વ પણ સૌને ખૂબ પ્રેરણાપૂર્વક બની રહ્યું છે. શાળાને વિકસાવવા માટે આર્થિક ફાળો પણ આપ્યો છે. તમારો આ શાંત અને સમજણપૂર્વકનો સાથ યાત્રીઓની યાત્રામાં ફાળો આપી રહ્યો છે. હજી તો ઘણું ચાલવાનું છે. ધરતીકંપ પછી તો તમારી મુલાકાત સંસ્થાને ઘણી મહત્ત્વની બની છે. સાથે ચાલવાનો આનંદ એ અનોખી ભાવના છે.

**શ્રી રમણભાઈ પટેલ :** તમે અને તમારા મિત્ર વિષ્ણુભાઈ કહેતા કે વિઠ્ઠલભાઈ, નિવૃત્ત તો થવા દો, પછી તો અમે

સંસ્થા સાથે જ છીએ. સંચાલન મંડળનાં ઘણાં નાનાં મોટા પ્રશ્નોમાં ક્યારેક તમારી વ્યવહારુ કુશળતા જોઈ શકાય છે. આજના આ સમયમાં આવા સહયાત્રી સંસ્થાને આગળ વધારવામાં ઘણા ઉપયોગી બનશે. ચાલો યાત્રા ચાલુ રાખીએ.

**શ્રી ઉપેન્દ્રભાઈ પટેલ :** તમે સામાજિક કાર્યકર છો. સંચાલન મંડળની સભામાં તમે કાયમ હો. સરસપુરના રહેવાસી. તમારી સેવાઓ સરસ્વતીને મળી રહે છે અને મળતી રહેશે એવી આશા સાથે, ચાલો સૌ સાથે ચાલીએ.

**શ્રી ડાહ્યાભાઈ પટેલ :** આજના સંચાલન મંડળમાં શ્રી ડાહ્યાભાઈ પટેલની કાયદાની દૃષ્ટિ ઘણી મદદરૂપ થાય છે. મુંબઈમાં પણ તમે શિક્ષણની સંસ્થામાં છો. કાયદાકીય પ્રશ્નો ઊભા થતા અમે તમારી પાસે આવીએ છીએ. સંચાલનમંડળની સભામાં તમારી હાજરી હોય જ છે. વર્તમાનને વિકસાવવામાં આજે પણ તમે સાથે આપી રહ્યા છો. તેથી અમે સૌ વારંવાર તમને યાદ કરીને આગળ ચાલીએ છીએ.

**શ્રી પીટરભાઈ :** મૈત્રીભાવે તમારે શ્રી વિઠ્ઠલભાઈને વારંવાર મળવાનું બનતું. તમારો અને વિઠ્ઠલભાઈનો પરિચય વધારે તો સરસ્વતીનાં કેમ્પસમાં જ થયો હતો. ઈંગ્લેંડથી તમે આવતા ત્યારે સંસ્થાના કેમ્પસમાં વિઠ્ઠલભાઈ સાથે જ રહેતા. એ સહવાસ દરમિયાન તમે શાળાની અનેક નાની-મોટી પ્રવૃત્તિનું અવલોકન ઝીણવટથી કરતા રહ્યા હતા. તે દરમિયાન રઘુભાઈના સરસ્વતીના સર્જન વિશે તમને વિઠ્ઠલભાઈ વારંવાર ઘણીય વાતો કરતા. આ વાતો દરમિયાન રઘુભાઈનો પરિચય તમને થયો પછી તો તમારા હૃદયમાં રઘુભાઈની છબી અનોખી રીતે છપાઈ ગઈ. સરસ્વતીને આર્થિક મદદની ખૂબ જરૂર પડતી એ વાત તમને ખબર પડતાં તમે એક યા બીજી રીતે સંસ્થાને મદદ કરતા રહ્યા. અમારા મંડળમાં તમે ખૂબ રસ લઈને અમારી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થયા. પરિણામે અમને સૌને આ તમારી મદદ ખૂબ ઉપયોગી બનતી. અમે તમને મંડળના સભ્ય બનવા વિનંતી કરી અને તમે તે સ્વીકારી. યુ.કે.માં રહેવા છતાંય તમે વિદ્યામંડળના કાર્યોમાં મદદ કરો છો. તમારા મિત્રોને પણ તમે આ સંસ્થાનો પરિચય કરાવ્યો છે. સરસ્વતી વિદ્યામંડળ તમારી હાજરીથી ખૂબ ગૌરવ અનુભવે છે.

**શ્રી નવીનભાઈ શાહ (ગોળાવાળા) :** અપંગ માણસો તરફ તમારી અનુકંપા ગજબની છે. એક વખત સરસ્વતી વિદ્યામંડળના કેમ્પસમાં આ વિકલાંગનો કેમ્પ તમે રાખ્યો. એ કેમ્પ બે સપ્તાહનો હતો. વિકલાંગના કેમ્પમાં આમ તો તમે ખૂબ કાર્યરત રહેતા પણ એ દરમિયાન તમે વિઠ્ઠલભાઈ અને બીજાઓના પરિચયમાં આવ્યા. તે સમયથી તમે સરસ્વતીમાં ખૂબ રસ લેવા લાગ્યા. એટલું જ નહિ, પણ આર્થિક સહાય પણ કરતા રહ્યા. બીજા તરફની તમારી સહાનુભૂતિ અને અનુકંપાનો અમને પરિચય થયો અને અમારા સંચાલન મંડળમાં તમે જોડાવો અને સંસ્થામાં સભ્ય બનો એવી અમારી વિનંતી તમે સ્વીકારી. તમારા સભ્યપદથી અમારી શોભા વધી છે. કારણ કે આપણાં કાર્યોનાં નામ ભલે જુદા રહ્યા પણ લોકો માટેના કાર્યો છે. અમારી આ યાત્રામાં તમારો સાથ યાત્રાને પ્રેરણા આપી રહ્યો છે. તમારું સ્મરણ અમને હંમેશાં પ્રેરણાદાયી રહ્યું છે.

**શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે :** તમે આ શાળાના વિદ્યાર્થી. વિદ્યાર્થી અવસ્થામાં તમે ઝીલેલા સરસ્વતીના સંસ્કારોનું આજદિન સુધી જતન કરેલ છે. બેંકમાં ખૂબ ઊંચા હોદ્દા ઉપર ફરજ બજાવતા હોવા છતાં તમારામાં સરસ્વતી પ્રત્યેની મમતા અખૂટ છે. સરસ્વતીના વિકાસમાં તમે ઊંડો રસ લઈ સક્રિય રહ્યા છો એથી વર્તમાનમાં તમે સહમંત્રી તરીકેનું માનભર્યું સ્થાન પામ્યા છે.

સરસ્વતીની વિકાસ કૂચમાં તમે અગ્રેસર રહેવાના જ છો એવી અમને શ્રદ્ધા છે.

**શ્રી સજુભા ઝાલા :** સેવા કરવાની તમારી અંતરની ઝંખના એવી કે તમે શિક્ષક તરીકે કામ કરતા કરતા પણ સંસ્થાના

અનેક સેવાકાર્યમાં જોડાઈ જતા. આવા અનેક કાર્યો કરતા તમે સંસ્થાના ક્યારે બની ગયા એ પણ તમને ખબર પડી નહિ. તમને કદી પદનો મોહ હતો નહિ તેથી શિક્ષણ કાર્ય બાદ તમારો ઘણો સમય તમે મંડળના અનેક કાર્યોમાં આપતાં. આ જ સમય દરમિયાન મંડળના સર્વે સભ્યોને એમ લાગતું કે તમે મંડળના સભ્યોમાના એક છો. વિધિસર તમારું નામ ક્યાંય ભલે નહોતું. પરંતુ અદશ્ય રીતે એ ઘણી જગ્યાએ અંકિત બની ગયું હતું. જૂના વિદ્યાર્થીઓની પ્રવૃત્તિઓમાં તમને ખૂબ રસ હતો અને એ પ્રવૃત્તિઓ વિકસે અને જૂના વિદ્યાર્થીઓ સંસ્થામાં વધારે રસ લેતા થાય એવી તમારી ભાવના તમારા કાર્યો દ્વારા અમે જોઈ શકતા હતા. સંસ્થાના જાહેર કાર્યક્રમોમાં સજુભા ન હોય તો એ ખોટ સૌને ખૂંચતી. જાહેર કાર્યક્રમોમાં તમારો જીવ ઓતપ્રોત થઈ જતો. તમે નોકરીમાંથી નિવૃત્ત થયા. એજ મિનિટે સૌના મનમાં ધોળાતી વાત બહાર આવી. જયારે તમને સંચાલન મંડળમાં લીધા ત્યારે સૌ સભ્યોએ હર્ષનાદ અને તાળીઓ સાથે તમને આવકાર્યા હતા.

તમે સૌના પ્રિયપાત્ર છો. તમે આ યાત્રામાં સહભાગી થવાનું સ્વીકાર્યું એ આનંદની વાત છે. સજુભા તમે સરસ્વતીનું જ સર્જન છો. હું અને રઘુભાઈ તો જીવનના આરે આવીને ઊભા છીએ. મંડળને તમે સંભાળજો. તમારી સાથે કામ કરતા અને ઈચ્છતાઓને પ્રોત્સાહન આપજો. તમારી યાત્રા આગેકૂચ કરતી રહે એ માટે સહયાત્રીઓને પ્રેરણા આપતા રહેજો.

વર્તમાનકાળમાં જ તમે સહયાત્રી બન્યા છો. માટે અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ.

**શ્રી આનંદભાઈ અમીન :** શ્રી આનંદભાઈ અમીન તમે સરસ્વતી વિદ્યામંડળમાં ચાલતી પ્રવૃત્તિઓના ઘણાં સમયથી સાક્ષી છો. શ્રી એચ. એમ. પટેલ જયારથી સરસ્વતી વિદ્યામંડળના અધ્યક્ષ બની મંડળને પોતાનું ગણ્યું, અને તેઓ કાર્યશીલ બન્યા ત્યારથી જ તમે આ શિક્ષણકાર્યને નિહાળતા આવ્યા છો. તેઓ સંચાલન મંડળની એકપણ મીટિંગમાં ગેરહાજર રહ્યા નથી. એકેએક મીટિંગમાં તેઓ હોય જ. એક મિત્રભાવે તમે પણ એમની સાથે લગભગ હો જ. ટ્રસ્ટની અનેક સભાઓ તમારા ઘરે થતી હતી. એ સભાઓ વખતે સરસ્વતીના સૌને તમે સ્વજનો માનીને આવકાર્યા હતા. એટલે તમે ઘણા સમયના સાક્ષી છો.

શ્રી રઘુભાઈ તમને મળ્યા ત્યારથી જ તમારી સામાજિક સેવાની અને શિક્ષણસંસ્થાઓની તમારી જવાબદારી વિશે પરિચય થતો ગયો હતો. તેથી શ્રી એચ. એમ. પટેલના ગયા પછી થોડા સમયમાં જ મંડળના એક ટ્રસ્ટી તરીકે જોડાવવા અમારા આમંત્રણને તમે સ્વીકાર્યું.

પછી તો તમે દરેક સભાઓમાં હાજરી રહી અને અમારા શિક્ષણકાર્યમાં સાથ આપતા રહ્યા. થોડા સમય પહેલાં અમે તમને સંચાલન મંડળના ચેરમેન થવા માટે વિનંતી કરી હતી. તે વખતે હું જરૂર વિચારીશ એવા તમારા જવાબથી અમે ખુશ હતા. આખરે રઘુભાઈના પત્રને માન આપીને તમે થોડા સમય પહેલાં સંચાલન સમિતિનું અધ્યક્ષ પદ સ્વીકાર્યું. શ્રી રઘુભાઈ પ્રમુખ અને અધ્યક્ષ એમ બે પ્રકારની જવાબદારીમાંથી એક જવાબદારીમાંથી મુક્ત થયા.

મંડળના સૌ સભ્યો અને હિતેચ્છુઓ તમારા આગમન સાથે ખૂબ ખુશ છે. તમારી વ્યવહાર કુશળતા મંડળને જરૂર સારા કાર્યો કરવા પ્રેરણા આપશે. અમે સૌ આપનું ભાવભીનું સ્વાગત કરીએ છીએ. અમે તો પરિચિત વ્યક્તિને આ જવાબદારીમાં ભેળવતાં ખૂબ આનંદ અનુભવીએ છીએ. વર્ષો સુધી ઈસ્ટ એન્ડ ઓફ અમદાવાદમાં આવેલી આ સંસ્થા માટે તમારી હૂંફ, વ્યવહારુંપણું ક્યાંય સુધી આશીર્વાદરૂપ બની રહેશે. તમે જવાબદારી લીધી એથી મંડળના સૌ સભ્યો ખૂબ જ આનંદ તથા સેન્સ ઓફ સિક્યોરિટી અનુભવે છે.

લ્યો ત્યારે, આ બધું તમને સોંપ્યું. જીવની જેમ સંભાળજો...

# વિશ્વની પ્રથમ સંપૂર્ણ લોકતાંત્રિક શાળા : સમરહિલ

હીરજીભાઈ નાકરાણી

મો. ૯૧૦૬૦૭૭૦૭૬



એ.એસ.નીલ (એલેક્ઝંડર સદરલેંડ)નું 'સમરહિલ' એક અનોખું જ શિક્ષણ સંતાન છે. તેમણે પૂરા વહાલથી પૂરા પ્રેમથી હ્રદયની સમગ્ર લાગણીઓ અને સંવેદનાઓ થકી તેનો કાળજીપૂર્વક જન્મ આપી ઉછેર કર્યો છે. ચીલાચાલુ શાળાઓમાં નોકરી કરી મન ઉબાઈ ગયું. તેમને નગમતી વિચારધારા તેમના પર થોપાઈ રહી હોય તેવું લાગ્યું. અનેક મનોમંથન પછી પોતાના વૈયક્તિક વિશિષ્ટ શિક્ષણધારા થકી ૧૮૮૩માં સ્કોટલેન્ડના એક નાનકડા ગામમાં જન્મેલા નીલની શિક્ષણવિચારધારા અને તત્વચિંતનનું કલેવર ફ્રાંસના શિક્ષણ ચિંતક રુસોના વિચારોના પ્રભાવથી ઘડાયું હતું. બાળકને જન્મગત ઈશ્વર તરફથી સ્વતંત્રતા મળેલી હોય છે. તે સમાજમાં રહીને મોટું થાય છે ત્યારે સમાજ તેને અનેક બંધનોમાં બાંધી લે છે પરિણામે તે સમાજનું કહ્યાગરુ સંતાન તૈયાર થાય છે. જે સમાજના અનેક બંધનોથી મુક્ત નથી રહી શકતું. તેથી સ્વતંત્રતાને કોઈ અવકાશ રહેતો નથી.

નીલે સૌ પ્રથમ ૧૯૨૧માં જર્મનીના ડ્રેસ્ટન નામના ઉપનગરમાં આંતરરાષ્ટ્રીય પ્રયોગશાળા રૂપે સગરહિલનો પાયો નાખ્યો હતો. પણ અહીં સાનુકૂળ પરિસ્થિતિ પેદા ન થતાં બહુ જ ટૂંકા ગાળામાં બંધ કરી ઓસ્ટ્રીયાની ભૂમિ પર સમરહિલની શરૂઆત કરી. અહીં પણ તેમની બાળકોને ભણાવવાની શૈલી અને રીત-ભાત લોકોને માફક ન આવી એટલે અહીંથી પણ તલ્લાક લઈ લીધા. તે પછી પહોંચ્યા દક્ષિણ ઈંગ્લેન્ડના (૧૯૨૩) લાઈમ રેગિસ નામના એક ગામડામાં અહીં આવીને માત્ર ૫ બાળકોથી સમરહિલ નું મંડાણ કર્યું. જે સંપૂર્ણ આવાસી અને સહશિક્ષકના વિચારોમાં રંગાયેલી હતી. અહીં પણ લાંબા ગાળે નહીં ફાવે તેવું લાગતા બિલાડીના બચ્ચા માફક ઉચાળા ભરી ઈંગ્લેન્ડના સફોલ્કન વિસ્તારના લાઈટન નામના ગામમાં ડેરા નાખ્યા. આવું કેમ થયું ? તેની પાછળ નીલનું સ્વતંત્ર સ્વપ્નું તેને શાંતિ લેવા દેતું નહોતું. દરેક પડાવે કંઈકને કંઈક અડચણો આવતી જ રહી.

તેમણે તો ચીલાચાલુ શાળાઓથી અતિક્રમીને યુરોપને કંઈક નવું આપવાનું નક્કી કર્યું હતું. સ્વપ્નું નવું જ કંડારવાનું હતું. વર્ષોથી હ્રદયના એક ખૂણામાં ભંડારાઈ રહ્યું હતું. તેને તેમણે અને તેમની પત્ની ફ્રાન્યુસ્તેરના સંયુક્ત નવા સમરહિલની શરૂઆત કરી. તેઓ પોતાના પુસ્તક 'સમરહિલ'માં લખે છે, 'આ શાળા શરૂ કરી ત્યારે અમારા મનમાં એવો ખ્યાલ હતો કે બાળકોને શાળા સાથે બંધબેસતા બનાવવાની જગાએ બાળકો સાથે બંધબેસતી શાળા બનાવવી.

આમ સંપૂર્ણ સ્વતંત્રતા સાથે બાલકેન્દ્ર શાળા 'સમરહિલ' શરૂ કરી. તેમાં તેમણે વર્ય-મર્યાદાને ખ્યાલમાં રાખી ત્રણ વિભાગમાં વહેંચણી કરી.

૧. ૫ થી ૭ વર્ષના બાળકો
૨. ૮ થી ૧૦ વર્ષના કિશોરો
૩. ૧૧ થી ૧૫ વર્ષના કુમારો

આ ત્રણે વિભાગના બાળકોના નિવાસની અલગ અલગ વ્યવસ્થા કરી હતી.

૫ થી ૭ વર્ષની ઉંમરના બાળકોનું પહેલું ગ્રુપ હાઉસ મધર સાથે રહેવું હતું. ૮ થી ૧૦ વર્ષની ઉંમરના બાળકોનું બીજું ગ્રુપ પથ્થરના બનાવેલ ભવનમાં રહેતું હતું. ૧૧ થી ૧૫ વર્ષના કુમારો ઝૂંપડાઓમાં રહેતું હતું. મોટાં કુમારોમાં એક બે એવા હતા કે જેમને અલગ રૂમો ફાળવવામાં આવ્યા હતા. બાકીના બાળકો એક રૂમમાં બે, ત્રણ કે ચારની સંખ્યામાં એક સાથે રહેતા હતા. સહ શિક્ષણ હોવાથી દરેક વિભાગમાં છોકરીઓ પણ આ રીતે જ રહેતી હતી. કુમારો કે કુમારીઓના રૂમની ક્યારેય છાની રીતે તપાસ કે નિરીક્ષણ કરવામાં નહોતું આવતું તેમને મળેલ રૂમમાં તે મુક્ત રીતે પહેરવા, ઓઢવા,



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

રહેવાની છૂટ હતી. તેઓ પોતાની મરજી મુજબ તૈયાર થતાં પોતાને ગમે તે રંગના કપડાં પહેરી શકતા હતા. આટલી બધી છૂટછાટ હોવાથી અખબારોમાં કેટલીક વખત લખવામાં આવતું હતું કે આ જંગલી લોકોનો એક સમુદાય છે. જેમાં કોઈ જાતના કાયદા-કાનૂનનું નિયંત્રણ નહીં પછી શિષ્ટાચાર તો ક્યાંથી હોય ?

અહીં નથી અભ્યાસક્રમ, નથી પાઠ્યપુસ્તક, નથી કોઈ યાંત્રિક શિસ્ત, નથી કોઈ દમન કે નિયંત્રણનું નામોનિશાન. આમ બાળકો સામાન્ય રીતે જીવંત પરિસ્થિતિમાં જીવતા હતા. આવી સ્થિતિમાં જ તેમને જીવવાનો અધિકાર અપાયો હતો. અહીં બાળકો ઉપર શિક્ષકોનું કોઈ પણ પ્રકારનું દબાણ કે નિયંત્રણ નહોતું. શારીરિક, ભાવનાત્મક કે માનસિક દબાણ પણ કરવામાં નહોતું આવતું. વર્ગખંડની ચાર દિવાલમાં ગોંધાઈ રહેવું. કડક શિસ્તમાં રહીને ભણવું, ફરજિયાત હોમવર્ક કરવું વગેરે કોઈપણ જાતનું બંધન રાખવામાં આવતું નહોતું. અહીં જે બાળકોને જે રમવું હોય, જ્યાં રમવું હોય તેની તેમને સંપૂર્ણ સ્વતંત્રતા હતી.

કુદરતના અનુપમ સૌંદર્યને માણતું સમરહિલ વ્યક્તિત્વ વિકાસનું સાચું તીર્થધામ બની ગયું છે. પૂરા બાર એકર જમીનમાં વિસ્તરેલ વિસ્તારમાં બાગ-બગીચાની રમણિયતા જોવા મળે છે. હરિયાળી લોનથી છવાયેલ ધરતી મનમોહક અને અંતરને ટાઢક આપે એવી આ પવિત્રભૂમિ છે. અહીં બાળકોને સાઈકલ ચલાવવાનો અલગ ટ્રૅક છે. દોડવા માટે અલગ ટ્રેક છે. સ્કેટિંગ અને ઘોડા ખેલવવવા માટે પણ અલગ ટ્રૅક છે. વિવિધ રમતો રમી શકાય તેવા વિશાળ ખુલ્લાં મેદાનો પણ છે. તેમજ મનોરંજન માટે સિનેમા હોલની સુવિધા પણ છે.

સમરહિલની વિશેષતા માટે સિનેમા હોલની સુવિધા પણ છે. શાળા અને છાત્રાલયની શિસ્તના નિયમો વિદ્યાર્થીઓ સાથે મળીને ઘડે છે. તેનું ગંભીરતાથી સવિવેક પાલન પણ કરે છે. જો કોઈ વિદ્યાર્થી સમરહિલની શિસ્તને તોડવાનો પ્રયત્ન કરે તો તેને માટેની સજા કે દંડ પણ વિદ્યાર્થીઓ પોતે જ નક્કી કરે છે. શિક્ષકોની નાપાક હરકતોને દંડ કરવાનો અધિકાર સમરહિલના વિદ્યાર્થી મંડળના અધિકારમાં છે.

એ. એસ. નીલ પોતે એવું માને છે કે કોઈ બાળક જન્મથી ડરપોક, પાંગળું કે આત્મહીન ચેતના વગરનું નથી હોતું. પણ આવનારા દિવસોમાં જિંદગીને ભરપુર માણવા માટે કે ચાહવા માટેની ક્ષમતા ધરાવતું હોય છે. તેમજ તેનામાં શારીરિક, માનસિક, ભાવાત્મક અને બૌદ્ધિક એમ ચાર પ્રકારના વિકાસની સંભાવનાઓ તેનામાં છુપાયેલી પડી હોય છે. એટલે બુધ્ધિ અને હ્રદય વચ્ચે જે લાગણીભર્યા સંબંધો ઘટતા જાય તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થાનો નીલે ક્યારેય સ્વીકાર કર્યો નથી. તેમણે તો આ ચારે પ્રકારના વિકાસની ભૂખ જે શિક્ષણ થકી સંતોષાય તેવા શિક્ષણની સરાહના કરી છે.

તેઓ માને છે કે દમનવાળી શિસ્ત પાછળ હંમેશાં ભય છુપાયેલ હોય છે. આ ભયમાંથી ઈર્ષા દ્વેશ કે વેરભાવના પ્રગટે છે. જેને કારણે બાળકો પોતાનો આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. છેવટે બાળક પાંગળું, નમાલું અને સંવેદનહીન બનતું જાય છે. વધુ પડતી કડક શિસ્ત, દમનકારી અને આંકરી શિસ્ત બાળકમાં રહેલ લાગણી કે સંવેદનાની ભીનાશે સૂકવી નાખે છે. પરિણામે ભવિષ્યના ઘડતરમાં પારાવાર નુકશાન થઈ જાય છે.

સમરહિલના પાયાના સિદ્ધાંતોમાં સર્વ પ્રથમ સંપૂર્ણ સ્વતંત્રતા રહેલી છે. તેનો અર્થ એવો નથી કે બાળક મનફાવે તેવું અશિષ્ટ વર્તન કરી શકે. અને બીજાને નુકસાન પહોંચાડી શકે. સ્વછંદતા અને સ્વતંત્રતા અને સવિવેક વર્તન એટલે સ્વતંત્રતાને તેઓ આવકારે છે. સ્વતંત્રતામાં વિવેકનું તત્ત્વ પ્રાધાન્ય હોય તે ખૂબ આવશ્યક ગણવામાં આવે છે.

શિક્ષકો પણ બાળકોમાં સ્વયંશિસ્ત પેદા કરવાના સાહજિક રીતે આગ્રહી હોવા જોઈએ. જેને કારણે બાળકોમાં શિક્ષક પ્રત્યે આદર અને સન્માન પેદા થાય તેમજ શિક્ષકોનો બાળકો પ્રત્યેનો પ્રેમભર્યો, વહાલભર્યો આદર પેદા થાય. આવા સમયે બધી ન ગમતી બાબતો અંગે સમાજમાં બહોળા પ્રમાણમાં સમરહિલની ભરપુર ટીકાઓ થાઈ, હાંસી ઉડાવવામાં આવી છતાં કોઈ પણની પરવા કરયા વગર રાઈટ્ટલનના સિધ્ધાંત અને અધિકારના

બળે સમરહિલ કામ કરી રહી છે. જે આજના દિવસ સુધી પૂર્ણ વિકાસના માહોલમાં ધમધમે છે.

નીલે શિક્ષણકાર્યના બહોળા અનુભવને આધારે ઘણા પુસ્તકો લખ્યા છે. તેમાં સૌ પ્રથમ ડોમીનીઝલોગ ૧૯૧૬માં પ્રકાશિત થયું. જે ડોમીની સ્કોટિસ ભાષામાં લખાયું છે અને બીજું મહત્વનું પુસ્તક કે જેણે યુરોપ ખંડ ચકિત કરી નાખે એવું સમરહિલ ૧૯૬૦માં પ્રગટ થયું. આ પુસ્તકે યુરોપના શિક્ષણ જગતમાં ખળભળાટ પેદા કર્યો હતો. સંપૂર્ણ લોકતાંત્રિક વિચારધારાથી થયેલા અનેક પ્રયોગોમાંથી જે અનુભવો મેળવ્યા હતા તેનું જીવતું-જાગતું ઉદાહરણ રૂપે સમરહિલ એ નીલના શૈક્ષણિક અનુભવોનો દસ્તાવેજી પુરાવો છે. ન માન્યામાં આવે, ન સ્વીકાર્યામાં આવે તેવા સંપૂર્ણ લોકતાંત્રિક હેઠળ શિસ્તના ખોટા તમામ બંધનોથી અભિનંદન આપીએ એટલા ઓછા છે. નીલના સમરહિલે વિશ્વના શિક્ષણ ચિંતકોને સ્વતંત્રતાની નવી પરિભાષાને સમજવા માટે મજબૂર કરી દીધા.

મોટાભાગના માતા-પિતા અને વાલીઓનો અનુભવ એવો હોય છે કે શાળામાં પ્રવેશ પામતા બાળકની નારાજગીના ભાવરૂપે આંખમાંથી આંસુ પડતા હોય છે. આ એક બીલકુલ સ્વાભાવિક ઘટનાક્રમ હોય છે. આવી ઘટના સમરહિલમાં પણ બનતી હતી. પણ ફેર એટલો જ કે જે બાળકો સમરહિલ છોડે છે ત્યારે પણ તેની આંખમાં આંસુ છલકતાં હોય છે. એ આંસુ શાળામાંથી હા...શ છૂટ્યાના નહીં પણ હ્રદયની લાગણીઓથી વિખુટા પડવાના ભાવાક્ષુ હોય છે. સમહિલના પર્યાવરણથી વેગળા પડવાના હોય છે. નીલની આ એક અનોખી અને અદ્‌ભુત સિધ્ધિ ગણવામાં આવે છે.

સમરહિલમાં બાળકોને અપાયેલ સંપૂર્ણ લોકતાંત્રિક સ્વતંત્રતા બાબત શંકાથી પ્રેરાઈને કોઈ વાલીઓ નીલને પ્રશ્ન કર્યો, "તમે બાળકોને આટલી બધી સ્વતંત્રતા આપો છો તો ક્યારેક બાળકો પ્રતિકારરૂપે સામો જવાબ આપે તો તેની સામે શું પગલા લો છો ? જવાબમાં નીલ કહે છે, સમરહિલમાં કોઈ બાળક ક્યારેય સામો જવાબ આપતું જ નથી, બાળક તો ત્યારે જ સામો જવાબ આપે છે કે જ્યારે સત્તા ધરાવનાર વ્યક્તિ તેને નાદાન ગણીને તેની સામે વ્યવહાર કરે છે. પણ જ્યારે કોઈ શિક્ષક બાળકના વર્તન અંગે ફરિયાદ કરે છે ત્યારે હું સમજી લઉં છું કે એ શિક્ષકની નિષ્ફળતા છે." નીલનો આ જવાબ સાંભળનારના દિલમાં સાંસરવો ઉતરી ગયો. તેની પાછળ કોઈ પ્રકારની ચર્ચા કે દલીલ કરવાનો અવકાશ રહેતો નથી. શિક્ષણ, શિક્ષક અને બાળકના વર્તન વિશેની પાયાની સમજને ઉજાગર કરે છે. સમજદાર અને બાલપ્રિય શિક્ષક.

સમરહિલ એક એવી અનોખી શાળ છે કે જ્યાં દિમાગ અને દિલનો પ્રકાશ પુરબહારમાં પ્રકાશિત થાય છે. પુસ્તકિયા માહિતી આપનારી આ શાળા નથી. પણ ચોક્કસ પ્રકારના વિશિષ્ટ વાતાવરણમાં રહી અનોખા વ્યક્તિત્વ ઘડતરની આ શાળા છે. જાપાન, અમેરિકા, ઈઝરાઈલ, થાઈલેન્ડ જેવા વિકસિત દેશોના શિક્ષણ જગતમાં સમરહિલના લોકતાંત્રિક વિચારો લેવાયા છે જે આ પ્રમાણે છેઃ

● વિદ્યાર્થીઓએ વર્ગશિક્ષણમાં બેસવું ફરજિયાત નથી. ● વિદ્યાર્થીને જે કંઈ કરવું કે પામવું હોય તેની તેને સ્વતંત્રતા હોય. ● શિસ્તના નામે વિદ્યાર્થીઓ ઉપર કોઈ પણ પ્રકારનું દબાણ કે જબરદસ્તી ન હોય. ● જ્યાં વિદ્યાર્થીઓ પોતાના નિયમો પોતે ઘડતા હોય અને ગંભીરતાથી તેનું પાલન પણ કરતા હોય. ● ઘડેલા નિયમો તોડનાર સામે વિદ્યાર્થીઓ જ સજા કે દંડ નક્કી કરતા હોય અને વસુલાત પણ કરતા હોય.

આ બધું સામાન્ય રીતે આજની પરિસ્થિતિના સંદર્ભમાં માનવામાં આવે એવું નથી, જ્યારે સમરહિલની શિક્ષણ વિચારધારાના પાયામાં મૂળમાં ધરબાયેલી વાત છે. વિશ્વના શિક્ષણ જગતમાં એક અનોખી પ્રતિભા નીલે પેદા કરી છે જે આજના શિક્ષણ સામે લાલબત્તી ધરે છે. આજના શિક્ષણમાં શિક્ષકની જોહુકમી ચાલે છે. તેનું સમરહિલમાં બીલકુલ સ્થાન નથી. બાળકોને અપાયેલ પૂર્ણ સ્વતંત્રતામાં વ્યક્તિત્વ વિકાસની ખીલવણી કઈ રીતે થઈ શકે તેની માર્ગદર્શિકા નીલનું સમરહિલ પૂરી પાડે છે.

નીલ કહે છે; જ્યારે મેં અને મારી પત્નીએ સમરહિલ શાળા શરૂ કરી ત્યારે અમારા મનમાં એવું હતું કે એક એવી શાળા હોય કે જેમાં સંપૂર્ણ આઝાદી હોય, જ્યાં સ્વયં


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

અનુશાસન થતું હોય, જ્યાં દરેક પ્રકારના સલાહ, સૂચનો આપવા, નૈતિક અને ધાર્મિક ઉપદેશો દેવાનો મોહ ત્યજાયેલો હોય. બાળક જન્મથી દુષ્ટ હોતું નથી એ સારું અને નિર્દોષ જ હોય છે, પણ સમાજનો સંસર્ગ તેને હિનભાવના તરફ દોરી જાય છે. વાંક બાળકનો નથી, વાંક ઘરના વડીલોનો હોય છે, જ્યારે દોષનો ટોપલો ઢોળાય છે બાળક ઉપર. આ એક કમનસીબી છે.

ચાલીસ વર્ષના શિક્ષણ અનુભવોમાં બાળકની સારપ અંગેનો અમારો વિશ્વાસ ક્યારેય ડગ્યો નથી પણ ઉંમરની યુક્તતાએ છેવટનું રૂપ લઈ લીધું છે. આ એક પ્રકૃતિનો સહજ સ્વભાવ છે. મારી દૃષ્ટિએ બાળક સ્વાભાવિક રીતે વિવેકશીલ અને યથાર્થવાદી હોય છે. જો તેમને યુક્તતાની સલાહ આપ્યા વગર તેના ભરોસે જ છોડી દેવામાં આવે તો સંભવિત વિકાસની સીમા સુધી તે પહોંચી શકે છે. આવી પૂર્ણ આશા સાથે સમરહિલનો પ્રારંભ કર્યો હતો.

૧૯૭૩ માં નીલ પ્રભુને પ્યારે થઈ ગયા ત્યાં સુધી સમરહિલનું સંચાલન નીલ પોતે જ કરતા હતા. તેઓ ૯૦ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવી વિદાય થયા હતા. તેમના પછી તેમની બીજી પત્ની એનાએ સમરહિલનું સંચાલન ૧૯૮૫ સુધી કર્યું અને તે પછી ૧૯૮૬થી આજ સુધી સમરહિલનું સંચાલન નીલની દીકરી જોઈ કરી રહી છે. જે સિધ્ધાંતોને લક્ષમાં રાખી સમરહિલની સ્થાપના કરી હતી તેમાં આજે પણ કોઈ જાતની બાંધછોડ કે પરિવર્તન આવ્યું નથી.

ચાલીસ વર્ષના અનુભવને અંતે સમરહિલના વિચારોને સંયુક્ત રાજ્ય અમેરિકાના વિશ્વવિદ્યાલયોમાં મનોવિજ્ઞાન અને શિક્ષણના અભ્યાસક્રમોમાં જોડવામાં આવેલ છે. આ પુસ્તક વાંચીને કેટલાય વાલીઓ ઈંગ્લેન્ડ આવીને પોતાના બાળકોને સમરહિલમાં પ્રવેશ અપાવે છે.

સંખ્યાની મર્યાદા બ્રિટીશ સરકારને હંમેશ ખટકતી રહી અને શાળા બંધ કરવાના આદેશો અપાયા. આખા વિશ્વમાં પથરાયેલા સમરહિલના વિદ્યાર્થીઓનું સંગઠન થયું. સરકાર સામે આંદોલન છેડ્યું અને કાયદાકીય પગલું ભરીને જીત મેળવી. સરકારે નમતું જોખવું પડ્યું. તમામ સમસ્યાઓનો સામનો કરી ૮૨ વર્ષથી અણનમ, અડીખમ આજે પણ કાર્યરત છે.

સમાજની વ્યાપક સમસ્યાઓનું સમાધાન આ શાળા નથી કરતી છતાં પણ શિક્ષણના પાયાના મૂળભૂત વ્યાપક ઉદ્દેશને લક્ષમાં રાખીને મૂલ્યવાન સંશોધન કરી રહી છે. સમરહિલ સાચી દિશાના વિકાસનો રાહ ચીંધી રહી છે. પણ ચાલવાનું તો પોતે હોય છે.

જે વખતે સમરહિલનું મંડાણ થઈ રહ્યું હતું તે વખતે સોવિયેત રશિયામાં એક નવા સમાજની રચના માટેના શિક્ષણ પ્રયોગો થઈ રહ્યા હતા. ભારતમાં એ સમયે ગાંધી, ટાગોર, જેબીકૃષ્ણમૂર્તિ અને ભાવનગરમાં હરભાઈ, ગિજુભાઈ અને નાનાભાઈ જેવા સમર્થ કેળવણીકારોએ પોતાની સંસ્થાઓમાં અનેક પ્રયોગો કર્યા. બાળકના લાલપાલન અને વિકાસ અંગેના તમામ પ્રયાસોમાં કેટલીક મૂળભૂત સમાનતાઓ હતી. બાળકોની ઈચ્છાઓ સાથે ભાવાત્મક વિકાસ ઉપર ભાર દેવાઈ રહ્યો હતો. તેમની સ્વતંત્રતા, સ્વયં અનુશાસન, સ્વપ્રેરણા અને સામુહિક અનુશાસન પર ભાર દઈને પોતામાં પડેલ મૂળભૂત રચનાત્મક શક્તિઓનો વિકાસ કરતા કરતા કંઈક બની જઈને સમાજ ઉત્થાનમાં યોગદાન આપવા પર ભાર દેવા માટે તમામ પ્રયાસો થતા જોવા મળે છે. પણ અનુશાસનના સ્વરૂપમાં અંતર છે. વિચારધારાઓ પર ભાર દેવામાં અંતર છે અને બાળપણની વ્યાખ્યા કરવામાં પણ અંતર છે.

અત્યારો સમરહિલના આચાર્યા તરીકે ઝોઈરેડહેડ ફરજ બજાવે છે. સમરહિલ એ બાળકોની સૌથી જૂની અને અનોખી ભાત પાડતી ખ્યાતનામ સંપૂર્ણ લોકતાંત્રિક શાળા છે કે જ્યાં શિક્ષકો અને બાળકો વચ્ચેની જવાબદારી અને નિર્ણયો લેવાની સત્તા વહેંચવાના યુગના મંડાણ એટલે સમરહિલ.

બાળકોમાં પ્રકૃત્તિઓ આપેલ લેખન અભિવ્યક્તિ, મૌખિક અભિવ્યક્તિ નાટ્યકલા, અભિનયકલા, સાહિત્ય સર્જનશક્તિ તેમજ ખેલકૂદનું કૌશલ્ય વિકાસ પામે એજ સમરહિલની વિશેષતા છે.

૨૦૧૬માં આઈ.એસ.આઈએ લીધેલ રૂબરૂ મુલાકાતના અહેવાલમાં નોંધાયું છે કે સમરહિલના વિદ્યાર્થીઓ પાસે મજબૂત કોમ્યુનિકેશન કૌશલ્ય છે. (ક્રમશઃ)

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર
દેવભૂમિ દ્વારકા.

વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે ''શિક્ષણના સિતારા'' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે ''શિક્ષણના સિતારા''ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.

## વિદ્યાક્ષેત્રે કબીરવડ
## યશવંત શુક્લ

**શ્રી સદ્મ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ - ૯**

પરસનબાના અમીઝરતા ચહેરાથી ઘર આખું ઉજાસથી ભર્યું ભર્યું હતું. આ ઉજાસ સૂરજનો ન હતો; ચંદ્રનો હતો. ચંદ્રનું તેજ તે અસલમાં સૂરજનું તેજ. પરસનબાના પતિ પ્રાણશંકરભાઈએ આડત્રીસ વર્ષની અધવચ ઉંમરે વિદાય લીધી. ચાર બાળકોથી વીંટાયેલા પરસનબાના ચહેરાનો ઉજાસ ઘરના સૂરજના આથમવાની સાથે જ ખરી પડ્યો !

હવે તો ઉપર આભને નીચે ધરતી ! સ્વયં સસરાજીએ, પતિની માંદગી પાછી બચેલી રહીસહી મિલકત સેરવી લીધી અને એક દિ'તો ભૂખથી વલવલતા ચાર માસૂમ ચહેરા જોઈને પરસનબા વલોવાઈ ગયાં. લાચાર પગલે સસરાને ત્યાં જઈને બચ્ચાંને ખાતર ખાવા ધાન માટે હાથ જોડ્યા ત્યારે માંડ એકાદ પણ કોદરા મળ્યા. પતિના મૃત્યુ પછી વરસ દિ'થી ખૂણો પાળતાં પરસનબા કોદરા ખાંડવા બેઠા. ખંડાતા રહેતા કોદરાથી એમનું જીવન ક્યાં નોખું હતું ?

એમનું ઉમરેઠ ગામ પરભાતી નીંદર માણતું હોય ત્યારે જાગીને તેઓ દસ વરસના મોટા દીકરાને જગાડતાં. એ દૂબળા-ઠીંગણા દીકરાને હાથે દેગડું પકડાવે માથે ગાગર-બેડું, કેડે ઘડો ને હાથ દોરડું. બંને દોઢેક કિલોમીટર દૂર આવેલા મીઠા પણ ઊંડા કૂવાની વાટ લે. મોંસૂઝણું થાય તે પહેલાં તો મા-દીકરો પાણી ભરીને પાછાં ઘેર આવી જાય. બંને વચ્ચે રસ્તે થયા કરે અબોલ સંવાદ-આ સંવાદે વિકસાવેલી સમજદારી તે દિ'મોટિયારે કેમ ઝટકાવી નાખી ?

ભાણામાં કોદરી મુકાયેલી જોઈને તે બરાડી ઊઠ્યો - ''કોદરો, કોદરો ને કોદરો ! મોટી, બીજું કૈંક રાંધવાનું સૂઝતું જ નથી તને ?''

એ બાળકનો કંઈ વાંક ન હતો. પિતાજીને જળોદરનો વ્યાધિ હોવાથી એમના માટે ને તેથી ઘરમાં સૌને માટે કોદરી ને મગનું પાણી થતું. એ વસમા દિવસોથી કોદરી ખાઈ ખાઈને કંટાળેલા મોં સામે વધુ વસમા દિવસે કોદરી આવી એટલે એ મોટા બાળકે એવી તો ધમાલ માંડી કે માતા પરસનબા રડી પડ્યાં - ''બેટા, તું પણ મને પજવીશ ? જાણતો નથી કે કેવા દા'ડા આવ્યા છે ?''

-બસ, આટલું સાંભળતાવેત દસ વરસનો એ દીકરો એકાએક જાણે વીસ વરસનો સમજદાર સાથી થઈ ગયો ! વિધવા માતાનો એ નાનકડો પણ સમજુ સાથી તો આજના અનેક સિદ્ધ સર્જકો, શિક્ષકો અને અગ્રણીઓના શ્રદ્ધેય રાહબર શ્રી યશવંતભાઈ શુક્લ. ઉમરેઠ (જિ.ખેડા) મુકામે સને ૧૯૧૫ની આઠમી એપ્રિલે તેમનો જન્મ. ગીચોગીચ ગરીબીના અંધારામાં મથી મથીને એમણે મારગ શોધ્યો. પોતાનું વિત્ત વિકસાવ્યું. શિક્ષણ, સાહિત્ય અને જાહેર ક્ષેત્રની અનેક સંસ્થાઓને જરૂરી છાયા કરતા રહેતા શ્રી યશવંતભાઈ શુક્લ એટલે વિદ્યાક્ષેત્રે કબીરવડ ! બૃહદ્


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ગુજરાતમાં જ નહીં પણ, કોઈ પણ સ્થળે થતી, ગુર્જર-સાંસ્કૃતિક પ્રવૃત્તિ એમની હાજરી કે સંદેશા વગર અધૂરી લાગે. આજે આઠ દાયકા પાર કરી ચૂકેલો એ કબીરવડ તેની કિશોર અવસ્થામાં અને ભાંડુઓને છાયા આપવા માટે કેવો તણાતો-તુંસાતો હતો !

ગામમાં કોઈના લગ્નપ્રસંગે રાતે દક્ષિણા કમાવા જાય. બટુક-યશવંત માંડ ખાસ્સું જાગીને ઊંઘી ગયો હોય ત્યારે બીજા બ્રાહ્મણો તેને જગાડતા ને દક્ષિણ માટે લંબાવેલા તેના હાથની હથેળીમાં ત્રણ પૈસા ઠલવાતા !

આવી આકાશી આવક તો ક્યારેક જ ન થતી. આથી અંગ્રેજી શાળાની અઢી રૂપિયાની ફી મેળવવા ઘરમાં કકળાટ થતો. અંગ્રેજી ત્રીજા ધોરણમાં ભણેશરી યશવંત ત્રણ વર્ગમાં પહેલો આવ્યો ત્યારે તેને પાંચ રૂપિયાની શિષ્યવૃત્તિ મળવા માંડી. માને તેથી થોડી નિરાંત અનુભવાઈ.

માતાને પૈસે-ટકે થોડી વધુ નિરાંત અપાવવા ઉત્સાહી યશવંત દીવાસળીના કારખાના માટે ખોખાં તૈયાર કરવાનું શીખી લાવ્યો. આ નવતર ને એઠવાડિયા જણાતા કામને મા શરૂઆતમાં તો અપનાવી ન શકી. નાની બહેનની મદદથી યશવંતે ખોખાં બનાવવા માંડ્યાં. પછી તો દાળ વીણવા કે પતરાળાં સીવવાનાં કામ કરતાં આ કામમાં વધુ મજૂરી મળતી હોવાથી પરસનબા પણ આ કામમાં ભળ્યાં. સાંજ પડ્યે તે શુક્લ-કુટુંબ હવે એક હજાર ખોખાં તૈયાર કરીને બાર આના કમાવા માંડ્યું !

પંદરમા વર્ષે પહોંચેલા યશવંતને હવે કથા પૂજાના કામ માટે કહેણ આવવા માંડ્યા. આવા કામમાં તો દક્ષિણાય ખાસ્સી મળે. કામેય કેટલું ! વિધિ કે વાચન પતાવીને હાથ લંબાવવો અને કહેવું - સ્વસ્તિ !

ખરા અર્થમાં બ્રાહ્મણ-તરુણ યશવંતને થયું : દક્ષિણા માટે હાથ લંબાવીએ એ તો ભીખ માંગવા બરાબર ! આવી યજમાનવૃત્તિથી તો વેગળા જ રહેવું ભલું ! હવે એણે દક્ષિણા-યોગ ટાળવા માંડ્યો. આથી આવક ઓછી થઈ. માને આઘાત લાગ્યો, પણ શું થાય ?

થયું એવું કે ભણેશરીનું ભણતર જ બંધ કરી દેવું પડે. બીજો કોઈ ઉગાર જ ન હતો. આ વાત કળી ગયેલા ભણતર-ભૂખ્યા યશવંતે લાંબો વિચાર કરીને ઘર છોડ્યું. અમદાવાદની વાટ પકડી. આ નિર્ણય લેવામાં એણે કંઈ અંધારામાં ભૂસકો માર્યો ન હતો. એક સંબંધીની સહાયથી અચરતલાલ ગિરધરલાલ છાત્રાલયમાં છાનેમાને નિઃશુલ્ક પ્રવેશ અંકે કરી લીધો હતો.

આમ માતાને તત્કાળ આઘાત આપીને અમદાવાદ આવેલ તરુણ-યશવંતે કેટલુંક ભણીને તેને પત્ર લખ્યો : “હું ભણી-ગણીને આગળ વધીશ તો ભાંડુઓને ભણાવી શકાશે ને છેવટે સૌ સુખી થઈશું.” રહેતાં રહેતાં માને વાત ગળે ઉતરી અને બન્ને વચ્ચે પૂર્વપત્ સમાધાન થઈ ગયું.

એચ.બી. કાપડિયા હાઈસ્કૂલના વિદ્યાર્થી યશવંતના સ્વાધ્યાય ઉત્તરો વાંચીને ઉમરેઠના માંકડ માસ્તરે કેળવેલી એમની સાહિત્ય અભિરુચિનો એક શિક્ષકને ખ્યાલ આવ્યો. એણે તો વધુ વાચન માટે તેને પુસ્તકો પણ મેળવી આપ્યાં.

હાઈસ્કૂલના બીજા એક શિક્ષક એવી તો તન્મયતાથી શીખવતા કે તેમનું બોલાયેલું બધું યશવંતને યાદ રહી જતું. એ કાળમાં, શિક્ષકે શીખવેલ હેઝલીટના નિબંધનો ઉત્સાહભેર અનુવાદ પણ એને નમૂનેદાર કરેલો અને તેય શિક્ષકના સૂચન કે માર્ગદર્શન વગર !

પંડિત મદનમોહન માલવિયાની ડાકોર સભાના મંચ પર ચઢીને સોળ વર્ષના યશવંતે અસહકાર આંદોલન સંદર્ભે ગીત રચીને લલકાર્યું હતું : “પેલા સહકારની પૂંછડી પગમાં ભરાય છે, પગમાં ભરાય છે ને ટગુમગુ થાય છે !” (૧૯૩૦)

સાહિત્યપ્રેમી યશવંતે, મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં મુંબઈ યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયમાં સર્વપ્રથમ આવીને ગુજરાત વિદ્યાસભાનું કાન્ત પારિતોષિક મેળવ્યું. (૧૯૩૨)

મૅટ્રિક પછી અમદાવાદના એ.જી. ટ્રસ્ટના છાત્રાલયમાં રહેવા-જમવાની સુવિધા મળી. ભણવાનું

ગુજરાત કૉલેજમાં. બી.એ.માં હતા ત્યારે 'ગુજરાત નવસો વર્ષ પહેલાં' શીર્ષકયુક્ત તેમનો પહેલો વિવેચન-લેખ પ્રસિદ્ધ થયો. ઈતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયેલા (૧૯૩૬) યશવંતભાઈનો તત્કાલીન પ્રસિદ્ધ સામયિક 'રેખા'માં કવિતા અંગેનો લેખ વાંચીને સિદ્ધહસ્ત કલિ-વિવેચક શ્રી રામનારાયણ વિ. પાઠકે તેમની સામેથી પ્રશંસા કરી હતી. બંને વચ્ચે આત્મીય સંબંધ વિકસ્યો હતો.

સુખ્યાત અધ્યાપક-વિવેચક શ્રી અનંતરાય રાવળ કૉલેજ-મૅગેઝિનમાં છપાતા લેખો વાંચીને યશવંતભાઈને વગર દીઠે ઓળખતા હતા. પ્રત્યક્ષ મુલાકાત વખતે એમણે એકવીસ વર્ષના નવયુવાન યશવંતભાઈને ગુજરાતી સાથે એમ.એ. કરવા માટે માર્ગદર્શન આપતા કહ્યું : ''તમે સુરતમાં વિષ્ણુપ્રસાદ પાસે ભણો તો સારું.''

સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તો યશવંતભાઈના ગામ ઉમરેઠના જ વતની. એમના વિશે તરુણ વયે તો માત્ર એટલું જ સાંભળેલું કે આપણી જ્ઞાતિના એ બહુ ભણેલા પ્રોફેસર માંદા જેવા રહે છે ! તે પછી તો ઉમરેઠમાં મિત્રમંડળના ઉપક્રમે આચાર્ય વિષ્ણુપ્રસાદનું વ્યાખ્યાન પણ યોજેલું. (૧૯૩૫) તે વખતથી સાક્ષરની ગૌરવી વાણી યશવંતભાઈના ચિત્તમાં ગુંજતી રહી હતી.

એમને સીધું મળવા જતાં તો યશવંતભાઈને ક્ષોભ થયો, પત્ર લખીને આગળ એમ.એ.નો અભ્યાસ કરવાની પોતાની ઈચ્છા જણાવી. પારિવારિક સંજોગો અને લીલાબહેન સાથે પોતાનાં થયેલ લગ્ન (૧૯૩૭) - આ સર્વ વિગતોના જવાબમાં શ્રી વિષ્ણુપ્રસાદે યશવંતભાઈને પોતાને ઘેર વત્સલભાવે બોલાવ્યા અને સુરત ભણવા આવવા સલાહ આપી. જરૂરી આર્થિક સહાય માટે સધિયારો આપ્યો. મુરબ્બી વિષ્ણુપ્રસાદનો આત્મીય સંબંધ યશવંતભાઈના જીવનનું અમૂલખ અને વિશુદ્ધ ધન બની રહ્યો.

સુરતની એમ.ટી.બી. કૉલેજમાં મુખ્ય વિષય ગુજરાતી અનો ગૌણ વિષય અંગ્રેજી સાથે એમ.એ. નો અભ્યાસ કરતા હતા (૧૯૩૬-૩૮) ત્યારે 'લોકવાણી' સાપ્તાહિકમાં યશવંતભાઈ લેખો લખતા. ખંડ-સમયના શિક્ષક તરીકે નોકરી કરતા. શ્રદ્ધેય વિદ્યાગુરુ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તો તેમના જીવન પર છવાઈ ગયા. શ્રી યશવંતભાઈ એમ.એ.માં ગુજરાતી-અંગ્રેજીના જૂથમાં સમગ્ર યુનિવર્સિટીમાં ત્રેસઠ ટકા ગુણ મેળવીને પ્રથમ ક્રમે રહ્યા હતા.

એમ.એ. થયા પછી અમદાવાદ મુકામે 'પ્રજાબંધુ' સાપ્તાહિકનું ઉપતંત્રીપદ સંભાળ્યું. 'ગુજરાત સમાચાર'માં પત્રકાર તરીકે જોડાયા. ગુજરાત કૉલેજમાં ખંડ-સમય અધ્યાપન કરવા માંડ્યું. (૧૯૩૯-૪૧) તેમની યશવંતી શૈલીમાં થતાં વ્યાખ્યાનો સાંભળવા બીજી કૉલેજના વિદ્યાર્થીઓ પણ આવતા અને તેમનાથી અભિભૂત થતા.

વતન ઉમરેઠની નિશાળમાં પણ છ માસ અધ્યાપન કર્યું. તે સમય દરમ્યાન ૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલનના ટેકામાં એમણે ભોંયપત્રિકા શરૂ કરેલી. આંદોલન પછી ઊઘડતી શાળાએ તેમને ચડત પગાર ચૂકવીને છૂટા કરી દેવાયા !

ઈ.સ. ૧૯૪૨-'૪૫ના ગાળામાં યશવંતભાઈ મુંબઈ રહ્યા. અહીં એલ્ફિસ્ટન કૉલેજમાં પાર્ટટાઈમ લેક્ચરર અને એક હાઈસ્કૂલમાં આસિસ્ટન્ટ ટીચર તરીકે તેઓ રહ્યા હતા. આ પછી ભારતીય વિદ્યાભવનમાં રીડર અને પછી પ્રોફેસર થયા. ઈતર પ્રવૃત્તિ લેખે ચિલ્ડ્રન ઍકેડેમીના પ્રાથમિક વિભાગના અધ્યક્ષ રહ્યા હતા.

ત્રીસ વર્ષની વયે (૧૯૪૫) અમદાવાદ પાછા આવીને 'પ્રજાબંધુ'માં બે'ક વર્ષ રહ્યા. આ પછી ભો.જે. વિદ્યાભવનમાં ગુજરાતીના અધ્યાપક થયા. બસ, ત્યારથી વિદ્યાભવનની માતૃસંસ્થા ગુજરાત વિદ્યાસભા સાથે એમને આજીવન નિસબત બંધાઈ.

તેઓ ગુજરાત વિદ્યાસભામાં જોડાયા ત્યારે તેમને જર્નાલિઝમના વર્ગો શરૂ કરવાની જવાબદારી સોંપાઈ. આ નવા જ દાખલ કરાયેલા વિષયનો અભ્યાસક્રમ ઘડવા માટે દુનિયાભરની યુનિવર્સિટીઝ અને બીજી સંસ્થાઓમાંથી નમૂના મંગાવ્યા. પોતે એ વિષયનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. આ

વિષયનું પુસ્તકાલય પણ ખૂબ સમૃદ્ધ કર્યું. આ પત્રકારત્વના વર્ગો એમણે આઠ વર્ષ ચલાવ્યા. (૧૯૪૭-'૫૫)

ગુજરાત વિદ્યાસભા દ્વારા સને ૧૯૫૫માં રામાનંદ વિદ્યાલય (પછીથી હ.કા.આર્ટ્સ કૉલેજ) સ્થપાયું. તેના આચાર્ય તરીકે વિદ્યાસભાના તમામ સભ્યોએ સર્વાનુમતે યશવંતભાઈને નીમ્યા. આચાર્ય તરીકેનો કશો અહંભાવ રાખ્યા વિના, ઊછરતી પેઢીના વિદ્યા-ઉત્કર્ષ માટે જરૂરી સાધન-સુવિધા મેળવવા અને ગોઠવવા માટે મથતા જ રહ્યા.

આચાર્યશ્રી યશવંતભાઈએ વિદ્યાર્થીઓ માટે જોગવેલ વિષય-વૈવિધ્ય એક વિક્રમ સમાન હતું. ભાષાઓ તો ખરી જ - તેમાં ફારસી અને જર્મનીના વર્ગો પણ ભેળવ્યા. ઉપરાંત સમાજશાસ્ત્ર, માનવશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ઈતિહાસ, ભૂગોળ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન - કશી આર્થિક ગણતરી કર્યા વિના આ બધી જ વિદ્યાશાખાઓ ચલાવાતી. કોઈ કોઈ વિષયમાં તો બે-ત્રણ વિદ્યાર્થીઓ જ હોય તોપણ એમને માટે ત્રણ-ચાર અધ્યાપકો નિયુક્ત કર્યા હોય ! આચાર્યશ્રીની અભિલાષા કૉલેજને યુનિવર્સિટી કક્ષાએ લાવવાની હતી અને તે તેમણે સિદ્ધ કરી બતાવી.

અમદાવાદ પધારેલ પ્રત્યેક સાહિત્યકારને તેઓ પોતાની કૉલેજમાં અચૂક નિમંત્રતા અને તેમનાં વ્યાખ્યાનો યોજતા રહેતા. તેઓ કહેતા કે શંકરાચાર્યના મઠમાં જેમ બારણે પિંજરામાં પોપટ-મેના પણ વેદના મંત્રો ટહૂકતાં હોય તેમ આ કૉલેજમાં પણ વિદ્યાપ્રવૃત્તિનો ગુંજારવ થતો રહેવો જોઈએ. કૉલેજ સવારની હોવા છતાં ઢળતી બપોરથી સાંજે-રાતેય નાટ્ય અને વૃત્તવિદ્યાના વર્ગો, જ્ઞાનસત્રો અને નાટ્યસ્પર્ધાઓ જેવી સંસ્કાર-પ્રવૃત્તિઓથી કૉલેજ ગુંજતી રહેતી હતી.

આચાર્યશ્રી યશવંતભાઈએ કૉલેજમાં વિદ્યાર્થીઓ માટે મૂંઝવણ-નિવારણ કેન્દ્ર શરૂ કરેલું. તેમાં તેમના ઉપરાંત અધ્યાપકો અને માનસશાસ્ત્રીઓ પણ સેવાઓ આપતા. આચાર્યશ્રી સામેથી વિદ્યાર્થીઓને ઓળખવા ભાગ્યે જ જઈ શકતા. અનાયાસ આવી મળે તેમને સહાયભૂત થતા.

પોતાની કૉલેજના અધ્યાપકોનું વિદ્યાજગત વિસ્તારવા તેમણે રીડિંગ ક્લબની યોજના કરી હતી જેમાં જુદી જુદી વિદ્યાશાખાઓના અધ્યાપકો સાથે મળી ચર્ચા-વિચારણા કરતા.

વિદ્યાર્થીઓને સમાજસેવાની દીક્ષા આપવા માટે નજીકનાં ગામડાંઓને કૉલેજ એકથી પાંચ વર્ષ માટે દત્તક લેતી. તે ગામોમાં યોજાતી સપ્તાહ-શિબિરો દરમ્યાન વિદ્યાર્થીઓ રસ્તા બાંધતા, જાહેર જાજરું બનાવતા અને આર્થિક સર્વેક્ષણ જેવી પ્રવૃત્તિઓ કરતા. આચાર્યશ્રી યશવંતભાઈએ કેટલાંક ગામોને વીજળી અપાવી હતી તો ક્યાંક હરિજનો-સવર્ણો વચ્ચેના વિખવાદો શમાવ્યા હતા.

શ્રી યશવંતભાઈનો આચાર્ય તરીકેનો વ્યવહાર એટલો અનાત્મલક્ષી રહેતો કે કૉલેજમાં ભણતી તેમની પુત્રીઓને કોઈ વિશેષ છૂટ કે અધિકાર ભોગવવા મળતા નહીં - સ્ટાફ માટેના દાદર પરથી દીકરી ચડતી હોય તો અડધેથી ઊતરવું પડતું !

કૉલેજના યશસ્વી સંચાલન-સમય દરમ્યાન વચગાળે ૧૯૭૫-'૭૯ના ગાળામાં શ્રી યશવંતભાઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર રહ્યા હતા. વિશ્વવિદ્યાલયોને અભડાવતાં રાજકીય પરિબળોના પ્રદૂષણ વચ્ચેથી સરકીને તેઓ પોતાના સ્વધર્મ સમાન વિશુદ્ધ વિદ્યાકાર્યને પુનઃ હાથ ધરવા ફરી હ.કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં મૂળસ્થાને આવી ગયા અને શહેરની સંસ્કાર-પ્રવૃત્તિઓમાં સમરસ થયા.

કોઈ પણ કક્ષાના આચાર્ય એ પ્રથમ તો શિક્ષક જ ને ? શ્રી યશવંતભાઈએ સંચાલનની સમસ્યાઓ વચ્ચે શિક્ષણકાર્યની ઉપેક્ષા નજ કરી. તેઓ વર્ગમાંનાં પોતાનાં મુદ્દાસરનાં, છટાદાર અને સંદર્ભસભર પ્રવચનોમાં નિયત કૃતિઓનો રસાસ્વાદ અને સમીક્ષા કરતા. વિદ્યાર્થીઓમાં સાહિત્યરસ અને સમાજલક્ષિતા જન્માવતી એમની વાક્ધારાથી પોષાયેલ અનેક સાહિત્યકારો, શિક્ષકો, કાર્યકરો અને જે તે ક્ષેત્રના અગ્રણીઓ તેમના ઋણનો તક

મળે ત્યારે ત્યારે જાહેરમાં સ્વીકાર કરે છે.

ક્લાસ અને કૉલેજ કક્ષાએ જ નહીં, યુનિવર્સિટી કક્ષાએ પણ યશવંતભાઈ શુક્લની દક્ષ સેવાઓ નોંધપાત્ર છે. ગુજરાત યુનિવર્સિટીમાં સને ૧૯૫૦થી તેઓ અનેક અધિકાર-મંડળોમાં રહીને મહત્વપૂર્ણ પ્રદાન કરતા રહ્યા, સાથોસાથ ઉચ્ચ શિક્ષણમાં મૂલ્યોની માવજત માટે મથતા રહ્યા.

યુનિવર્સિટી ઉપરાંત, શિક્ષણક્ષેત્રની રાજ્યકક્ષાની અન્ય સંસ્થાઓને તેમની શૈક્ષણિક સૂઝનો લાભ મળતો રહ્યો છે. આ સંસ્થાઓમાં સમાજ શિક્ષણ સમિતિ, પાઠ્યપુસ્તક મંડળ, ગ્રંથનિર્માણ બોર્ડ, શિક્ષણ સલાહકાર સમિતિ, હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ, ચિ. ન. વિદ્યાવિહાર વગેરે સમાવિષ્ટ છે.

ગુજરાતની દરેક સરકારે શિક્ષણ તેમજ જાહેર બાબતે તેમના અભિપ્રાયને ધ્યાનપાત્ર માન્યો છે. આર્થિક, રાજકીય કે વહીવટી મર્યાદાસર કે કોઈ અકળ કારણસર, તેને અમલમાં ન મૂકી શકે તે વાત જુદી !

'સંદેશ' દૈનિકના 'સમયના વહેણ' નામના પોતાના વિભાગ (કટાર)માં જાહેર પ્રશ્નો ચર્ચીને તેઓ લોકરુચિ કેળવતા અને સંસ્કારતા રહે છે.

એમણે ૧૯૫૨માં ચીનની સંસ્કારયાત્રા કરી હતી. ૧૯૬૫ ને ૧૯૯૦માં અમેરિકા-યુરોપની સ્વતંત્ર પરિષદમાં અતિથિવિશેષ તરીકે ગયા હતા. જાહેર જીવનમાં ઓતપ્રોત રહીને તેઓ સ્વયં જાણે વ્યક્તિ-સંસ્થા બની ગયા છે !

શિક્ષણ પછી પત્રકારત્વ અને સાહિત્યક્ષેત્ર યશવંતભાઈને અતિપ્રિય છે. સાહિત્યવિવેચન, નિબંધ, અનુવાદ અને સંપાદનના ક્ષેત્રે એમણે આપેલાં દરેક પુસ્તકો અભ્યાસી માટે 'મસ્ટ-બુક' લેખાય. એમણે શ્રી સુંદરમ્ સાથે સને ૧૯૪૧નાં પ્રકાશનોની છવ્વીસ વર્ષની વયે સમીક્ષા કરી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખપદે રહીને એમણે વર્ષોથી સક્ષમ સેવાઓ આપ્યા કરી છે. ગુજરાત સાહિત્ય અકાદમીના પણ તેઓ એક રાહબર છે. આજે એકસોતેંતાળીસ વર્ષની વયના સામયિક 'બુદ્ધિપ્રકાશ'ના તેઓ વરસોથી તંત્રીપદે છે. નેશનલ સાહિત્ય અકાદમીની સમિતિમાં તેઓ રહી ચૂકયા છે. (૧૯૭૩-'૮૩) એમને નર્મદ સુવર્ણચંદ્ર (૧૯૮૫) તેમજ રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૯૨) તેમના સાહિત્યક પ્રદાનને અનુલક્ષીને એનાયત થયો હતો.

સંગીત, ચિત્ર, નૃત્ય અને નાટકના ક્ષેત્રે પણ રુચિ ધરાવતા યશવંતભાઈ એક ઉત્તમ કલમધર હોવા છતાં પોતાનાં લખાણો ગ્રંથસ્થ કરવાની બાબતે પ્રમાણમાં અનાસક્ત રહ્યા કર્યા છે. આથી એમનાં પુસ્તકોની સંખ્યા ઓછી પરંતુ અન્યનાં પુસ્તકોની પ્રસ્તાવનાઓની સંસ્થા અનેકગણી અને પ્રવચનો તો પાર વગરનાં ! એમણે પોતાનાં અંગત પુસ્તકાલયમાંનાં પાંચેક હજાર પુસ્તકોમાંથી ત્રણ હજાર જેટલા હ.કા. આર્ટસ કૉલેજ લાઈબ્રેરીને ભેટ આપ્યાં.

યશવંતભાઈનું વિશાળ વાચન, અવલોકન અને સૂક્ષ્મ ચિંતનને લીધે વિકસેલ વિચારસમૃદ્ધિનો પાર પામવો શક્ય નથી. હા, વિદ્યાક્ષેત્રે કબીરવડ સમા તેઓ જ્યારે વકતવ્ય દ્વારા વ્યક્ત થતા હોય ત્યારે તેમની તાર્કિક અને છતાં રસાળ શૈલી જિજ્ઞાસુ અને ભાવુક શ્રોતાઓને જકડી રાખે છે. ગુજરાતીમાં કે અંગ્રેજીમાં તેઓ બોલે ત્યારે તે ભાષાઓનો શબ્દવૈભવ અનાયાસ છલકી ઊઠતો હોય છે.

અનાત્મ અને અનાસક્તભાવે મુલાકાતીને સત્કારતા અને સહાયભૂત થતા યશવંતભાઈની સંવેદના સામાને સ્પર્શી રહે છે. કોઈની ઉપેક્ષા કે અપમાન વીસરી જઈ શકે તેવી કહ્યાગરી તેમની યાદદાસ્ત છે. સ્વીકારેલાં જીવનમૂલ્યો અને માનવીય વ્યવહારના ભોગે એમણે કશું મેળવવાનું ઈચ્છ્યું નથી. એમને સતત વ્યસન જો રહ્યું હોય તો તે વિદ્યા-ઉપાસનાનું ! એમની તેજસ્વી વિદ્વત્તાને પડછાયો છે વારી જઈએ તેવી વિનમ્રતાનો. શિક્ષણ સંબંધે પુછાતા પ્રશ્નના તેમના ઉત્તરોમાં અનુભૂતિ સંયોજાયેલી હોવાથી ઉત્તમ માર્ગદર્શન મળતું હોય છે.

સાહિત્યકાર યશવંતભાઈ ત્રિવેદીએ શિક્ષક યશવંતભાઈ શુક્લ સમક્ષ કાવ્યશિક્ષણ અંગે જિજ્ઞાસા વ્યક્ત

(અનુસંધાન પૃષ્ઠ ૨૮ ઉપર)

# નાગજીભાઈ દેસાઈ : એકલવ્યોના આરાધ્ય

રાજુ કાનાણી

'હેમહીરવા' શ્રી હરિપાર્ક સોસાયટી-૨, નવરંગ-૧ની પાછળ, ૮૦ ફૂટ રોડ, વઢવાણ, સુરેન્દ્રનગર-૩૬૩૦૩૫. મો. ૮૪૬૯૪૮૩૪૬૩

ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના માણેકપુર ગામના માલધારી નેહડામાં પ્રગટેલો શિક્ષણનો દીવડો, ઝાલાવાડને ઝળહળતો કરીને આખા ગુજરાતના આભમાં ધ્રુવતારકની જેમ ચમકી રહ્યો છે, એ ઈતિહાસ અંકિત કેળવણી કથા, કોઈ અવતારકથાથી અદકેરું સ્થાન ધરાવે છે.

નેહડાનો નેહ છોડી, અડધી રાતના અંધારા ભેદીને ભણવા માટે મહાભિનિષ્ક્રમણ કરી, નાગજી નામે નાનકો છોકરો અથડાતો-કૂટાતો, પારકા મલક મુંબઈ પહોંચી, ઘરઘાટી બનીને પણ ભણીને જ રહ્યો !

અવતારી આત્મા સરીખો અંતરનો અજંપો આકૂળ વ્યાકૂળ કરવા લાગ્યો ત્યારે ખુદાબક્ષ મુસાફર બની ભારત ભ્રમણ કર્યું. ભગવાન બુદ્ધની જેમ સંસારનો સાર સમજાઈ જવાથી અંતરતલમાં ઉથલપાથલ થવા લાગી. એક તરફ લોહીમાં વહેતી લોકકલ્યાણની ભાવના અને બીજી બાજુ મનમાં ઉઠતો વૈરાગ્ય ! સંન્યાસ ધારણ કરીને સાધુતા સ્વીકારવાની ક્ષણે, કો'ઈશ્વરી આદેશાનુસાર આ નિર્ણયની ઘડીએ, આ ઉજળા અંતરના આદમી નાગજીભાઈનો ધ્રુજતો હાથ શાંતાતાઈએ સાહી લીધો અને લોકકલ્યાણાર્થે પ્રભુતામાં પગલા પાડ્યા.

અધ્યાત્મનો પંથ પસંદ કર્યો હોત તો તે ક્ષેત્રે હિમાલયની ઉંચાઈ આંબી જ હોત, કારણ કે સેવાના મારગે, શાંતાતાઈની સાથે ચાલીને એ જ ઉંચાઈ પામી ગયા છે. સંસારમાં રહીને સંતત્વ જાળવી રાખી દેવતાઈ પુરુષની જેમ સેવાવ્રત ધરી ભાઈ-તાઈએ સંઘર્ષની શરુઆત કરી.

ત્યજાયેલા-તરછોડાયેલા અનાથ બાળકોની સેવાકાર્ય સમયે સમાજના દુ:ખ દારિદ્રયથી વ્યથિત ભાઈએ અનુભવ્યું કે સમાજમાં વ્યાપ ગરીબી, બિમારી, અંધશ્રદ્ધા જેવી દારુણ સમસ્યાઓના મૂળમાં શિક્ષણનો અભાવ છે. અને તેમણે દ્રઢ સંકલ્પ કર્યો કે સામાજિક અંધકાર ઓગાળવા શિક્ષણની જયોત જલાવીને નૂતન ઉજાસ ફેલાવવો.

અથાક પરિશ્રમ, અનંત સંઘર્ષો અને ઘર પરિવારના ભોગે, અવગણના-અપમાનો સહીને, શારીરિક-માનસિક યંત્રાણાઓ વેઠીને પણ ફક્ત લોકકલ્યાણાર્થે લોકવિદ્યાલયની સ્થાપના કરી. ઝાલાવાડના અંતરિયાળ વિસ્તારના ઉંડાણના ગામડાઓમાં ગરીબીમાં સબડતા વંચિતોના વિકાસાર્થે શિક્ષણ સરિતા વહાવવાનું ભગિરથી કાર્ય આરંભાયું. અન્યના અંધારા જીવતરમાં અજવાળુ કરવા કાજે જાત જલાવી જાણનાર જોગી નાગજીભાઈ દેસાઈ શિક્ષણના શસ્ત્ર વડે યુગપ્રવર્તક ક્રાંતિ કરવા કટિબદ્ધ બન્યા ત્યારે તેના અંતરના ઉંડાણે અક્ષત ઉછરતું દ્રોણત્વ અગણિત એકલવ્યોને આકર્ષિત કરી રહ્યું હતું. ગુરુદ્રોણની જેમ રાજ્યાશ્રમ પામવાની કોઈ મહેચ્છા નહી. તેથી દ્રોણ જેવી મજબૂરીની મૂંજવણ નહી, પરંતુ દ્રોણ સરીખું ગુરુત્વ ખરું ! તેથી શિક્ષણ ઋષિ સ્વરૂપે સામુહિક સહજ સ્વીકૃત નાગજીભાઈએ આદરેલા શિક્ષણ યજ્ઞમાં આહુતિ આપવા અગ્રેસર સમાજ શ્રેષ્ઠિઓના અનુદાનોના આધારે સ્થાપાયેલા સંસ્થા વટવૃક્ષ બની રહી. પારકી પીડાને પોતાની ગણી શિક્ષણ-સેવાના ભેખધારી ભાઈ-તાઈની છત્રછાયામાં આપમેળે આગળ વધવા તત્પર એકલવ્યોના ઉદ્ધારાર્થે મૈત્રી વિદ્યાપીઠ સંસ્થાની સ્થાપના થઈ. મૈત્રી પીટીસીનો શિક્ષક હોય, મૈત્રી પ્રિપીટીસીના બાલશિક્ષિકા હોય, કે મૈત્રી બી.એડ્. કોલેજની અધ્યાપિકા હોય, એમની આગવી આભા અને પ્રતિભા જ એમને અન્યથી ઉંચા આસને

આરુઢ કરે છે.

અજાતશત્રુ એવા મૈત્રીના જ માણસ નાગજીભાઈ દેસાઈની મૈત્રી વિદ્યાપીઠમાં પ્રવેશ પામતા વિદ્યાર્થીના મનોભાવ કંઈક આ રીતે અભિવ્યક્ત થતા હોય છે, મૈત્રી વંદના..

*હે મૈત્રી માત હમારી, હમ ખેલે ગોદ તુમ્હારી,*
*કોઈ પૂછે પહેચાન હમારી, યાદ આયે સિર્ફ તુમ્હારી,*
*હે મૈત્રી માત હમારી..*
*યહા ભાઈ-તાઈ કી હૈ છાયા, હમે પ્યારકા રાહ સુનાયા,*
*યહા દીદી કી દુઆ સે, હમે 'નીજ'ને અપના બનાયા,*
*હે મૈત્રી માત હમારી..*
*યહા શિક્ષા હૈ શુદ્ધ સમાજ કી, દીક્ષા મિલે દેશ કે સપુત કી,*
*યહા સજ્જતા સંસ્કારો કી, મિલે રાહ ઉજ્જવલ ભાવી કી,*
*હે મૈત્રી માત હમારી..*
*યહા જબ જબ કદમ બઢાયા, ગુરુજનોને માર્ગ બતાયા,*
*યહા પલ પલ સબને સંભાલા, મૈત્રીને હી જીના શીખાયા,*
*હે મૈત્રી માત હમારી..*
*હે મૈત્રી માત હમારી, હમ ખેલે ગોદ તુમ્હારી,*
*કોઈ પૂછે પહેચાન હમારી, યાદ આયે સિર્ફ તુમ્હારી,*
*હે મૈત્રી માત હમારી..*

મહાનગરોમાં મહાલતા શહેરીજનોને તો કદાચ ખ્યાલ પણ ના હોય કે ભારત ગામડાઓનો દેશ છે. અને ગામડે વસતા ભારતીયો જ દેશ ચલાવે છે. છતાં આઝાદીના આટલા વર્ષેય જીવનની પ્રાથમિક જરૂરિયાતોથી પણ વંચિત છે. એતો ભલું થજો એ મુઠ્ઠી ઉંચેરા મહામાનવોનું કે જે વંચિતોની વહારે ધાયા અને સમયથી સો વર્ષ પાછળ છૂટી ગયેલા વંચિતોને સમાજના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવાં જીવનભર મથતા રહ્યાં. પૂજ્ય મહાત્મા ગાંધીજી, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળીની પરંપરાના આખરી ચિરાગ સમાન પૂજ્ય નાગજીભાઈ દેસાઈએ શિક્ષણ અને સેવાની ધૂણી ધખાવી, સામાજિક ચરમોત્કર્ષની તપશ્ચર્યા કરીને ઝાલાવાડને તપોભૂમિની ઉત્કૃષ્ટતા બક્ષી છે. પ્રખર કેળવણીકાર તરીકે પ્રયોગાત્મક શિક્ષણ પ્રાણાલિકા તૈયાર કરી, મૂલ્યલક્ષી શિક્ષણ પદ્ધતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકોનું સર્જન કરવું એ તેમનું મુખ્ય ધ્યેય રહ્યું છે. વિદ્યાર્થીઓમાં શ્રમ-સેવા અને સમર્પણ જેવા આદર્શો યુક્ત વિશ્વાસનું વાવેતર કરવું એ શિક્ષણનું ઉદ્દેશ્ય હોવું જોઈએ તેમ તેઓ હંમેશા માનતા રહ્યાં છે. નાગજીભાઈની શિક્ષણ સંકલ્પનામાં પ્રેમ-કરુણા-દયા-સદ્ભાવના-સમાનતા જેવા સદ્ગુણો સહજ ખીલે તે જ સાચુ શિક્ષણ છે, એવું ચરિતાર્થ થતું રહ્યું છે. વિદ્યાર્થીના સામાજિક ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ચારિત્ર્ય ઘડતર થકી શ્રેષ્ઠ નાગરિકોનું નિર્માણ કરવું એ જ શિક્ષણનું સાચુ સ્વરૂપ છે, એમ સાચા શિક્ષણની સ્પષ્ટ વ્યાખ્યા આપીને નાગજીભાઈ કેળવણીના કેડી કંડારી, વ્યક્તિત્વ વિકાસની વિભાવના પણ સરળ કરી આપતા. તેઓ હંમેશા ઈચ્છતા કે મારો વિદ્યાર્થી મોટો માણસ બને કે ના બને, સારો માણસ બને એટલે બસ ! નાગજીભાઈએ કેળવણીકાર તરીકે પોતાના આદર્શો અને સિદ્ધાંતો સાથે સમાધાન ક્યારેય કર્યું નથી.

વંચિતોના વારસદાર એવા નિરાધાર-ઓશિયાળા એકલવ્યો ઉજ્જવળ ભાવીના સ્વપ્નો જોતા પણ સંકોચ અનુભવતા હોય, ત્યારે સ્વપ્નો સાકાર કરવાની વાત તો વિચારી પણ શેં શકાય ? આવા સંકોચાઈ ગયેલા એકલવ્યો મનોમન નાગજીભાઈને ગુરુ પદે સ્થાપે ત્યારે એવા એકલવ્યોએ પોતાના જમણા હાથનો અંગુઠો આપવો પડતો નથી, બલ્કે આવા એકલવ્યોને એક પણ પ્રશ્ન પૂછ્યા વગર પ્રવેશ આપવામાં આવે ! પૂજ્ય નાગજીભાઈના ચરણમાં શરણ મળે એટલે એ એકલવ્ય અર્જુનથી અધિક કાબેલ બને એ નિશ્ચિત જ હોય. કેમકે નાગજીભાઈની નિશ્રામાં વિદ્યાર્થી તરીકે વિકસેલું બાળક પોતાના વંચિતતા વિસરી ચૂક્યું હોય છે. અને તેથી જ પૂજ્ય નાગજીભાઈ દેસાઈ એકલવ્યોના આરાધ્ય છે.

એકલવ્યોના હૈયે ઉઠતા તરંગોમાં લોકવિદ્યાલય માટે કંઈક આવો ભાવધ્વનિ અલંકારિક રૂપે આકારિત થતો


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

હોય છે, 'મારું લોકવિદ્યાલય.''

લોકવિદ્યાલય મારું લોકવિદ્યાલય,
લોકલાડીલું રે , મારું લોકવિદ્યાલય..
ભાઈની ભૂમિ પર તેજ તાઈના તપે,
તેજ તાઈના તપે,
શિક્ષણની સાથે બસ મહોબત ખપે....
લોકવિદ્યાલય....
શ્રમ, સમર્પણ ને સમૂહજીવન દિપે,
સમૂહજીવન દિપે,
જ્ઞાન-વિજ્ઞાનની અહીં તરસ છીપે...
લોકવિદ્યાલય....
દીદી 'નીજ' મંદિરીએ નહી રે જંપે,
નહી રે જંપે,
કેળવણીના કાંઠે ચાલો રે સંપે...
લોકવિદ્યાલય....
સંસ્થા મોરી માત, હેત હૈયે લીંપે,
હેત હૈયે લીંપે,
સંસ્થાનું ઋણ રક્ત ટીપે ટીપે....
લોકવિદ્યાલય રક્ત ટીપે ટીપે....
લોકવિદ્યાલય મારું લોકવિદ્યાલય,
લોકલાડીલું રે, મારું લોકવિદ્યાલય.

દેવદૂતોને અવતાર કાર્ય પૂર્ણ થતાં સ્વધામ સીધાવવાનું હોય છે. એકલવ્યોના આરાધ્ય નાગજીભાઈને પણ તેમનું અવતર કાર્ય પૂર્ણ થતાં સ્વધામ સીધાવવાનું થયું છે. સંધ્યા સમયે ડાળખીથી ફૂલ ખરી પડે એટલી સહજતાથી દેહ ત્યાગીને તેઓ ઈશ્વરમાં અંતર્ધ્યાન થયા એ અમૂલ્ય ક્ષણોમાં એમની ચૈતસિક દિવ્યતા દ્રષ્ટિગોચર થાય છે. તેમનું દેહાવસાન કેવળ થયું છે, બાકી તેઓ વિચાર-વાણી અને કર્મ થકી અમર છે. કંઈ કેટલાય એકલવ્યોના ઉદ્ધારક આરાધ્ય એવા નાગજીભાઈ એકલવ્યોની આરાધના થકી અમરત્વ પામ્યા છે. દિવસ ઉગે અને માળામાંથી પંખી આકાશ ભણી ઉડે એટલી સહજતાથી એમને અચાનક વિદાય લીધી તેથી સહુ સ્વજનો-સ્નેહીજનો આઘાત અનુભવે એ સ્વાભાવિક છે. પરંતુ તેમની આજ્ઞાનુસાર આપણે સહુએ તેમના મરણનો શોક નહીં, પરંતુ સદ્કાર્યો થકી મૃત્યુનો મહોત્સવ મનાવવાનો છે. તેથી આપણા હ્રદયના ધબકારમાં તેઓ હંમેશા ધબકતા રહેશે તેવી પ્રતીતિ થાય છે.

આ લખનારના સદ્નશીબે વર્ષો સુધી પૂજ્ય નાગજીદાદાનું સાંનિધ્ય પ્રાપ્ત થયેલું. તેમના હૈયાની છેક લગોલગ રહ્યાં હોવાના નાતે દાદાનો વિશેષ પરિચય પામી શકાયો છે, જેની ધન્યતા અનુભવું છું. એમનો લાડકો છું માટે થોડી છૂટ લઈને કહું તો તેમના છેલ્લા શ્વાસ સુધી તેમના માહ્યલામાં બાળક હેમખેમ રહેવા પામ્યો હતો. નાના બાળક જેવું હંમેશા હસી શકતા હોવાના કારણે બાળક જેવી નિર્દોષતા અકબંધ રહી હતી. નેંવું વર્ષે નાના બાળક જેવી જિજ્ઞાસા, નવું શીખવાની તત્પરતા અને સતત કાર્યશીલ રહેવાની ક્ષમતા નિહાળી, નવા નિશાળીયાઓ એમની અખૂટ ઉર્જાસ્ત્રોતમાં સ્નાન કરીને અભિભૂત થઈ ઉઠતા. પૂજ્ય દાદા સંચાલકીય નબળાઈઓથી ઉપર ઉઠી ચૂક્યા હતા. સંસ્થાના સામાન્ય કાર્યકરને સમોવડિયા જેવું સન્માન આપી શકવું એ તો દાદાથી જ થઈ શકે. દાદાની કરમકથની વાંચી-સાંભળીએ પછી જ ખ્યાલ આવે કે એમની જીવન જરમર એ કોઈ ઉપનિષદીય નાયકની ચરિત્રકથા જેવી ઉત્પ્રેરક છે. તેમણે અપનાવેલ જીવનરાહ અત્યંત કઠીન-કઠોર અને કપરો છે, છતાં જીવનભર હસતા-હસાવતાં રહ્યાં છે. સમય-સંજોગો ચાહે ગમે તેવા હોય, હંમેશા ઉત્સાહ-ઉમંગ અને ઉમળકાભેર જીવ્યા છે. ક્યારેય કોઈ દાદ-ફરિયાદ નહીં, કોઈ નકારાત્મક વાત-વિચાર કે વાણી નહીં. અનેક અભાવો વચ્ચે જાત જલાવી અન્યને ઉજળા કરી બતાવ્યા છે. દાદા સ્વયં એક જંગમ વિદ્યાપીઠ સમાન હતા. જેમાં જીવતરના ઘાટ ઘડામણીય ઘડતર થાય, જ્યાં કેળવણીની કથા થકી જીવતા શીખવાડતું શિક્ષણ સુલભ હોય. વિદ્યાર્થીઓની વચ્ચે નાચતા-કૂદતા

દાદા બાલઅભિનય ગીત ગવડાવતા હોય ત્યારે શ્રી કૃષ્ણની રાસલીલા જેવો મધુર માહોલ રચાઈ જતો. બાળક જેવી ચંચળતા ખરી, તેથી ટીખળ કરતા રહે. પરંતુ ગાંધીજીને સત્ય-અહિંસા અને રેંટિયો વહાલા હતા, તેટલા જ દાદાને વિદ્યાર્થીઓ વહાલા હતા. છાત્રાલયમાં એમનો પ્રાણ વસતો. છાત્રાલય પ્રવૃત્તિ એ જ એમને મન પૂજા પાઠ. તેઓ હંમેશા કહેતા - 'કર્મ એ જ ધર્મ, માટે મારે મન વિદ્યાર્થીઓ જ ભગવાન... .બાલ દેવો ભવઃ 'છાત્રાલયના બાળકોને સારામાં સારું જમાડવાનો હઠાગ્રહ !

દાદા છીછરી દુનિયાદારીથી દૂર રહ્યાં હોવાના કારણે નાત-જાત, ઊંચ-નીચ, ધર્મ-સંપ્રદાયના વાડાઓનો ખુલ્લો વિરોધ કરતા રહ્યાં છે. સુખ-સત્તા અને સંપત્તિના પ્રલોભનો ક્યારેય એમને આકર્ષિ શક્યા નથી. અનેક એવોર્ડો આવી મળ્યા છે, બેહિસાબ ઈનામ-અકરામ ઠુકરાવી ચૂક્યા છે. કીર્તિ અને કલદાર તરફ હંમેશા ઉદાસીનતા દાખવી છે. છેલ્લા એકા'દ વર્ષથી તો સંસ્થાગત કાર્યક્રમના નિમંત્રણકાર્ડમાં પણ પોતાનું નામ નહી છપાવવાની જિદ્દ કરેલી. તેમની નામ પ્રત્યેની નિસ્પૃહા જ જગતથી જુદા પાડે છે. અને તેથી જ દાદા એકલવ્યોનો આરાધ્ય છે.

અર્જુનથી અદકા સામર્થ્યવાન થયેલા એકલવ્યોની આંખમાં સ્વપ્ન સ્વરૂપે સચવાઈ રહેલા દાદાના વિચારો, વારસાઈ મિલ્કતની જેમ પેઢી દર પેઢી સચવાતા-સંવરતા રહેશે એ સર્વવિદિત છે. તેમજ પૂજ્ય શાંતાતાઈની હૂંફાળી હૈયાતીમાં પૂજ્ય નાગજીદાદાના વિચાર વારસના પ્રતિનિધિ રૂપે શિક્ષણ-સેવાની જ્યોત જલતી રાખવા પ્રવૃત ડૉ. જયશ્રી દેસાઈ - ડૉ. નિખિલેશ દેસાઈ દ્વારા દાદાએ આદરેલા યજ્ઞમાં આહુતિ અપાતી રહે અને આપણે સહુ દાદાના આશીર્વાદના અહોભાગી બની રહીએ તેવી શ્રદ્ધા સાથે પૂજ્ય નાગજીદાદાના ચરણોમાં સ્નેહ સૂમન સમર્પિત કરીએ.....



કરેલી (૧૯૭૮) ત્યારે એમણે કહેલું : ''શિક્ષકનો પોતાનો કાવ્ય અનુભવવાનો અને અનુભવાવાનો ઉત્સાહ એ જ વર્ગના સંદર્ભમાં વિદ્યાર્થી-ભાવક સુધી કાવ્યને પહોંચાડવાનું માધ્યમ છે. જે પોતે વીંધાયો નથી તે બીજાને શી રીતે વીંધવાનો હતો ?... વર્ગમાં કવિતાશિક્ષણ માટેનો મારો આદર્શ વર્ગની ચાર દીવાલો ખસી જાય અને સહસંવેદનની ભૂમિકાએ શિક્ષક અને વિદ્યાર્થીનો ભેદ વિગલિત થઈને સમરસિયાઓનો એ સૌંદર્યોત્સવ બની રહે એ છે.''

સામાની સારપ ઝીલીને તેને ઉત્સાહિત કરવા તે તેમને સહજ છે. રતનપુર (જિ.પાલનપુર) મુકામે યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર(૧૯૮૫)ના વખતની અછડતી ઓળખ યાદ રાખીને મારી - આ લખનારની શિક્ષણ-સાહિત્યક્ષેત્રની ક્વચિત વ્યક્ત જિજ્ઞાસાઓ એમણે વત્સલભાવે સંતોષ્યા કરી છે. સુહૃદ તુલસીભાઈ પટેલ સાથે મને નિજ નિવાસે આવકાર્યો હતો. (૧૯૯૩)

આવી શ્રદ્ધેય વ્યક્તિ - સંસ્થાની મુલાકાત વેળાએ સહજ પુછાઈ ગયું : ''યશવંતભાઈ, શિક્ષકના જાહેર જીવન વિશે આપ શું માનો છો ?''

''શિક્ષકનું જીવન તે જાહેર જીવન છે. વર્તમાન જીવનમૂલ્યો અને ભાવિ પેઢી માટે ઉપકારક જીવનમૂલ્યો તેના જીવનમાં ડોકાવાં જોઈએ. સમાજના જીવનને લગતી બાબતે તે પોતાનો અભિપ્રાય જરૂર વ્યક્ત કરે. ઈશ્વરભાઈ, શિક્ષક રાષ્ટ્રકારણમાં જરૂર રસ લે, રાજકારણમાં નહીં.''

''હાલના અને હવે પછીના શિક્ષકો માટે આપનો સંદેશ ?'' ''સંદેશ શિક્ષકોને આ : જો તમે વ્યવસાયને વરેલા હો ને તમારું પોતાનું વિત્ત વિકસાવતા હો ને વિદ્યાર્થીઓમાં વહેંચતા હો તો જીવનનો સાચો આનંદ શેમાં છે તેની શોધ નહીં કરવી પડે.''

શિક્ષણ-વ્યવસ્થાને વરેલા અને સદાય પોતાનું સંવિત્ત વિકસાવતા અને વહેંચતા રહેતા વિદ્યાક્ષેત્રે કબીરવડ જેવા વિશાળ ને ઘેઘૂર વડીલ શ્રી યશવંતભાઈ શુક્લના જીવન-આનંદને સલામ !


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સાધના વિના સિધ્ધિ ન મળે

ડૉ. ઊર્મિલાબહેન શાહ



૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨૩૦૪૦૪

'અરે અર્પિતા, તું ? તે તો ખરું' સરપ્રાઈઝ આપ્યું... બારમા સુધી તું રોજ જ મળતી, પણ પછી કૉલેજમાં ગઈ એટલે સ્કૂલને સાવ ભૂલી જ ગઈ ! તું ભલે અમને અને સ્કૂલને ભૂલી જાય પણ અમે તો તને વારંવાર યાદ કરીએ છીએ... હું તો મારા વિદ્યાર્થીઓને ક્યારેય ભૂલતી જ નથી. ક્યાંથી ભૂલાય ! સ્કૂલમાં એ ભણતાં હોય ત્યાં સુધી તો એ મારા એટલા નજદીક હોય, એમનો માટેનો પ્રેમ મારી રગેરગમાં વ્યાપેલો હોય. એટલે ભલે તમને અમે યાદ ન આવીએ પણ અમે તો તમને સતત યાદ કરતાં જ હોઈએ. શું ખબર છે બોલ ! ગ્રેજ્યુએશન પતી ગયું ? મને યાદ છે કે તે તો કોમર્સ લીધું હતું નહીં ! મને યાદ છે કે તારા ટકા સારા હતાં અને તને સાયન્સમાં આપણા જેવી સારી સ્કૂલમાં જ સહેલાઈથી એડમિશન મળતું હતું પણ તેં તો બહુ જ મક્કમતાથી કહ્યું હતું, 'મારે ડોક્ટર કે એંજીનીયર થવું જ નથી. પછી તું કોમર્સ લઈને એની સાથે જ બીઝનેસ એડમિનિસ્ટ્રેશન જેવો કંઈક કોર્સ કરવા માંડી નહીં ! તને શુ થવાની મહત્વાકાંક્ષા છે એ કહે તો ખરી

'બેન ! મેં ગ્રેજ્યુએશન બહુ સારા માર્કસથી પાસ કર્યું, અને જોબ માટે બધે એપ્લીકેશન શરૂ કરી પણ મને ક્યાંય મન માન્યું નહીં. જોબ માત્ર પૈસા કમાવા માટે મારે નહોતી કરવી, મારે તો એવું કામ કરવું હતું જેમાં હું ઓતપ્રોત થઈ જાઉં અને મારા વ્યક્તિત્વનો સરસ વિકાસ થાય... આજે કેટલાય લોકોને એમના ભણતર પછી એના ક્વોલીફીકેસનને અનુકૂળ નોકરી કે કામ તો મળે છે, સારું એવું એ લોકો કમાઈ પણ શકે છે પણ થોડો સમય જાય અને પછી એ છોકરાઓ એ નોકરીના એકધાર્યાપણાથી, મોનોટોનીથી કંટાળી જાય છે. પૈસા મળે પણ રસ પડે અને જીંદગી જીવંત લાગે એવું કામ પણ મળવું જોઈએ ને ! એ ન હોય તો જીવન બોજ બની જાય અને એટલે બહુ વિચાર્યા પછી મેં એક સારા બાલમંદિરમાં ટીચરની નોકરી સ્વીકારી.'

'શું વાત કરે છે ? અર્પિતા ! આટલું સારું ભણ્યાં ગણ્યાં પછી તે કોઈ માત્ર બાલમંદિરમાં ટીચરની નોકરી લેતું હશે ! આપણી હોંશીયારી ભણતર, ડીગ્રી બધાને અનુકૂળ નોકરી પણ લેવી તો જોઈએ ને ! ચાર માણસ વચ્ચે તમે ડોક ટટ્ટાર રાખીને, તમે બહુ સારી જોબ પર છો એવું ગૌરવપૂર્વક કહી પણ શક્વા જોઈએ ને ! જરા પ્રેક્ટીકલ થઈને નિર્ણય તો લેવા હતો !'

'બેન ! શું બાલમંદિરમાં નોકરી કરવી એને તમે નાનમ્ કહો છો ! અરે ! મને તો એ નાનકડા નાદાન નિર્દોષ નાજુક ફૂલ જેવા ખીલતાં, ખેલતાં ને મઘમઘતા બાળકો સાથે કામ કરવાની એવી મજા આવે છે ! તમે સ્કૂલમાં જાવ અને તમને એવા તો વ્હાલથી વીંટળાઈ વળે છે કે મને એમ થાય છે કે જાણે સૃષ્ટિ પરનું સ્વર્ગ તો અહીં જ છે. મારી આસપાસ જાણે જીવતા જાગતાં દેવ જ ન હોય ! ભલે ને મારી ડીગ્રી કે ભણતરનાં લેવલનું એ કામ ન કહેવાય પણ એ કામથી મને કેટલો બધો આત્મસંતોષ અને પરમઆનંદ મળે છે ! અને એટલે જ મેં તો એવું વિચાર્યું છે કે મારે મારું પોતાનું જ બાલમંદિર શરૂ કરવાનું છે, અને એટલે જ હું આજે એ માટે આગળ વિચારવા, બધું સમજવા તમારી પાસે આવી છું. તમે આ ક્ષેત્રમાં છેલ્લા ત્રણેક દાયકાથી કેટલું સરસ કામ કરી રહ્યાં છો ! તો એ નવા પ્રોજેક્ટ માટે યોગ્ય સલાહ તો તમારી પાસેથી જ મળે ને ! એટલે જ તો આજે આવી છું ને !'

અર્પિતાની આ મહત્વાકાંક્ષાની મનછૂટી વાત સાંભળી ઘડીભર તો હું પણ આંચકો ખાઈ ગઈ. 'આ અર્પિતા ! આવી સાવ છોકરડા જેવી ! એડીવાળા બુટ સેન્ડલ, છૂટા વાળ, ઘડીમાં આમ ઉલાળે ને ઘડીમાં તેમ ઉલાળે , એના કપડાં. 'એક નૂર આદમી હજાર નૂર કપડાં...' એ વાત એને હું કેવી રીતે સમજાવું ! પણ વ્યક્તિના વેશ પરિધાનથી

(અનુસંધાન પૃષ્ઠ ૩૫ ઉપર)

# ગાંધી બોલે છે

**અમીતાબહેન પાલખીવાલા**
પૂર્વ શિક્ષક,
અસારવા વિદ્યાલય,
અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૮.



*'સહુ આફતાબો તણો તું સૂરજ છે,*
*જગતની ઈમારત તણો તું બુરજ છે.*
*મૂઠ્ઠીમાં તેં દુનિયા તણી બાંધી આંધી,*
*ફિરસ્તા બની હે જહાંગીર ગાંધી.'*

**ગાંધીજી એટલે ગાંધીજી એટલે ગાંધીજી.**

ગાંધીજીની તુલના વિશ્વની કોઈપણ વ્યક્તિ સાથે કરી શકાય એમ નથી. ગાંધીજીનું આંતબૉહ્ય વ્યક્તિત્વ જ એવું તદ્દન પારદર્શક, કશું જ ગુપ્ત નહીં. વાણી, વિચાર, વર્તન અને કાર્યનું એમનું તાલમેલપણું સમગ્ર વિશ્વ જાણે.

આઈનસ્ટાઈન કહેતાં, "આવનારી પેઢીઓ તો ગાંધીજી જેવો લોહી-માંસનો બનેલો માણસ આ પૃથ્વી પર હરતો ફરતો હતો એમ માનવાને પણ કોઈ તૈયાર નહીં હોય." અને ખરે જ ! આવો પુરુષ હવે જગતને નહિ મળે.

આજે દુનિયા રૂધિરની છોળોથી રંગાઈ ગઈ છે. ત્યારે ગાંધીના વિચારો તમામ સમસ્યાઓમાં શાંતિ અને શાતા આપનારા, દિશા આપનારા અને દશા સામે ઝઝૂમવાની તાકાત આપનારા છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આથી જ 'ગાંધી બોલે છે' - આ જ ટાઈટલ હેઠળ ઑક્ટોબર ૨૦૧૯ ના 'ઘરશાળા'ના અંકમાં પ્રસિધ્ધ કરેલા મારા લેખના અનુસંધાને બાપુના આ સાર્ધ શતાબ્દિ (સ+અર્ધ=સો+અડધુ=૧૫૦ એટલે કે સાર્ધ) વર્ષમાં તેઓના કેટલાંક વધુ અવતરણો અને ઉચ્ચારણો દ્વારા નવી પેઢીને જાગૃત કરવાનો અને શિક્ષક તરીકે સમાજનું ઋણ ચૂકવવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી બધા કાં ન થાયી એ સાથે શરૂ થયેલી ગાંધીજીની જીવનયાત્રા 'હે રામ' શબ્દોથી ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ સાંજે વીરમી ગાંધી પ્રાર્થના સભાના લાલ શામિયાણાં તરફ ચાલતા હતા. ત્યાં જ નથુરામ ગોડસેની કાળી બેરેટો પિસ્તોલમાંથી પ્રાર્થના સભાની શાંતિમાં ત્રાણ તીખા ધડાકા થયા. અને એ ત્રણેય ગોળીઓ એ નાજુક હાડકાના પિંજરમાં ખૂંપી ગઈ. 'હે રામ' સાથે તેમનો છેલ્લો શ્વાસ છૂટ્યો. બાળપણમાં દાસી રંભાબાઈના પ્રભાવ હેઠળ જ્યારે જ્યારે ડર લાગતો હતો ત્યારે રામનામ જ જપતા. યુવાનીમાં જ્યારે આફ્રિકામાં તેમના પર જીવલેણ હુમલો થયો ત્યારે એમના મુખમાંથી પણ એ સમયે શબ્દ નીકળ્યો હતો 'રામ' અને જીવનના અંતિમ શ્વાસ સાથે પણ એમના મુખમાંથી જે શબ્દ નીકળ્યો હતો તે 'રામ'.

ત્યારે સમગ્ર દેશના લોકોની સાથે કાઠિયાવાડી ગાંધીપ્રેમી કવિ ભૂદરજી એવા ભાંગી પડ્યા કે રક્તના ખડિયામાં કલમ ઝબોળીને લખાયેલી તેમની કેટલીક પંક્તિઓને અહીં ઉજાગર કરું.

*'ગોઝારું થયું રે ભારત, નોધારું થયું*
*હે મારા ગાંધી જાતાં રે,*
*ભારત ગોઝારું થયું.*
*હિંમત ગઈ છે તૂટી, ધીરજ ગઈ છે ખૂટી*
*ભાણું ગયું રે ભાંગી અને તગારું રહ્યું !*
*ભયો ક્રૂર કલ્પાત, દેશમેં ફિર ગઈ આંધી,*
*નર નારી સબ રટત રામ રામ ગાંધી ગાંધી.....'*

ગાંધીજી માટે શિક્ષણ કરતાં કેળવણી શબ્દ વધારે અર્થસભર છે. ગાંધીજી કહે છે, કેળવણી એટલે શું ? તેનો અક્ષરજ્ઞાનના જેટલો જ હોય તો તે એક હથિયારરૂપ થયું. તેનો સદ્‌ઉપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય. ગાંધીજી કહેતા, તે માણસે ખરી કેળવણી લીધી છે જેની બુદ્ધિ શુધ્ધ છે, શાંત છે અને ન્યાયદર્શી છે. વળી જેનું મન કુદરતના કાયદાઓથી ભરેલું છે ને ઈન્દ્રિયો તેને વશ છે. આવો માણસ ખરો કેળવાયેલો ગણાય.

કેળવણી અંગે ગાંધીજી કહે છે, કેળવણી એટલે બાળક

કે મનુષ્યના શરીર, મન અને આત્મામા જે ઉત્તમ અંશો હોય તેનો સર્વાંગી વિકાસ સાધીને તેને બહાર આણવા. અક્ષરજ્ઞાન એ કેળવણીનું અંતિમ ધ્યેય નથી, તેમ તેનો આરંભ પણ નથી.

અહિંસાના સંદર્ભમાં ગાંધીજી કહેતાં, મનુષ્યની મૂળવૃત્તિ તો અહિંસાની જ છે. સરમુખત્યારો હિંસા દ્વારા લોકોને દબાવે છે. લોકો આવા સરમુખત્યારો સામે થોડો સમય ભયથી ઝૂકે પણ છે, પણ આ ભય લાંબો સમય ચાલતો નથી. એ સમય જતાં તેના સામે બળવો કરે છે. અને તેને હટાવે છે. એટલે ભલે કદાચ સામ્રાજ્યો તલવારના જોરે સ્થપાતાં કે ચલાવાતાં દેખાય છે, પણ તે લાંબો સમય ચાલતાં નથી અને લોકોની દૃઢ ઈચ્છા સામે તેને ઝુકવુ પડે છે. આખરે તો પ્રેમ અને અહિંસાથી જ રાજ્યો ચાલે છે. સમગ્ર લોકશાહી તેના પર જ ખડી છે. આ જ સત્ય છે અને તે હંમેશા સાચું કરતું આવ્યું છે. આ વિશ્વનરી નેતાએ આના આધારે જ પોતાની સમગ્ર લડત ઊભી કરી અને માત્ર સત્તા અને શસ્ત્રોની તાકાતને પીછાણનાર બ્રિટિશ સલ્તનત અહિંસા સામે ગૂંચાઈ ગઈ; સતત પીછેહટ કરતી ગઈ અને છેવટે ભારતને સ્વતંત્ર કરવું પડ્યું.

*સ્વાતંત્રતા કે અમર પૂજારી*
*સત્ય અહિંસા કે વ્રતધારી*
*બાપૂ તુમ્હેં પ્રણામ!*

ગાંધીજીને ઈંગલેન્ડના પ્રખર માનવતાવાદી લેખક જહોન રસ્કિનના પુસ્તક 'Un to this last' માંથી સર્વોદયનો ખ્યાલ મળ્યો અને રસ્કિનને આ ખ્યાલ બાઈબલની એક વાર્તામાંથી મળ્યો હતો. રસ્કિનને કહેલું, 'ખરી દોલત સોનું રૂપુ નહીં, પણ માનવીઓ છે અને સાદુ મજૂરીનું ખેડૂતનું જીવન એ જ ખરું જીવન છે.' એટલે કે ધન તે સંપત્તિ નથી પણ જીવન તે સંપત્તિ છે. અને જીવનવિકાસ થાય તેવો જ શ્રમ સંપત્તિ છે. હવે આ વાતનું ગાંધીજીએ કઈ રીતે બીડુ ઝડપ્યું અને સર્વોદય સમાજની રચના કરી તેનો સાર જોઈએ.

રામાયણમાં એક પાત્ર હતું સમ્પાતિ. જે ગરુડ જટાયુનો ભાઈ હતો. આ જટાયુ રાજા દશરથનો મિત્ર હતો અને વનવાસ વખતે ભગવાન શ્રીરામ પંચવટીમાં પર્ણકુટી બનાવી રહેતા હતા ત્યારે પહેલીવાર જટાયુની ઓળખાણ થઈ. સમ્પાતિ મોટો હતો અને જટાયુ નાનો હતો. સૂર્યના તાપથી સમ્પાતિની પાંખ બળી જવાથી તે ઉડવાને અસમર્થ હતો. આથી તેના ભોજનની વ્યવસ્થા તેનો પુત્ર સુપાશ્વ કરતો હતો. પણ એક સાંજે સુપાશ્વ ભોજન વિના પરત ફર્યો ત્યારે સમ્પાતિએ પૂછતાં સુપાશ્વે કહ્યું, "કોઈ કાળો રાક્ષસ સુંદર સ્ત્રીને લઈ જતો હતો અને એ સ્ત્રી હે રામ, હે લક્ષ્મણ કહીને વિલાપ કરી રહી હતી. મેં તેને રોકવાનો પ્રયત્ન કર્યો પણ તે મને આજીજી કરીને નીકળી ગયો ને આમાંને આમાં હું ભોજનની વ્યવસ્થા કરી શક્યો નહીં."

એનામાં જામવંત, અંગદ, હનુમાન વગેરે સીતામાતાની શોધમાં જઈ રહ્યાં હતાં ત્યારે રસ્તામાં તેમણે પાંખ વિનાના એક વિશાળકાય પક્ષી સમ્પાતિને જોયું. જામવંતે સમ્પાતિને રામવ્યથા કહી અને અંગદ, હનુમાને એને એના ભાઈ જટાયુના મૃત્યુના સમાચાર આપ્યા. આ સમાચાર સાંભળી સમ્પાતિ દુ:ખી થઈ ગયો અને સુપાશ્વની વાતની પુષ્ટિ કરતાં તેણે કહ્યું કે હા મેં રાવણને સીતામાતાને લઈ જતા જોયો છે.

અંગદના કહેવાથી સમ્પાતિએ પોતાની દિવ્ય દૃષ્ટિથી જોઈને કહ્યું, "સીતાજીને રાવણ ઉપાડી ગયો છે. સામેના દરિયામાં બેટ છે. ત્યાં લંકામાં અશોકવનમાં સીતાજીને બેઠેલાં હું જોઈ શકું છું. તમે દરિયો ઓળંગી ત્યાં જાઓ." હવે તેને માટે તો ફાળ ભરનાર ભક્તિમાન વાનરશ્રેષ્ઠો જોઈએ કે સિંધુ પર સેતુ રમનાર પુરુષોત્તમ રામચંદ્રજી જોઈએ. એટલે કે શ્રમની સાથે રચનાત્મક કાર્ય જોઈએ.

રસ્કિને સાદુ જીવન અને શ્રમને મહત્વ આપ્યું પણ તેના દ્વારા સમગ્ર સમાજનો ઉધ્ધાર કઈ રીતે થાય તે તેમને ના સમજાયું. ગાંધીજીએ રસ્કિનના વિચારોમાં પોતાના વિચારો ભેળવ્યા અને કહ્યું કે સમગ્ર સમાજનો ઉધ્ધાર રચનાત્મક કામ અને સત્યાગ્રહ દ્વારા થઈ શકે. અને આ

વિચારને તેમણે નામ આપ્યું 'સર્વોદય'. પ્રેમ અને પરસ્પર સહકાર એ બે સર્વોદયના મુખ્ય આધારો છે. અને આ 'સત્યાગ્રહ' અને 'સર્વોદય' નામના બે શબ્દો દ્વારા ગાંધીજીએ આઝાદીનો માણેકસ્તંભ રોપ્યો.

જ્યારે નડિયાદ ખાતે આ જ સત્યાગ્રહનું એલાન કરી લોકો પાસે પ્રતિજ્ઞાપત્ર ભરાવ્યું ત્યારે તેમણે કહ્યું, ઈશ્વરને નામે લીધેલી પ્રતિજ્ઞા તોડી શકાય જ નહીં, અને હજારો માણસોની પ્રતિજ્ઞા મારા ભોગે પળાતી હોય તો આ દેહ જાય તો પણ ભલે પ્રતિજ્ઞા તોડીને મને આઘાત ના આપતા. તેના કરતાં મારી ગરદન કાપી નાખજો. મારી ગરદન કાપનારને માફ કરવા હું ઈશ્વરને કહ્યું, પરંતુ પ્રતિજ્ઞા તોડી આઘાત કરનાર માટે હું માફી માગી શકું નહી.

'સર્વોદય' એટલે સમાજવાદ. જેની ગાંધીજીએ કલ્પના કરી હતી. અને આ સર્વોદયના સંદર્ભમાં ગાંધીજીએ કહ્યું, સર્વોદયનો મુખ્ય કાર્યક્રમ છે ગામડાં સમૃધ્ધ, સુંદર અને શક્તિશાળી બને. ધ્યાન રાખજો, હું ગામડાં કહું છું. ખેડૂત નથી કહેતો કે શહેરો ગરીબ થાય, ગંદા થાય. જે દેશના ગામડાં સમૃદ્ધ હોય તેનાં શહેરો ગરીબ રહે જ નહીં. વળી સત્યાગ્રહનો પાયો પ્રેમ છે નહીં કે દ્વેષ.

આમ તત્વાચિંતક રસ્કિને પણ સંપાતિની જેમ જોયું, શ્રમ અને જીવનવિકાસના શ્રમને બહુ દૂરથી જોયું. પણ ગાંધીજીએ સંપાતિની જેમ દૂરંદેશી સાધી અને માનવજીવનને મોટી સંપત્તિ ગણી સર્વોદયનો સમાજ સજર્યો.

આ જ જટાયુ પક્ષી સાથે સ્ત્રી સુરક્ષા પણ સંકળાયેલી છે અને ગાંધીજીની નજરથી સ્ત્રી સુરક્ષીત કેટલી ? ગાંધીબાપુ મહિલા સુરક્ષાને લઈને સતત ચિંતાતુર બની રહેતા હતા. આ બાબત તેમના જીવનના એક નાનકડા પ્રસંગમાંથી જાણી શકાય છે.

સાબરમતી આશ્રમમાં કવિ બિન્દુ દ્વારા અવારનવાર રામાયણ કથાનું વાંચન થતું રહેતું હતું. બાપુ અને તમામ આશ્રમવાસીઓ નિયમિત કથાનું પાન કરતા હતા. રામાયણના અનેક પ્રસંગોનું વર્ણન ચાલ્યા કરતું, પરંતુ એક ખાસ પ્રસંગે બાપુની આંખમાંથી વારંવાર આંસુ નીકળી આવતા હતા. બિન્દુજીની નજરમાં આ ઘટના દર વખતે આવતી હતી. તેમણે હિંમત કરીને એકવાર બાપુને પૂછી જ લીધું... બાપુ મેં ધ્યાનમાં લીધું છે કે આખી રામાયણના પ્રસંગોમાંથી આપની આંખમાંથી આંસુ પડતા મેં જોયા નથી. પરંતુ જટાયુના પ્રસંગે આપની આંખમાંથી આંસુ આવી જાય છે. એવું શા માટે ? ત્યારે ગાંધીજીએ જે જવાબ આપ્યો હતો તે બાબત જ બાપુની સ્ત્રી સુરક્ષા અંગેની કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ અને ચિંતા હતી તે બતાવે છે. બાપુએ કહ્યું... રાવણ સીતાનું હરણ કરીને લંકા તરફ લઈ જતો હતો ત્યારે જંગલમાં જટાયુ નામના પક્ષીએ સીતાનો બચાવો... બચાવોનો અવાજ સાંભળ્યો. આ પક્ષીને થયું સ્ત્રી મુસીબતમાં છે અને પોતાના પ્રાણ દાન પર લગાવીને રાવણ સાથે લડાઈ કરી. સીતાને બચાવવાનો પ્રયાસ કર્યો. જટાયુ પોતે જાણતો હતો કે તે શક્તિશાળી રાવણનો સામનો કરી શકશે નહિ છતાં એક નીરીને બચાવવાનો પ્રયત્ન કર્યો. આ પ્રસંગ જ્યારે-જ્યારે હું સાંભળું છું ત્યારે-ત્યારે મારી આંખમાંથી આંસુ એટલા માટે આવી જાય છે કારણ કે આપણો દેશ એ એવો પુણ્યશાળી લોકોનો દેશ છે, જ્યાં પક્ષીઓ પણ નારીની સુરક્ષા કરવા તૈયાર થઈ જાય છે, પરંતુ વર્તમાન સમયે નારી સાથે થતા અત્યાચાર સાંભળું છું ત્યારે મને પેલો જટાયુ યાદ આવી જાય છે. કેમ કે આજના માનવો કરતા તો સતયુગના પક્ષીઓ સારા હતા. દેશના કોઈ ખૂણે નારી પર થતા અત્યાચારને સાંભળું છું ત્યારે મારા હ્રદયમાં ખૂબ જ પીડા થાય છે. મારી દૃષ્ટિએ આજે મહિલા જોઈએ એટલી સુરક્ષિત નથી. અને એટલે જ આ ઘટના મને વારંવાર રડાવી દે છે. હું તો વારંવાર ભગવાન રામજીને એ જ પ્રાર્થના કરું છું કે નારીઓની રક્ષા કરવાની સદ્બુદ્ધિ દરેકને આપજે. ખરે જ, ગાંધી શબ્દ જ કરુણાનો પર્યાય છે.

ગાંધીજી કહેતા, યુરોપનો સુધારો યુરોપિયનો માટે જરૂર અનુકૂળ છે. પણ જો આપણે એની નકલ કરવા જઈશું તો હિન્દુસ્તાનની પાયમાલી થશે. આમ કહેવાનો અર્થ એ નથી કે આપણે એમાં જે સારું અને ગ્રાહ્ય હોય તેવું ગ્રહણ ન કરવું , તેમ એનો અર્થ એ પણ નથી કે એમાં જે ખરાબ

વસ્તુ ઘૂસી ગઈ હશે તે યુરોપિયનોને પણ નહીં છોડવી પડે. શારીરિક ભોગની અવિરત શોધ અને તેનો વધારો એ એવી ખરાબ વસ્તુ છે, અને હું હિંમતભેર કહું છું કે જે ભોગોના તેઓ ગુલામ બની રહ્યા છે તેના વજન તળે દબાઈને તેમણે પાયમાલ થવું ન હોય તો તેમની જીવનદૃષ્ટિને નવું રૂપ આપવું પડશે. મારો અભિપ્રાય ખોટો હોય એમ બને, પણ એટલું તો હું જાણું છું કે હિન્દુને, સુવર્ણમૃગ પાછળ દોડવું એ અચૂક મોત વહોરવા બરાબર છે. ''સાદી રહેણી અને ઊંચા વિચાર એ એક પરિશ્રમના ફિલસૂફ સૂત્ર આપણા હ્રદય ઉપર કોતરી રાખીએ.''

'સાદુ જીવન અને ઉચ્ચ વિચાર'નો આદર્શ ધરાવતા અમેરિકન ચિંતક થોરોના નિસર્ગપ્રેમથી પ્રભાવિત ગાંધીજી કહેતાં, માત્ર ભૌતિક મૂલ્યો ઉપર આધારિત સામાજિક-આર્થિક વ્યવસ્થાથી માનવીઓના દુઃખો વધે છે તથા માનવીનું અધઃપતન થાય છે. આ દિશામાં જે વિકાસ થાય છે તે સાચી સંસ્કૃતિ નથી. સાચા અર્થમાં સંસ્કૃતિ જરૂરિયાતો વધારવામાં નહીં, પરંતુ તેના સમજપૂર્વકના અને સ્વૈચ્છિક સંયમમાં રહી છે.

ચારિત્ર્ય અંગેના એક નવા વિચારને રજૂ કરતાં ગાંધીજીએ કહ્યું, શિક્ષણ, ચારિત્ર્ય અને ધર્મ એકબીજાના પર્યાય ગણાવા જોઈએ. જેમાં ચારિત્ર્યનું ઘડતર ન થતું હોય એ સાચું શિક્ષણ હોઈ જ ન શકે. ને જે ધર્મ ચારિત્ર્યનું નિર્માણ નથી કરી શકતો તે સાચો ધર્મ નથી. સમગ્ર જીવનને આવરી લે તેનું નામ શિક્ષણ. કેવળ પુસ્તકિયું જ્ઞાન સાચું શિક્ષણ નથી. ચારિત્ર્યના પીઠબળ વિનાના પંડિતો પેદા કરનારી આજકાલની શિક્ષણ સંસ્થાઓમાં મને વિશ્વાસ નથી.

હક અને ફરજના ખ્યાલ વિષે ગાંધીજી કહેતાં, હું કહું છું કે હિંસા વડે આપણે હક પણ ન મેળવી શકીએ. હક મેળવવો હોય તો એક જ રીત છે, જે મેં રજૂ કરી દીધી છે અને પાછળથી જ સૌને પસંદ પડી છે. કોઈએ પૂછ્યું હતું કે લોકોના હક ક્યા હોઈ શકે છે અને એ માટે શું કરવું જોઈએ ? એના જવાબમાં મેં લખ્યું કે લોકો પાસે હક છે જ નહીં. જેની પાસે ફરજ નથી, એની પાસે હક નથી. અર્થાત જે કંઈ હકો છે તે ફરજમાંથી જ જન્મે છે. એટલે કે હક રહેતા જ નથી. આ તો એમ કહેવું પડે કે હું જે ફરજ બજાવું છું, એનું પરિણામ મળે છે તો મને હક મળે છે.

ગાંધીજીને મન પત્રકારત્વ એ 'મિશન' હતું. અને વર્તમાનપત્રોના કાર્યો વિશે તેમનો અભિપ્રાય વ્યક્ત કરતાં કહેલું, છાપાનું કામ લોકોની લાગણી જાળવી અને પ્રગટ કરવી એ એક છે. બીજું કામ લોકોમાં અમુક પ્રકારની લાગણીઓ જરૂરની હોય તો પેદા કરવી એ છે. ને ત્રીજું કામ લોકોમાં એ બે હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ તે બેધડક બતાવવી.

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના ૧૮-૧૦-૧૯૨૦ના રોજ કોઈ પણ જાહેર સમારંભ યોજાય વિના થઈ ગઈ હતી. પણ તેનો મંગળ કાર્યક્રમ તો વિદ્યાપીઠ તરફથી ઉચ્ચ શિક્ષણ માટે શરૂ થનારા ગુજરાત મહાવિદ્યાલયની શરૂઆત નિમિત્તે તા. ૧૫-૧૧-૧૯૨૦ના રોજ ગાંધીજીને હસ્તે રાખવામાં આવ્યો હતો.

તે વખતે ગાંધીજીએ કહેલું, આ વિદ્યાપીઠની સ્થાપના કેવળ વિદ્યાની દૃષ્ટિની નહિ પણ રાષ્ટ્રીય દૃષ્ટિથી કરી છે. તેને માટે ઈંટ-ચૂનો અને મકાનો મહત્વના નથી; પણ દૃષ્ટિ અને કાર્ય મહત્વના છે. જીવ્યા ત્યાં સુધી વિદ્યાપીઠના આજીવન કુલપતિ અને માર્ગદર્શક રહેલા ગાંધીજીએ આ રાષ્ટ્રીય શાળાના ધ્યેયોમાં કેટલીક નવી બાબતોનો પણ સમાવેશ કરેલો, જેમકે ચારિત્ર્યવાન, શક્તિસંપન્ન અને સંસ્કારી કાર્યકર્તાઓ તૈયાર કરવા, સત્ય અને અહિંસાનો સર્વેને સ્વીકાર હોય, અસ્પૃશ્યતાને કલંકરૂપ માનનારા હોય, રેંટિયા પ્રવૃત્તિમાં માનનારા અને નિરંતર ખાદી પહેરનારા હોય વગેરે અને ત્યારબાદ ૧૯૩૦માં જયારે સ્વતંત્રતા માટેની લડત શરૂ થઈ તેમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને શિક્ષકો સ્વેચ્છાઓ જોડાયા. તેમણે લડતમાં સ્વેચ્છાએ ભાગ લીધો અને પોતાનો આનંદ વ્યક્ત કરતાં ૧૯૩૧ના પદવીદાન સમારંભમાં ગાંધીજીએ જણાવ્યું કે - જયારે આ લડતનો ઈતિહાસ લખાશે ત્યારે લડતમાં વિદ્યાર્થીઓનો કેટલો બધો ફાળો હતો ને (રાષ્ટ્રીય)

વિદ્યાપીઠોએ લડતને કેવી રીતે શોભાવી છે એ જોઈને જગત પણ હર્ષિત થશે... વિદ્યાપીઠને સ્થાપીને આપણે કશું ખોયું નથી. તેને માટે જે પૈસા આપેલા તે આપણે વ્યાજ સાથે વસૂલ કર્યા છે.

ધર્મ અને ધર્માંધતા વચ્ચે એક ભેદરેખા ગાંધીજીએ અંકિત કરતાં કહ્યું, રાજકોટમાં મને અનાયાસે સર્વ સંપ્રદાયો પ્રત્યે સમાનભાવ રાખવાની તાલીમ મળી. હિન્દુ ધર્મના પ્રત્યેક સંપ્રદાય પ્રત્યે આદરભાવ શીખ્યો. કેમ કે માતાપિતા હવેલીએ જાય, શિવાલયમાં જાય, રામમંદિર પણ જાય અમને ભાઈઓને લઈ જાય અથવા મોકલે. જે જુદા ધર્માચાર્યો આવે તે પિતા સાથે ધર્મની તથા વહેવારની વાતો કરે, આ ઉપરાંત પિતાજીને મુસલમાન ઉપરાંત પારસી મિત્રો પણ ખરા. તે પોતપોતાના ધર્મની વાત કરે અને પિતાજી તેમની વાતો માનપૂર્વક અને રસપૂર્વક સાંભળે. આ વાર્તાલાપો વખતે રસ હોવાથી ઘણી વેળા હાજર હોઉં. આ બધાની મારા ઉપર અસર એ પડી કે સર્વ ધર્મ પ્રત્યે મારામાં સમાનભાવ પેદા થયો. ગાંધીજીના અગિયાર મહાવ્રતોમાં..... સર્વ ધર્મ સરખા ગણવા... નું આચરણ પણ એટલે જ સ્થાન પામ્યું.

ગાંધીજી કહેતાં, જેમ જેમ હું તમામ શાસ્ત્રોનો, તમામ ધર્મોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતો ગયો તેમ તેમ મને ખ્યાલ આવ્યો કે ધર્મ શું છે. એમના મતે જો મોટામાં મોટો અને સાચામાં સાચો કોઈ ધર્મ હોય તો એ છે – માનવધર્મ.

દયાધર્મ અંગે શ્રાવકોને કહું છું કે જીવદયાનો અર્થ કીડી મંકોડા આદિ સૂક્ષ્મ જંતુને ન મારવા તેટલો જ નથી. તેમને મારવા તો ન જ જોઈએ, પરંતુ મનુષ્ય યોનિમાના કોઈ જીવને છેતરવો પણ ન જ જોઈએ અને છતાં ઘણાં વેપારીઓ બીજું શું કરે છે. કોઈ શ્રાવક એના ચોપડા મારી પાસે મૂકી દે તો હું કહી દઉં કે એ શ્રાવક નથી.

૧૯૫૧માં સત્યાગ્રહ આશ્રમમાં એકવાર ગાંધીજીને ટપાલમાં કેટલાંક કવર મળ્યા, જેમાંના એક કવર ઉપરની ટિકિટ ઉપર સ્ટેમ્પ નહોતો લાગ્યો. એટલે એક બાળકે ગાંધીજીને કહ્યું કે તમે આ કવરમાંથી કાગળ કાઢી લો એટલે એ કવર હું પાણીમાં પલાળીને સાચવીને તેના પરથી ટિકિટ કાઢી લઈશ. ગાંધીજીએ તરત જ એ કોરી ટિકિટ કાઢીને ફાડી નાંખી અને કહ્યું કે એ કોરી ટિકિટને વાપરવી એ પણ એક પ્રકારની ચોરી જ છે, કરની ચોરી છે. આ રાષ્ટ્ર વિરોધી છે.

પ્રકૃતિ અને સંસ્કૃતિના સંવર્ધક, યુગપુરુષ મહાત્મા ગાંધી હંમેશ કહેતા કે બીજાના ભોગે કે પ્રકૃતિના ભોગે સુખી થવાનો આપણને કોઈ અધિકાર નથી. આજે ઋતુઓના પરિવર્તન, વરસાદની અનિયમિતતા, ગરમી-ઠંડીના બદલાતા માપદંડો તથા વિકાસના નામે પ્રકૃતિની ઘોર ખોદાઈ રહી છે, ત્યારે આ ચિંતાનો વિષય નથી બન્યો શું ? તેમાંથી જાગવાની જરૂર નથી કે શું ?

આજના વૈશ્વિક સંકટમાંથી બચવા ગાંધી વિચારો ઉત્તમ રસાયણ છે. ગાંધીજીના જીવંત વિચારોના સહારે આપણે કંઈક કરી બતાવવું પડશે, નહિ તો આપણે તેમના વારસ તરીકે નગુણા સાબિત થઈશું.

આપણને ગાંધીના બોલ, તેમના નિયમો, તેમના વિચારો આકરા લાગી શકે. પરંતુ તેમનું જીવન સત્યના આધાર અને સતના મંડાણ ઉપર મંડાયેલું અને ચણાયેલ હતું. ગાંધીજીનું જીવન સાત્વિક હતું. તેમના પગલે ચાલવા જેવું છે. તે પગલાં આપણે બાપુની જેમ લાંબા લાંબા ડગલાં ભરીને તો નહીં જ ચાલી શકીએ; પરંતુ પગલાં ટૂંકા હોય તો પણ આપણે પગલે તો બાપુના જ ચાલવું પડશે. આપણે ગાંધીને સમજ્યા પડશે; આપણા કાર્યોમાં સ્વીકારવા જ પડશે. અને અપનાવવા જ પડશે. કાચા સુતરના ધાગાને વણીને સત્ય સુધી પહોંચાડનાર, સમાજને ઘડનાર, માનવને માનવ બનાવનાર ગાંધીની ત્રણ ગોળીઓ મારી હત્યા થઈ. છતાં પણ આજે એમના વિચારો સત્ય બનીને આપણને કહી રહ્યાં છે કે આપણે ગાંધી માર્ગે ચાલવું જ પડશે.

શ્રી મોટાએ મૃત્યું સમયે કહેલ પંક્તિઓ ગાંધીજી માટે પણ એટલી જ પ્રસ્તુત છે.

*વગાડી ઢોલથી જોરે જગતલોકને કથું;*
*મૃત્યુ ટાણે તમો પાદે સંદેશો મૂકતો જઉં,*
*શો કેટકેટલો લાભ સ્મરણથી મળી શકે !*
*જાતે અનુભવી ઊંડા સાદે પોકારું લોકને.*


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

સાચે જ, ગાંધીજી માનવ નહોતા; પરંતુ તેઓના વાણી, વિચાર, વર્તન અને કથને જ તેઓને વિરાટ માનવ બનાવ્યા છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે તેમને 'મહાત્મા' કહીને નવાજ્યા. મહાત્મા.... 'મહાન આત્મા....'

ગરીબી નિવારણ, સ્ત્રી હક્કોનું વિસ્તૃતીકરણ, ધાર્મિક અને માનવીય પરિબળો વચ્ચે સુસંગતતા સાધવી, જાતિપ્રથા, અસ્પૃશ્યતા જેવા અન્યાયોને ફગાવી દેવા, અહિંસક રીતે આઝાદીની ચળવળને વેગ આપવો - બ્રિટીશ સલ્તનતના સકંજામાંથી ભારતને આઝાદી અપાવવા માટે જ્યારે ગાંધીજીએ આ તમામ પ્રશ્નોને લઈને રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમો કર્યા, જેના માટે તેઓ એ વારંવાર જેલવાસ ભોગવ્યો અને કેટલીકવાર તો લાંબાગાળા માટે જેલવાસ ભોગવ્યો. પણ ઈ.સ. ૧૯૪૭માં તેમણે પોતાનો ધ્યેય સફળતાપૂર્વક સંપન્ન કર્યો અને ભારત બ્રિટીશ સલ્તનતની હુકૂમતમાંથી મુક્ત થયું. ભારત આઝાદ થયું. તેમના આ વિરાટ વ્યક્તિત્વ અને પ્રભાવે તેમને 'મહાત્મા'નું બિરૂદ આપ્યું.

ગરીબોના લાખો સપના ભેગા થાય ત્યારે બાપુનો એક વિચાર બને છે ! બાપુના વિચારમાં બ્રહ્માંડનું વજન સમાયેલું છે ! એની કિંમત આંકવી અશક્ય છે !

ગાંધીના બોલની અગત્યતાના ઘણાં કારણ છે. તેમણે માનવ જીંદગીના ઊંડાણમાં પ્રવેશ કરીને પોતાના જીવતર ઉપર પ્રયોગો કરીને વિચારના મોતી કાઢ્યા છે. એ મોતીને વીણી લેવાની આજે માત્ર દેશને જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વને તાતી જરૂરિયાત છે એમાં શંકાને કોઈ સ્થાન નથી. દૈહિક રૂપે ભલે ગાંધીજી આપણી વચ્ચે નથી, પણ ગાંધી વિચાર તો સનાતન છે. તો ચાલો, ગાંધીજીના વિચારમાં જીવી આપણા પારિવારિક, સામાજિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક પર્યાવરણને સદાકાળ મહેંકતું રાખીએ. એવી મતિ-શક્તિ-ગતિ સમગ્ર વિશ્વ પામે. ગાંધીજીના આ સાર્ધ શતાબ્દિ વર્ષમાં, ગાંધીજીને એ જ સાચી સ્મરણાંજલિ.

---

## સાધના વિના સિધ્ધિ ન મળે

પણ તેના સંસ્કાર પાકટતા, બધુ વરતાય છે. એના આચાર વિચાર, રીત રસમ બધું જ દેખાય છે. અને કોઈપણ વાલી એના નાનકડા બાળકને કોઈને સોંપતા પહેલા એ બાળકને ઘડતર અને ભણતર કેવું થશે એ પણ વિચાર તો કરે જ ને ! કારણ કે આજે તો દરેક માબાપને મહાત્વાકાંક્ષા હોય છે કે મારું સંતાન સર્વશ્રેષ્ઠ થવું જોઈએ, એ ટોપર નીવડવું જોઈએ, દુનિયાભરમાં ક્યાંય જાય તો એનું નામ રોશન થવું જોઈએ,' અને એટલે માત્ર દોઢ કે અઢી વર્ષનું થાય ત્યારથી જ એવા લોકોને સોંપવાનું વિચારે છે કે તે પોતે રસ લે પણ એમનાં માથે બોજો ન પડે. ચારે ય બાજુ ટી.વી., ઈન્ટરનેટ, સેલફોન અરે ! વર્તમાનપત્રો અને સામયિકોમાં પણ કેવા ફોટા ! એક બાજુ આપણે આપણી ભાવિ પેઢીનાં સંસ્કારની ચિંતા કરીએ છીએ અને બીજી બાજુ કેવા ઘેરા પ્રદૂષણમાં આ પેઢી ઉતરી રહી છે ! સ્કૂલમાં પ્રિન્સીપાલે મોટા થતાં જતાં બાળકોનાં વિકાસ અને સર્વગ્રાહી મૂલ્યાંકનની સમજ આપવા વાલીઓની મીટીંગ બોલાતી હતી તો તેમાં આગળ જ એક માતા બેઠેલી, બરમૂડા અને જરસી પહેરીને બેધડક રીતે તે સંતાનના વિકાસ માટેની વાત સમજવા બેઠી હતી, મને થયું 'કોને ભણાવવાની જરૂર છે, બાળકને કે માબાપને !''

બેટા અર્પિતા ! તારે બાલમંદિર ચલાવવું હોય તો સૌ પ્રથમ તો તારે તારી વાણી, વિચાર, વર્તન, પહેરવેશ, રહેણીકરણી કેટકેટલા ફેરફાર કરવા પડે ! બાળક આપણે કહીએ તેમ નહીં પણ કરીએ તેમ કરે છે. અને સમજુ અને શાણા માબાપ જે તેમનાં સંતાનને સર્વશ્રેષ્ઠ બને તેવો ઉછેર કરવા ઈચ્છે છે તે કેવા શિક્ષકને સોંપશે ! એવા શિક્ષક કે જેની આંખોમાંથી ભરપૂર પ્રેમ નીતરતો હોય જ્ઞાનથી એમનું મગજ ભર્યું ભર્યું હોય, એમને જોતાં જ આપણું એવું મન કરે કે 'આમને આપણું સંતાન સોંપી શકાય' આજે ફીલ્મના હીરો હીરોઈન નવી અને ઉછરતી પેઢીના રોલ મોડેલ બની ગયાં છે એમની ભાવિ સંસ્કારિતાનું શું ! આપણે માબાપે જ આદર્શ રોલ મોડેલ બનવું પડે અને તો જ યોગ્ય શિક્ષકને આપણું સંતાન સોંપી શકીએ. એટલે બેટા અર્પિતા ! તારે ઘણા વર્ષો સુધી એ માટે સાધના કરી, તારું આખું વ્યક્તિત્વનું ઘડતર કર્યા પછી જ બાલમંદિર ચલાવવાની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે. સાધના વીના સિદ્ધિ ન મળે.

# લોકશાહીમાં 'ચોથી જાગીર' કહેવાતા સંચાર માધ્યમોની ભૂમિકા

પ્રા. ગિરીશકુમાર ઈશ્વરભાઈ પટેલ
મુ. રંગાઈપુરા, પોસ્ટવાળું ફળિયું,
તા. પેટલાદ, જિ. આણંદ.
મો. ૯૭૨૪૧૩૭૮૫૧



'છાપાનું એક કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રગટ કરવી એ છે. બીજું કામ લોકોમાં જરૂરી હોય એવી અમુક લાગણીઓ પેદા કરવી એ છે. ત્રીજું કામ લોકોમાં એબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક કહી બતાવવી એ છે.' — મહાત્મા ગાંધી.

અલ્પ સમયમાં અસંખ્ય લોકો સુધી પહોંચતા સંકેત વ્યવહારનાં માધ્યમોને સંચાર-સાધનો કહેવાય, સંચાર-સાધનોને જનસંપર્કના કે લોકસંપર્કના માધ્યમો તરીકે ઓળખાય છે તેમને સમૂહ માધ્યમો પણ કહી શકાય.

**સંચાર માધ્યમોના કાર્યો.**

- સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના રાજકીય, ધાર્મિક, શૈક્ષણિક, વૈજ્ઞાનિક વગેરે સ્વરૂપના સમાચારો પૂરા પાડે છે.
- ચર્ચાસ્પદ મુદ્દા સંબંધી લોકમતનું ઘડતર કરે છે.
- સામાજિક બનાવો અને પ્રવાહોનું ચિત્ર રજૂ કરે છે.
- સામાજિક સમસ્યાઓ પ્રત્યે લોકોનું ધ્યાન ખેંચી સામાજિક જાગૃતિ વિકસાવે છે.
- પ્રસાર માધ્યમ તરીકે કાર્ય કરે છે.
- મનોરંજન પૂરું પાડે છે.
- સામાજિક પરિવર્તન નિપજાવે છે.

આજના યુગને માહિતીયુગ તરીકે માનવ સંચાર સાધનોના યુગ તરીકે ઓળખવામાં આવે છે.

લોકશાહીમાં મીડિયા જ મોટી રખેવાળ છે. મીડિયા સામાજિક, શૈક્ષણિક, રાજકીય વગેરે સમાજને સ્પર્શતા દરેક પ્રશ્નો ઉપર ચર્ચા કરે છે અને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પણ વ્યક્ત કરે છે અને પોતાનો સ્પષ્ટ અભિપ્રાય પણ વ્યક્ત કરે છે એટલે જ મિડિયાને 'ચોથી જાગીર' કહેવાય ચે. મીડિયા કોઈપણ પ્રકારની સત્તાની ઉપર વાણી સ્વાતંત્ર્યનો સંપૂર્ણ હક્ક ભોગવે છે. પ્રજાને કેળવવાનું, જગાડવાનું ને સામાજિક પરિવર્તનનું કામ પણ મીડિયાએ જ કરવાનું હોય છે.

હવે એમાં ઈલેક્ટ્રોનિક મીડિયા ઉમેરાયું છે એટલે 'ચોથી જાગીરવાળું' મીડિયા હવે બિઝનેસ ટાઈકૂન બનવા લાગ્યુ છે.

મીડિયા આજે ધંધાદારી રસ્તે આગળ વધી રહ્યું છે. જેની ફરજ જ ભ્રષ્ટાચાર રોકવાની છે, જેની ફરજ સત્તા સામે અવાજ ઉઠાવવાની છે, જેની ફરજ ગરીબો અને વંચિતોના વિકાસની વાત કરવાની છે માત્ર સત્તાધારીઓ સાથે રહીને રોલ કરવાનું છે મીડિયા એ જે સત્ય છે તેને ખુલ્લેઆમ અને વારંવાર કહીને લોકજાગૃત લાવવાનો ધર્મ બજાવવો જોઈએ. મીડિયાએ એમ કરીને પોતાનું 'ચોથી જાગીર'નું સ્થાન જાળવી રાખવાનું છે એ માટે મીડિયાએ પોતે જ પોતાના માટે 'કોડ ઓફ કન્ડક્ટ' બનાવવો જોઈએ.

આદર્શ પત્રકારત્વની વાત કરીએ તો પત્રકારો તથા મીડિયા કર્મીઓએ લોક વગરની લોકચારીને હાલની સ્થિતિમાં બહાર કાઢવાની છે. સમર્થ, સંનિષ્ઠ પત્રો અને પત્રકારોએ લોકશાહીની ખામી ખૂબીઓથી લોકોને માહિતગાર કરવા જોઈએ. સરકારની ગંભીર ભૂલો કે ભ્રષ્ટાચર સામે ઈલેક્ટ્રોનિક મીડિયા પાણી વલોવતી ચર્ચા ચલાવે છે. તેને બદલે આદર્શ પત્રકારે ખુલ્લી ઝુંબેશ ચલાવવી જોઈએ. દૂધમાં અને દહીંમાં પગ રાખવાની નીતિ રાખી શુષ્ક શુષ્ક ચર્ચાનરી પણ જે અભષ્ટો છે તે અનિષ્ટો જ છે. તે વાત લોકો સમજી શકે તેટલી સ્પષ્ટ ભાષામાં આદર્શ પત્રકારે લખવી જોઈએ. કોઈપણ વાતને પ્રજાના અંતિમ છેડા સુધી પહોંચવાનું મીડિયા સૌથી મોટું માધ્યમ છે. એટલે આદર્શ પત્રકારે લોકોની મુશ્કેલી અને વંદનાની


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

વાત પણ હિંમતભેર સરકાર સુધી પહોંચાડવી જોઈએ. તેવી જ રીતે સામાજિક સુધારા વિશે પણ હિંમતથી સમાજને ચેતવવો જોઈએ. આમ જોઈએ તો આદર્શ પત્રકારત્વ તો તે જ કહેવાય જે લોકજીવનને બાધક એવા તમામ પ્રશ્નો ઉપર લોકોની સાથે ઊભુ રહે. પત્રકારે ગાઈડ અને ગાર્ડિયન બંને ભૂમિકા ભજવવાની છે.

આપણે પત્રકારોને અંકુશમાં રાખવાના નિયમો બનાવી તેમને સન્માન સાથે ફરી સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપીને 'ચોથી જાગીર' બનાવી રાખવાનું છે.

પેલીએ હોટ-હોટ સીન આપ્યો, પેલી ને પીલે સાથે બનતું નથી, પેલાએ સાતમો બંગલો ખરીદ્યો, પેલો ઓસ્ટ્રેલિયામાં બંગલો ખરીદશે, પેલા પાસે દોડસો કંપનીની જાહેરાતો છે. પેલો એક જાહેરાતના દસ કરોડ લે છે. પેલા પાસે પાંચ બિલ્ડીંગ છે હવે તેને અમેરિકામાં મોટું લકઝ્યુરિયસ બિલ્ડિંગ ખરીદ્યું છે પેલાએ એના બે વર્ષના દિકરાને જન્મદિને પાંત્રીસ લાખની મોટર ભેટ આપી, પેલો જાહેરાતમાં બસો કરોડ કમાયો છે પેલા ઉદ્યોગપતિએ પત્નીની બર્થ ડે પાર્ટી પર જેટ વિમાન ભેટ આપ્યું, પેલા ફલાણાના લગ્નમાં ગયા તેના દસ કરોડ લીધા. ન્યુઝ ચેનલો આવા સમાચાર પાછળ કલાકો બગાડે છે. પ્રિન્ટ મીડિયા આવા સમાચારોના ફોટા સાથે પાનાં ભરે છે.

આપણા દેશના યુવાધનને બસો-ચારસો સેલિબ્રિટીના તાબોટા પાડનારા નરી બનવા દેવા જોઈએ, ફલાણા એ ટ્વિટર પર એની દીકરીનો ફોટો મૂક્યો, તાળીઓ પાડો, ફલાણાની દીકરી હસી, તાળીઓ પાડો, ફલાણાએ લખ્યું, મારો દીકરો પારણામાંથી અભિનેતાની જેમ ગુસ્સો અને આનંદ બતાવે છે તાળીઓ પાડો, ફલામાનો છ મહિનાનો દીકરો પચાસ કરોડનો માલિક બન્યો તાળીઓ પાડો. ફલાણાની ફિલ્મ સો કરોડની લિમિટ વટાવી તાળીઓ પાડો, ફલાણો ૫૦ જાહેરાતોમાં ૧૦૦ કરોડ કમાય છે તાળીઓ પાડો, ફલાણાએ કહ્યું મારો દીકરો પારણામાંથી બધું સમજી જાય છે તાળીઓ પાડો, ઈન્ડિયામાં ડર્ટી ફિલ્મને એવોર્ડ મળે છે તાળીઓ પાડો.

છાપાઓમાં આવી કહેવાતી સેલિબ્રિટીઓની ફાલતું કોમેન્ટ વાંચી હવે કોઈ તાબોટા નહી પાડો. અમે લોકો છીએ. અમારું પોતાનું શાસન અમે પોતે જ ચલાવીશું અને સેલિબ્રિટી પણ અમે હોઈશું. અમે સૌ ભારતના તમામ, લોકો અમારી જાતે અમારો રસ્તો કંડારીશું. એ 'અમે'મા સેલિબ્રિટી કહેવાતા મિત્રો તમે સૌ પણ છો જ. તમને પણ અમે અમારાથી ઉતરતા ગણતા નથી, કારણ કે તમે પણ અમારામાંના જ તો છો પણ અમે છાપામાં કોઈના ફોટા અને ફાલતુ સમાચારો વાંચીને તાબોટા પાડીશું નહીં. રોજરોજની આ કહેવાતી ટ્વિટર પરની નાદાની હવે ચાલશે નહીં. કારણ કે આવી ટ્વિટ લખનારાઓ પર એક ટ્વિટના રૂ ૨૦૦ નો ચાર્જ મોકલનાર પર નહી, લેનાર પર લાગશે.

રાજકારણીઓ અને સેલિબ્રિટીઓને રોજ-રોજ છાપાઓમાં ચમકવાનું અને ન્યૂઝ ચેનલો પર દેખાવાનું ગાંડપણ વળગ્યું છે એમનું જોઈ હવે ઉદ્યોગપતિઓ, વચોટિયાઓ, સત્તા દલાલો, બધાને એવો ચસકો લાગ્યો છે એમને રોકીશું નહીં તો આવા લોકો પ્રજા પર ચઢી બેસસે. કોઈપણ ન્યૂઝ ચેનલ કે વર્તમાનપત્રને કહેતી સેલિબ્રિટીઓના ફોટા કે પ્રચારાત્મક સાહિત્ય છાપવા દેવાની કે ચેનલ પર બતાવવાની મંજૂરી નહીં મળે. સરવાળે આખી પ્રજા પોતે જ સેલિબ્રિટી છે. પ્રજાના યુવાન-યુવતીઓ, વડીલો, વયસ્કો પોતે જ સેલિબ્રિટી છે. અલબત્, આ બધી હાલની કહેવાતી સેલિબ્રિટીઓ પણ પ્રજાનો એક ભાગ છે. એટલે તેમનો કોઈ અલગ ચોકો ન હોય, ફક્ત તેઓજ સેલિબ્રિટી નથી, સવાસો કરોડની પ્રજા સાવ નમાલી નથી, હવે આખો દેશ દુનિયાની સેલિબ્રિટી બને અને દુનિયા આખીને સેલિબ્રિટી બનવાનો સંદેશ આપવો.

ન્યૂઝ ચેનલો બ્રેકિંગ ન્યૂઝની બે લીટી પર પંદર મિનીટ બગાડે છે. એકની વાત એક વચમાં એકાદ શબ્દ કે વાક્ય

ઉમેરીને તે વારંવાર બતાવીને સમય વેડફે છે. મૂળ તો કહેવાતી સેલિબ્રિટીને લગતા કોઈપણ સ્ટેટમેન્ટ સમાચાર બનતા નથી અને બ્રેકિંગ ન્યૂઝ પણ બનતા નથી, બનવા જોઈએ પણ નહીં. આ પેલો, પેલી, પેલાં જુદા-જુદા પ્રકારની સેલિબ્રિટી સાથે જોડાયેલા હોય છે. અને એક બીજાના વખાણ કરીને, એકબીજાના સારા અને નરસા પ્રસંગને કે મૃત્યુને પણ ન્યૂઝ બનાવી આડકતરી રીતે પ્રતિષ્ઠા મેળવતાં હોય છે. વર્તમાનપત્રો કે ન્યૂઝ ચેનલો ઉપર કોઈપણ પ્રકારના આવા માણસના કે એના કુટુંબ સાથેના સંકળાયેલા બનાવો કહી ન્યૂઝ બનતા નથી કે બનવા દેવાય નહીં તે જ રીતે લોકતંત્રમાં લોકો પોતે જ રાજ કરતા હોય છે તેમના નોકરો માત્ર પગારદાર વહીવટકર્તા છે. તેઓએ ક્યાંય ફોટા છપાવવા જોઈએ નહીં.

કુદરતી આફતો કે મોટા અકસ્માતો સમયે વહીવટકર્તાઓએ જવાબદાર વ્યક્તિ તરીકે ત્યાં તાત્કાલીક પહોંચવું જોઈએ એ તેની ફરજ છે કારણ કે હાજરીથી ત્વરિત નિર્ણયો લઈ બચાવના પગલાં લઈ શકાય, પરંતુ ફોટા પાડી પ્રચાર નહીં કરવા દેવાય કમાન્ડો વગેરેને લઈને કોઈપણ વહીવટદારે વી.વી.આઈ.પી. બનવું ન જોઈએ. એ રીતે કોઈની ખબર લેવા હોસ્પિટલમાં દોડવાનું નથી કે કુદરતી આફતો સમયે વિમાને ચઢીને જોવા દોડવાનું નથી આમાં કંટ્રોલ જરૂરી બને છે.

ફલાણો અભિનેતા કે ક્રિકેટર માંદો પડ્યો છે તેની તબિયત ગંભીર છે. ડોક્ટરો કલાકે-કલાકે એની તબીયતનું બુલેટિન બહાર પાડે છે. અભિનેતાઓ ટ્વિટર ઉપર દુઆ કરે છે. સમગ્ર દેશ ચિંતા કરે છે ન્યૂઝ ચેનલોના કોમેન્ટેટરો રાત-દિવસ મોટા અવાજે બરાડા પાડે છે. ત્રણ ત્રણ-ચાર ચાર દિવસ ટી.વી. ગજવે છે. પેલા માટે દુઆ કરો, પેલા માટે લોકો ચિંતા કરે છે. હોસ્પિટલમાં ખબર લેનારાઓની કતારો લાગે છે. પેલાને માટે પ્રાર્થના કરો. આવા સમાચારો પાછળ ચેનલો કલાકો અને દિવસો સુધી પોતાનો સમય વેડફે છે. જુઓ તો ખરા, મીડિયા કહે છે કે દેશના ૧૨૫ કરોડ લોકો પૂરા એકસો પચ્ચીસ કરોડો લોકો દુવા કરે છે પ્રાર્થના કરે છે !

આમાં કોઈપણ મીડિયા એ ન્યૂઝ ચેનલો એ આવી રીતે લોકોને અવળે રસ્તે વાળવા ન જોઈએ. સામાન્ય માણસો જેવી રીતે જીવે છે ને મરે છે તેમજ સૌ જીવે છે ને મરે છે એમાં અમુક અમુકના આવા ગાન ગાવા ન હોય ટૂંકમાં મીડિયાએ ‘ચોથી જાગીર’ બની રહેવું - મીડિયા કોપરેટ જગત થયું એટલે મીડિયાએ એમના બનાવેલા નિયમોનું પાલન કરવું પડશે. સંચાર માધ્યમો ધ્વારા સામાજિક સુધારણા વિશાળ દ્રષ્ટિનો વિકાસ પ્રાદેશિક અને રાષ્ટ્રીય સંસ્કૃતિનો વિકાસ, રાષ્ટ્રવાદનો વિકાસ, રાષ્ટ્રીય એકતા, શાંતિ માટે મહત્ત્વનું સાધન બની ઉત્તમ પ્રકારની સેવાઓ પુરી પાડે છે.

સંદર્ભ - ગુજરાતી પત્રકારાત્વનો ઈતિહાસ -
“પત્રકારાત્વ - સિધ્ધાંત અને અધ્યયન”

---

**સારા પુત્ર કે પુત્રી બનવા માટે શું કરવું જોઈએ ?**

પાસે રહે, આપણી કાયમી મૂળી બની રહે, તેવો સતત પ્રયત્ન કરતાં રહેવું જોઈએ. અને છેલ્લે

૫. કોઈ કારણસર એટલે કે પોતાની ભૂલથી કે બીજાએ પોતાના તરફ કરેલા છલ કે કપટથી પોતાની પાસે રહેલી સમ્પતિ નાશ પામતી હોય, નુકસાન વેઠવાનો અવસર આવી પડ્યો હોય, તો પણ વિચલિત થવું જોઈએ નહીં. પરન્તુ ધૈર્ય રાખીને વિપત્તિનો સામનો કરવો જોઈએ.

જો આપણે આ પાંચ કાર્યો કરી રહ્યા હોઈએ, તો સમજવું જોઈએ કે આપણે સારા પુત્ર છીએ. પણ જો આ પાંચ કાર્યો કરતા ન હોઈએ, તો સમજવું જોઈએ આપણે સારા પુત્ર નથી. ટૂંકમાં સારા પુત્ર બનવા માટે ઉપર મુજબના પાંચ કાર્યો કરવા જોઈએ.

આપણે સહુ શાળાના બધા જ વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપર મુજબનાં કામો કરતા રહીએ સારા પુત્ર-પુત્રી બની શકીએ, એ માટે ગુરુજનોના આપણને સહુને આશીર્વાદ પ્રાપ્ત થાય, એ જ શુભકામના.

# શાળાના બાળકોને અને દરેકને ઉપયોગી સલામતીની પ્રાથમિક જાણકારી

**જીતુભાઈ નાયક**
એ-૩૪, બાલાજી રેસિડેન્સી,
સુજાતપુરા રોડ, કડી-૩૮૪૪૪૦.
શિક્ષક, સર્વ વિદ્યાલય, કડી. મો.: ૯૨૨૮૭૦૫૭૯૬



**કુદરતી આપત્તિ અને શાળાના બાળકો......**

આપત્તિ બે પ્રકારની હોય છે. એક તો કુદરતી અને બીજી માનવ સર્જિત. એક વાત ખાસ નોંધવા જેવી છે કે જેટલું નુકશાન કુદરતી આપત્તિમાં થતું નથી તેના કરતાં વધારે નુકશાન ક્યારેક-ક્યારેક માનવ સર્જિત આપત્તિ કે અફવાથી થતું હોય છે. કુદરતી આપત્તિ એ ઓચિંતી અને અણધારી આવતી ઘટના છે. માટે તેવા સમયે જો ધીરજ અને યોગ્ય વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવામાં આવે તો બીજી વધારાની જાન-હાની ટાળી શકાય છે. ઘણી વખત આપણને સાંભળવામાં આવે છે કે માત્ર ને માત્ર અફવાને કારણે અનેક માણસોએ જાન ગુમાવ્યા છે. આવા સમયે શાળાના બાળકોને ખાસ કરીને કોઈપણ પ્રકારની આપત્તિ સમયે કેવો વ્યવહાર કરવો તે સમજાવવાની જવાબદારી શાળા પરિવારની બની જતી હોય છે. કોઈપણ હોનારત સમયે બાળકોએ કેવા-કેવા પ્રકારે કાળજી લેવી જોઈએ તે સમયાંતરે શિક્ષકોએ તાલીમ આપવી જરૂરી બની જાય છે. બાળક એ બાળક છે ત્યારે આપણે અજાણ બની બાળક ન બનાય. કોઈ મોટી દુર્ઘટના ઘટી ગયા પછી આખી જિંદગી પશ્ચાતાપ સિવાય કોઈ વિકલ્પ બાકી રહેતો નથી. શાળાનું દરેકે-દરેક બાળક મારું જ બાળક છે તેમ માનીને બાળકોને આપત્તિ સામે રક્ષણ મેળવવાની તાલીમ અને માર્ગદર્શન આપવું જોઈએ.

કુદરતી આપત્તિઓમાં ભૂકંપ, વાવાઝોડું, આગ લાગવી, પૂર આવવું, વીજળી પડવી, ઝાડ પડવું, ઈમારત પડવી વગેરે ઘટનાઓનો સમાવેશ થાય છે. જ્યારે શોટ સર્કિટ, ધક્કા-મુક્કી, મારા-મારી અને અફવાઓ માનવ સર્જિત આપત્તિઓ છે. આ બન્ને આપત્તિઓ દરમિયાન બાળકોએ કેવી-કેવી બાબતોનું ધ્યાન રાખવું જોઈએ તે સમજીએ......

● કોઈપણ આપત્તિ સમયે બૂમાબૂમ કે અફવાઓ અને દોડાદોડી ન કરવી જોઈએ.● થોડી ધીરજ અને વિવેક બુદ્ધિનો ઉપયોગ કરીને નિર્ણય લેવો જોઈએ.● શાળાના શિક્ષકોનું તરત જ ધ્યાન દોરવું જોઈએ.● ઈમરજન્સી સેવાના નંબર બાળકોને ગોખાવી નાંખવા જોઈએ.● પોલીસ વિભાગનો નંબર બાળકોને જણાવી દેવો જોઈએ.● ચોમાસાનાં સમયે કે ભીના હાથે વીજ પ્રવાહના સાધનોને અડકવું નહિ.● વીજળીનાં થાંભલાની નજીકથી પસાર થવું નહિ.● ગટરનાં ઢાંકણા કંઈ જગ્યાએ આવેલા છે તેનું ધ્યાન રાખવું.● ઈજાગ્રસ્ત બાળક કે અન્ય વ્યક્તિને જરૂરી મદદ કરવી જોઈએ.● વાવાઝોડાના સમયે ખુલ્લામાં બહાર ન નીકળવું.● ઝાડ નીચે કે વીજળીનાં થાંભલા પાસે ઊભા ન રહેવું.● પતળાવાળા ઘરો કે જગ્યાએથી દૂર જતા રહેવું.● ઘરની અંદર રહીને દરવાજા અને બારી બારણા બંધ કરી દેવા.● પૂર વખતે અજાણી જગ્યાએ કે પાણી વાળા ભાગે ન જવું.● બને ત્યાં સુધી ઊંચાઈ વાળા ભાગ પસંદ કરવા.● પીવાના પાણીની બોટલ અને થોડો નાસ્તો પાસે રાખવો.● પાણીમાંથી તરીને બહાર નીકળી શકાય તેવા સાધનો હાથવગા રાખવા.● પ્લાસ્ટીકની બોટલો, તેલના ખાલી ડબ્બા, હવા ભરેલી ટાયર ટ્યૂબ વગેરેનો ઉપયોગ શીખી લેવો જોઈએ.● વીજળી પડવાના સમયે મોટા ભાગે

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# સારા પુત્ર કે પુત્રી બનવા માટે શું કરવું જોઈએ ?

ડૉ. કમલેશકુમાર છ. ચોકસી
પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃતવિભાગ, ભાષાસાહિત્યભવન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ - ૩૮૦૦૦૯ (ગુજરાત)
મો. ૦૯૮૨૫૪૭૮૮૭૬ ● Email : kamleshc24@yahoo.co.in

સર્વ પ્રથમ તો એ જાણી લેવું જોઈએ કે સારા પુત્રનો મતલબ શો છે. જ્યાં સુધી આપણને સારા પુત્રનો મતલબ ખબર ન હોય, ત્યાં સુધી સારા પુત્ર થઈ શકાય નહીં. વિદ્વાનોએ સારા પુત્રની પરિકલ્પના કરતા જણાવ્યું છે કે -

पात्रं न तापयति नैव मलं प्रसूते
स्नेहं न संहरति नैव गुणान् क्षिणोति ।
द्रव्यावसानसमये ालतां न धते
सत्पुत्र एष कुलसद्मनि कौडपि दीपः ॥

આ શ્લોકમાં દીપકના સથવારે સત્પુત્રનો આકાર દોરવામાં આવ્યો છે. અહીં પાંચ બાબતોનો નિર્દેશ કરીને સત્પુત્રને નીતિકીરે સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમ કે -

૧. દીપક જેમ પોતાના પાત્રને તપાવતો નથી, તેમ સત્પુત્ર પોતાના માતા-પિતાને તપાવતો નથી. એટલે કે ખોટાં કામો કરીને પોતાના માતા-પિતાને દુઃખ આપીને મનમાં તાપ ઉભો કરતો નથી.

૨. દીપક જેમ મળને એટલે કે પ્રદૂષિત કચરાને જન્મ આપતો નથી, (પ્રદૂષણ ફેલાવતો નથી,) તેમ સત્પુત્ર પણ પોતાના વર્તનથી ઘર-પરિવારમાં કે સમાજમાં દૂષણ ફેલાવતો નથી.

૩. દીપક જેમ પોતાની અંદર રહેલા સ્નેહ એટલે કે તેલનો સંહાર કરતો નથી, એટલે કે પોતાને મળેલા સ્નેહ-તેલનો દુરુપયોગ કરતો નથી, તેમ સત્પુત્ર પોતાના માતા-પિતાએ આપેલા સ્નેહ-પ્રેમ-મમતાનો દુરુપયોગ કરતો નથી. પરન્તુ માતા-પિતાએ આપેલા સ્નેહનો સદા સદુપયોગ કરતો રહે છે.

૪. દીપક જેમ પોતાના ગુણોને ક્ષીણ થવા દેતો નથી, એટલે કે પોતાના ગુણોને હંમેશા સાચવી રાખે છે, તેમ સત્પુત્ર પણ માતા-પિતા-ગુરુજનો તરફથી પ્રાપ્ત કરેલા પોતાના ગુણોને કોઈ લોભ કે લાલચને વશ થઈને ક્ષીણ થવા દેતો નથી.

૫. દીપક જેમ પોતાની અંદર રહેલા દ્રવ્ય એટલે કે તેલ વગેરે રૂપ સમ્પત્તિના અવસાન એટલે કે સમાપ્તિના અવસરે કોઈ પ્રકારે વિચલિત થતો નથી, તેમ સત્પુત્ર પણ પ્રભુની કૃપા, માતા-પિતા-ગુરુજનોની કૃપા તથા પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરેલાં ધન અને ઐશ્વર્યનો કોઈક કારણથી નાશ થતો હોય, તો પણ વિચલિત થતો નથી.

આમ ઉપર જણાવેલી પાંચ બાબતો જેમાં હોય, તેને નીતિકારો-વિદ્વાનો સત્પુત્ર સમજે છે.

આપણે પણ જો સત્પુત્ર એટલે કે સારા પુત્ર થવા ઈચ્છતા હોઈએ, તો આપણે પણ ઉપર્યુક્ત પાંચ બાબતોને આપણા જીવનમાં સ્થાન આપવું જોઈએ. એટલે કે સારા પુત્ર થવા માટે દરેક બાળકે -

૧. માતા-પિતા-ગુરુજનોને તાપ થાય, દુઃખ થાય તેવું કોઈ કામ ક્યારેય ન કરવું જોઈએ.

૨. દરેક બાળકે પોતાના વ્યવહારથી ઘર-પરિવારમાં કે સમાજમાં કોઈ દૂષણ ઉભું ન થાય, તેનો સતત ખ્યાલ રાખવો જોઈએ.

૩. સન્તાન તરીકે માતા-પિતા અને ગુરુજન આપણને જે પ્રેમ અને મમતા આપે છે, તેનો કોઈ પણ સંયોગોમાં દુરુપયોગ કરવો જોઈએ નહીં.

૪. એવી જ રીતે માતા-પિતા અને ગુરુજનો પાસેથી આપણને જે ગુણોની પ્રાપ્તિ થાય છે, તે ગુણોને કોઈની ચઢવણીથી કે કોઈના દ્વારા અપાતા લોભ કે લાલચથી દૂર થવા દેવા જોઈએ નહીં. પરન્તુ આવા ગુણો હંમેશા આપણી

(અનુસંધાન પૃષ્ઠ ૩૮ ઉપર)

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**● ધોરણ - ૧૨ સુધી હવે ડીઈઓ વિદ્યાર્થીના એલ.સી.માં કોઈપણ ભૂલ સુધારી શકશે :** ધોરણ ૯ થી ૧૨નું સળંગ એકમ થયા બાદ પણ હાલ ધોરણ-૧૦ની પરીક્ષા બાદ જો કોઈ વિદ્યાર્થીના એલ.સી.માં સુધારો કરવો હોય તો ડીઈઓ કરતા ન હતા. પરંતુ હવે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ પરિપત્ર દ્વારા સ્પષ્ટતા કરી છે કે ધોરણ-૧૨ સુધી ડીઈઓ સુધારો કરી શકશે.

ધોરણ-૧૦ની મુખ્ય જાહેર બોર્ડ પરીક્ષા પૂરી થયા બાદ શાળા જે તે વિદ્યાર્થીને એલસી આપી દે છે. એટલે કે નિયમ પ્રમાણે વિદ્યાર્થીએ તે શાળા છોડી ગણાય છે. જેથી ધો.૧૦ બાદ ધો.૧૧માં કે ધો.૧૨માં ભણતાં વિદ્યાર્થીને જો કોઈ સુધારો કરવો હોય તો સુધારો થતો ન હતો અને જેના લીધે મેજિસ્ટ્રેટ પાસે જવું પડતું હતું. પરંતુ હવે ધો.૯ થી ૧૨માં અભ્યાસ ચાલુ હોય તેવા કિસ્સામાં એલસી એટલે કે શાળા છોડ્યાના પ્રમાણપત્રની નોંધમાં ફેરફાર કરવાની સત્તા જિલ્લા શિક્ષણાધિકારી એટલે કે ડીઈઓને આપવામાં આવી છે.

પરંતુ જો વિદ્યાર્થીએ અધવચ્ચેથી ભણવાનું છોડી દીધું હોય કે શાળાનો અભ્યાસ પૂરો કરી દીધો હોય તો આવા કિસ્સામાં ડીઈઓ સુધારો કરી શકશે નહિ.

**● ધોરણ - ૫ અને ધોરણ - ૮માં નાપાસ વિદ્યાર્થીને બીજી તક મળશે :** કેન્દ્ર સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગતનો ડિટેન્શન પોલિસીને લઈને સુધારો કર્યા બાદ ગુજરાત સરકારે પણ પ્રાથમિક શિક્ષણમાં તેના નિયમોમાં સુધારો કરતો ઠરાવ કર્યો છે. જે મુજબ ધોરણ-૫ અને ધોરણ-૮માં વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયા બાદ વિદ્યાર્થીને ફરી એક તક અપાશે અને બે મહિના પછી તેની ફરીથી પરીક્ષા લેવામાં આવશે. જો તેમાં પણ તે નાપાસ થાય તો તેને નાપાસ જ ગણવામાં આવશે. અને તે વિદ્યાર્થી આગળના ધોરણમાં જઈ શકશે નહિ.

સરકારી અને ખાનગી શાળાના નાપાસ થયેલા વિદ્યાર્થીઓની GCERT દ્વારા પરીક્ષા લેવાશે. આ સુધારાનો અમલ ફરજિયાત કરવાનો રહેશે.

**નવી માધ્યમિક શાળા માટે માલિકીનું મેદાન હવે ફરજિયાત નહીં, ભાડાનું પણ ચાલશે :** ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગયા વર્ષે ૨૦૧૮માં નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે શાળા પાસે માલિકીનું મેદાન ફરજિયાત હોવાની જોગવાઈ કરી હતી. પરંતુ શિક્ષણ વિભાગે એ નિયમમાં સુધારો કર્યો છે. જે મુજબ હવે અગાઉની જેમ ભાડાના મકાન અને મેદાનમાં પણ શાળા શરૂ કરી શકાશે. નવી માધ્યમિક શાળા માટે હવે માલિકીનું મકાન અને મેદાન હોવું જરૂરી નથી.

રમતના મેદાન માટે મિનિમમ ૮૦૦ ચોરસ મીટર ખુલ્લી જગ્યા રાખવાની રહેશે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં રમતના મેદાન માટે ૧૫૦૦ ચોરસ મીટર ખુલ્લી જમીન રાખવાની રહેશે.

**ધોરણ - ૧૦-૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ, માઈગ્રેશન, માર્કશીટ વેરિફિકેશન ફીમાં વધારો કરાયો :** ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિની બેઠકમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની ડુપ્લિકેટ માર્કશીટ તેમજ વેરિફિકેશન અને માઈગ્રેશન સહિતની ફીમાં વધારો

કરવાનો સુર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો છે. આ ફી વધારો ૧લી નવેમ્બર ૨૦૧૯થી લાગુ થશે.

શિક્ષણ બોર્ડની કારોબારીમાં થયેલ ઠરાવ મુજબ ડુપ્લિકેટ માર્કશીટ કઢાવવાની ફી રૂ.૫૦ થી વધારી ૧૦૦રૂા. કરાઈ છે. જ્યારે માઈગ્રેશન સર્ટિફિકેટની ફી ૧૦૦ થી વધારી ૨૦૦ રૂપિયા, તેમજ માર્કશીટ વેરિફિકેશનની ફી ૧૦૦ થી વધારી ૨૦૦ રૂપિયા, માર્કશીટ પાછળ સહી-સિક્કા કરાવવાના એટલે કે એટેસ્ટેડ કોપીની ફી ૧૦૦ થી વધારી ૨૦૦ રૂપિયા અને સમકક્ષતા પ્રમાણપત્ર કઢાવવાના ૨૦૦ રૂપિયાથી વધારી ૩૦૦ રૂપિયા ફી કરવામાં આવી છે.

જ્યારે પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર કઢાવવાની ફી જે અગાઉ ૫૦૦ રૂપિયા હતી તે ૫૦૦ જ રાખવામાં આવી છે. જ્યારે વિદેશ જતા વિદ્યાર્થીઓને સીલકવર માટેની ફી જે ૪૦૦ હતી તે ૪૦૦ રૂપિયા જ રાખવામાં આવી છે. ધોરણ ૧૦ અને ધો. ૧૨ની માર્કશીમાં નામમાં સુધારો કરવાની ફી લેવાતી ન હતી પરંતુ હવેથી ૧૦૦ રૂપિયા ફી લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ નવી ફી પહેલી નવેમ્બરથી લાગુ થશે.

**ટૂંકાવીને :**

- યુનિવર્સિટીના તમામ ભવનો, કાર્યાલય સાથે શૈક્ષણિક કાર્ય પણ હવે બીજા અને ચોથા શનિવારે બંધ રહેશે.
- મહિલાઓની સુરક્ષા માટે ગુજરાતમાં આધુનિક ટેકનોલોજીથી સજ્જ ૧૦૦ નિર્ભયાવાન મૂકાશે. નિર્ભયાવાનનાં લગાડેલા સીસીટીવી કેમેરાથી ઘટનાનું લાઈવ રેકોર્ડિંગ કરવું શક્ય બનશે.


---

## શાળાના બાળકોને અને દરેકને ઉપયોગી સલામતીની પ્રાથમિક જાણકારી


મકાનની અંદર જ રહેવું હિતાવહ છે.● ઝાડ નીચે કે ખુલ્લા મેદાનમાં ઊભા ન રહેવું જોઈએ.● ઈલેક્ટ્રીક સાધનોનો ઉપયોગ બંધ કરી દેવો જોઈએ.● ભૂકંપ સમયે ઘરની બહાર નીકળી આવવું જોઈએ.● ખુલ્લા મેદાન કે ખુલ્લી જગ્યામાં ઊભા રહેવું જોઈએ.● મોટી ઈમારત કે બહુમારી મકાનોથી દૂર રહેવું જોઈએ.● મોટા વૃક્ષ નીચે આશરો ન લેવો.● વીજ તાર કે વીજ થાંભલાથી દૂર રહેવું જોઈએ.● ઘરમાં હો ત્યારે કોઈ એક ખૂણામાં કે ખાટલા નીચે જતા રહેવું જોઈએ.● ઘરમાં હેલ્મેટ હોય તો માથે પહેરી લેવું જોઈએ.● માથાનું રક્ષણ થાય તેવું ઉપકરણ ધારણ કરી લેવું જોઈએ.● વડીલો અને નાના બાળકોને ઘરની બાહર કાઢવામાં મદદ કરવી જોઈએ.● આગની ઘટનાઓ બને ત્યારે બહાર નીકળવાના રસ્તાઓની જાણ હોવી જોઈએ.● આગ ઓલવવાના સાધનોનો ઉપયોગ શીખી લેવો જોઈએ.● આગ ઓલવી શકે તેવા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ.● વધારે પડતો ધુમાડો થયો હોય ત્યારે ઘુંઘરામણના સમયે ભીના કપડાં કરીને નાક અને મોં આગળ રાખવા જોઈએ.● રૂમની અંદર ધુમાડો આવતો હોય તો જે જગ્યાએથી ધુમાડો આવતો હોય ત્યાં ભીના કપડાં મૂકી પેક કરી દેવું.

આ ઉપરાંત દરેક બાળકોને જાણ કરી દેવી જોઈએ કે કોઈપણ પ્રકારની આપત્તિના સમયે ૧૧૨ નંબર ડાયલ કરવાથી ગમે - તેવા પ્રકારની સુવિધા આપણા સુધી પહોંચી શકે છે. દરેક વર્ગ અને લોબીના નોટીસ બોર્ડ પર પણ ઈમરજન્સી સેવાના નંબર અને સાવચેતીના પગલાની જાણકારી લગાડેલી હોવી જોઈએ. દરેક સત્રના પ્રારંભે એકાદ કાર્યક્રમ સમૂહમાં રાખવો જોઈએ. નગરપાલિકાના સહયોગ થકી પ્રેક્ટીકલ મોક્ડ્રીલ કાર્યક્રમનું આયોજન પણ કરાવી શકાય. શિક્ષણની સાથે-સાથે સુરક્ષાના પાઠ ભણાવવા એ પણ દરેક શિક્ષકોનું કર્તવ્ય બની રહે છે. આ ઉપરાંત દરેક ગુરુજન પોતાની આંતરીક સૂઝ-બૂઝના આધારે માર્ગદર્શન અને આયોજન કરાવી શકે છે.


# પ્રકાશન વિભાગ




### શિક્ષણપ્રયોગ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૨૨૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




### ડોલ્ટન યોજના
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૭૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



### વિરલ વિદ્યાપુરુષ
**ડો. મોહનભાઈ પંચાલ**
**કિંમત : ૧૦૦/-**
પ્રકાશક : હરભાઈ સ્મારક નિધિ




### શિક્ષણ વિચાર
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




### જીવનલક્ષી શિક્ષણ
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર



### કોઈએ નહોતું કીધું
**હરભાઈ ત્રિવેદી**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સંસ્કાર સાહિત્ય મંદિર




### સ્મરણયાત્રા
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



### સપનાં થયાં સાકાર
**હરિત પંડ્યા**
**કિંમત : ૧૨૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



### સ્મૃતિ સુમન
**કિંમત : ૬૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



### કાળી વાદળી ઉજળી કોર
**જશીબેન નાયક**
**કિંમત : ૧૬/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



### સ્મૃતિના અસવાર
**જશીબેન નાયક**
**કિંમત : ૪૫/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ
વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય



### LIGHT IN THE EAST
**FREDA WHITLAM**
**Price : 40/-**
Publisher :
Saraswati Vidya Mandal



### સંભારણાં
**કિંમત : ૧૭૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ



### સ્મૃતિ ઝરણાં
**કિંમત : ૧૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ



### સ્મરણ પુષ્પ
**કિંમત : ૯૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ



### સરદાર ગાથા
**કિંમત : ૫૦/-**
પ્રકાશક : સરસ્વતી વિદ્યામંડળ

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ: રૂ. ૧૫૦/-

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

સરસ્વતી વિદ્યામંડળ સંચાલિત શાળાઓમાં
અભ્યાસ કરી ગયેલ પૂર્વ સારસ્વતોનું સંગઠન

SARASWATI NAGARIK SAMAJ AHMEDABAD

શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય • જે. એન. બાલિકા વિદ્યાલય • અસારવા વિદ્યાલય
સરસ્વતી કુમારશાળા નં.૧ • સરસ્વતી કુમારશાળા નં.૨ • હિંમાશુ બાલમંદિર • બાલભારતી

# સરસ્વતી નાગરીક સમાજ

# ૭૫મી ગોઠડી

ભાવભર્યુ આમંત્રણ

ફક્ત પૂર્વ વિદ્યાર્થીઓ (સારસ્વતો)

સરસ્વતી વિદ્યામંડળ - અમૃતપર્વની શિક્ષણયાત્રામાં
સારસ્વતોનું ૭૫મું ભવ્ય સ્નેહમિલન
આ અવસરને યાદગાર - અવિસ્મરણીય બનાવીએ.

હસતાં મળીએ, હસતાં રહીએ...
ડૉ. જગદીશ ત્રિવેદી (આંતરરાષ્ટ્રીય હાસ્યકલાકાર)

૨૪, નવેમ્બર ૨૦૧૯, રવિવાર સાંજે ૪.૦૦ કલાકે
સરદાર પટેલ સ્મારક ભવન હોલ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

સંપર્ક : સરસ્વતી વિદ્યામંડળ ● ૦૭૯-૨૨૯૨૦૫૩૭ / ૨૨૯૨૫૫૭૦ (સવારે ૮ થી ૧૧)

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.